અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

21 JANUARY-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 200 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  આસિમ મુનીર બોલ્યા-પાકિસ્તાન બનવાનો હેતુ પૂરો થશે: ઈસ્લામી દેશો વચ્ચે તેનો ખાસ દરજ્જો....

4  વસો તાલુકાની પ્રાથમિક શાળા દંતાલી ખાતે રોડ સેફ્ટી માસ અંતર્ગત ચિત્રસ્પર્ધા યોજાઈ

6  સ્મૃતિ મંધાનાને રમતી જોવા બેંગ્લોર-MPથી ફેન્સનો વડોદરામાં જમાવડો

7  ચાંદી ₹10,888 વધીને ₹3.05 લાખની ઓલટાઇમ હાઇ પર: 20 દિવસમાં કિંમત ₹74 હજાર વધી, સોનું ₹2,429.....

# હું ભાજપનો કાર્યકર્તા ને નીતિનજી મારા બોસ : PM મોદી

## નીતિન નબીનની પીઠ થપથપાવી, હાથ પકડીને BJP અધ્યક્ષની ખુરશી પર બેસાડ્યા, દીકરીને ખોળામાં લઈને રમાડી

**નવી દિલ્હી, તા.20**

આજથી ભારતીય જનતા પાર્ટીમાં નીતિન નબીન યુગની શરુઆત થઈ છે. નીતિન નબીન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ભાજપ હેડક્વાર્ટર ખાતે તેમના નામની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ હેડક્વાર્ટર ખાતે પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. PM નરેન્દ્ર મોદી ભાજપ હેટક્વાર્ટર સંબોધન કરતાં કહ્યું, ભાજપે શૂન્યથી લઈને શિખર સુધીની યાત્રા જોઈ છે.





આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું હતું કે ભાજપના એક સંસ્કાર છે, એક પરિવાર છે અને સભ્યપદ કરતાં સંબંધો વધુ મહત્ત્વપૂર્ણ છે. ભાજપ એક પરંપરા છે, જે પદથી નહીં, પરંતુ પ્રક્રિયાથી ચાલે છે. આપણી પાસે એક કાર્ય વ્યવસ્થા છે, જીવનભરની જવાબદારી. અહીં અધ્યક્ષ બદલાય છે, પણ આદર્શ બદલાતા નથી. નેતૃત્વ બદલાય છે, પણ દિશા બદલાતી નથી.

મોદીએ કહ્યું, 'ભાજપ એક એવી પાર્ટી છે, જ્યાં લોકો વિચારી શકે છે કે મોદીજી આટલી નાની ઉંમરે મુખ્યમંત્રી કેમ બન્યા? તેઓ સરકારના વડા બન્યા. સૌથી ઉપર, હું ભાજપનો કાર્યકર છું.' પણ હું માનું છું કે નીતિન જી મારા બોસ છે, હું એક કાર્યકર છું. મોદીએ સંબોધન કરતાં ગુજરાતના ધંધૂકાને યાદ કર્યું હતું. તેમણે કહ્યું કે દીકરીને બંદૂકે આપો, પણ ધંધૂકે ન આપો, 'નલ સે જલ' યોજનાથી આ કહેવત ભૂતકાળ બનાવી દીધી.

પીએમ મોદીએ કહ્યું હતું કે ભાજપ એક એવી પાર્ટી છે, જ્યાં લોકોને લાગશે કે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન છે, ત્રીજી વખત પીએમ બન્યા છે, 50 વર્ષની નાની ઉંમરે મુખ્યમંત્રી બન્યા છે. તેઓ 25 વર્ષથી સરકારના વડા છે. એ બધું તેની જગ્યાએ છે, પરંતુ મારા માટે સૌથી મહત્ત્વની વાત એ છે કે હું ભાજપનો કાર્યકર છું. જ્યારે પાર્ટીની બાબતોની વાત આવે છે, માનનીય નીતિન નબીનજી, હું એક કાર્યકર છું અને તેઓ મારા બોસ છે.

નબીન દિલ્હીમાં ભગવાન વાલ્મીકિ મંદિર, ગુરુદ્વારા બંગલા સાહિબ અને ઝંડેવાલન મંદિર ગયા અને માથું ટેકવ્યું. 45 વર્ષના નબીન પાર્ટીના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ બની ગયા છે. તેમની પહેલાં અમિત શાહ 49 વર્ષની ઉંમરે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. ભાજપના નબીને પાર્ટીના 12મા રાષ્ટ્રીય અધ્યક્ષનો કાર્યભાર સંભાળ્યો.

# યુપીમાં વરસાદ થયો, કરા પડ્યા, જયપુરમાં વાવાઝોડું

## બિહારમાં ધુમ્મસને કારણે વિઝિબિલિટી 50 મીટર, ઉત્તરાખંડમાં તાપમાન માઈનસ 21°C રહ્યું

**નવી દિલ્હી, તા.20**

ઉત્તર પ્રદેશના 5 શહેરોમાં સોમવારે સવારે વરસાદ થયો. અલીગઢ અને લખીમપુરમાં રવિવારે મોડી રાત્રે કરા પડ્યા. જ્યારે, જયપુરમાં સોમવારે બપોર પછી વાદળો છવાઈ ગયા અને કેટલાક વિસ્તારોમાં વાવાઝોડું આવ્યું. હવામાન વિભાગે 22 જાન્યુઆરીએ 6 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે.





બિહારના સમસ્તીપુર-બેગુસરાયમાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું. આ કારણે વિઝિબિલિટી 50 મીટર રહી. હવામાન વિભાગે જણાવ્યું કે લઘુત્તમ તાપમાન 1 થી 2 ડિગ્રી સુધી ઘટી શકે છે. આ કારણે સવાર-સાંજ તીવ્ર ઠંડી લાગશે.

ઉત્તરાખંડના પિથોરાગઢ, ચમોલી, ઉત્તરકાશી અને રુદ્રપ્રયાગ જિલ્લાના ઊંચાઈવાળા વિસ્તારોમાં નદીઓ, નાળાં અને ઝરણાં થીજી ગયાં છે. પિથોરાગઢના આદિ કૈલાશ અને રુદ્રપ્રયાગના કેદારનાથમાં લઘુત્તમ તાપમાન -21 ડિગ્રી રહ્યું. પંજાબ અને ચંદીગઢમાં હવામાન બદલાવાનું છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહાડો પર પહોંચી ગયું છે, જ્યારે બે તેની પાછળ આવી રહ્યા છે. આ કારણે આજે અને કાલે ગાઢ ધુમ્મસનું એલર્ટ છે. જ્યારે, ગુરુવારથી વરસાદ, તેજ પવનો અને વીજળી ચમકવાની સંભાવના છે. પહાડો પર થઈ રહેલી બરફવર્ષાના કારણે રાજ્યમાં ઠંડી વધવાની સંભાવના છે. હવામાન વિભાગ મુજબ, પટના, બેગુસરાય સહિત 9 જિલ્લામાં ધુમ્મસ રહેશે. હાલમાં 7 જિલ્લાનું તાપમાન 8 ડિગ્રીથી ઓછું છે. 6.2 ડિગ્રી સેલ્સિયસ સાથે ભાગલપુરનું સબૌર સૌથી ઠંડું રહ્યું.

# આસામમાં ટોળાએ ઘરો-પોલીસ ચોકીમાં આગ ચાંપી: કોકરાઝારમાં ઈન્ટરનેટ બંધ, મોડી રાત્રે મોબ લિંચિંગમાં એક યુવકનું મોત થયું હતું

**કોકરાઝાર, તા.20**

આસામના કોકરાઝારમાં બોડો સમુદાય અને આદિવાસીઓ વચ્ચે અથડામણ થઈ. ત્યારબાદ બંને સમુદાયોએ ઘરો અને કરિગાંવ પોલીસ ચોકીમાં આગ લગાડી દીધી. ટોળાએ ટાયરોમાં આગ લગાડીને કરિગાંવ પાસે નેશનલ હાઈવે જામ કરી દીધો. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતી જોઈને પ્રશાસને રેપિડ એક્શન ફોર્સ તૈનાત કરી દીધી છે. સાવચેતીના ભાગરૂપે, વિસ્તારમાં આગામી આદેશ સુધી ઈન્ટરનેટ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સોમવારે રાત્રે કરિગાંવ ચોકી પાસે માનસિંહ રોડ પર એક ગાડીએ આદિવાસી સમુદાયના બે લોકોને



ટક્કર મારી હતી. કારમાં બોડો સમુદાયના ત્રણ લોકો સવાર હતા. અકસ્માત બાદ કારમાં સવાર લોકોને આસપાસના આદિવાસી ગ્રામજનોએ માર માર્યો અને ગાડીમાં આગ લગાડી દીધી. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું. મોડી રાત્રે થયેલા ભીડના હુમલા બાદ ઘાયલોને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં સિખના જવહલાઓ બિસ્મિત ઉર્ફે રાજાએ સારવાર દરમિયાન દમ તોડી દીધો. તે ઠેકેદાર મોરાંડા બસુમતારીનો જમાઈ હતો, જેઓ વિસ્તારમાં ચાલી રહેલા રોડ નિર્માણ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા છે. આ હુમલામાં પ્રભાત બ્રહ્મા, જુબિરાજ બ્રહ્મા, સુનીલ મુર્મુ અને મહેશ મુર્મુ ગંભીર રીતે ઘાયલ થયા. ડોકટરોના મતે, પ્રભાત બ્રહ્માની હાલત નાજુક છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ, ફાયર અને ઈમરજન્સી સેવાઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી. જોકે, કોકરાઝાર અને આસપાસના વિસ્તારોમાં હજુ પણ તણાવનો માહોલ છે. પોલીસે કેટલાક લોકોને પૂછપરછ માટે અટકાયતમાં લીધા છે.

# અવિમુક્તેશ્વરાનંદે કહ્યું-સુપ્રીમ કોર્ટના ખભા પર બંદૂક ના મુકો

## તમે ક્યાં સુધી આ રીતે છટકી શકશો? વહીવટીતંત્રે તેમના શંકરાચાર્ય દરજ્જાના પુરાવા માંગ્યા હતા

**પ્રયાગરાજ, તા.20**

પ્રયાગરાજમાં પાલખી રોકવા મામલે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે માઘ મેળા પ્રશાસન પર પલટવાર કર્યો છે. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટના ખભા પર બંદૂક રાખીને પ્રશાસનથી જે ભૂલ થઈ છે, તેને આ લોકો છુપાવવા માગી રહ્યા છે. સુપ્રીમ કોર્ટનો ખોટો હવાલો આપીને આ લોકો ક્યાં સુધી બચી શકશે? ખુદ સરકારે મહાકુંભમાં એક પત્રિકા છાપી હતી, તેમાં મને શંકરાચાર્ય તરીકે નામ છાપવામાં આવ્યું હતું.

આ પહેલા ધરણા પર બેઠેલા શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને માઘ મેળા પ્રશાસને નોટિસ જારી કરી હતી. મેળા પ્રાધિકરણે તેમને 24 કલાકમાં એ સાબિત કરવા કહ્યું છે કે તેઓ જ અસલી શંકરાચાર્ય છે.

સોમવારે રાત્રે 12 વાગ્યે અનિલ કુમાર માઘ મેળામાં શંકરાચાર્યના શિબિરે પહોંચ્યા. તેમણે શંકરાચાર્યના શિષ્યોને નોટિસ લેવા કહ્યું. શિષ્યોએ નોટિસ લેવાની ના પાડી દીધી. કહ્યું- આટલી રાત્રે કોઈ નથી. સવારે આવજો. કાનૂનગો અનિલ કુમાર



મંગળવારે સવારે ફરી શંકરાચાર્ય શિબિરે પહોંચ્યા. ત્યાં ગેટ પર નોટિસ ચોંટાડી દીધી. નોટિસ મેળા પ્રાધીકરણના ઉપાધ્યક્ષ દ્વારા જારી કરવામાં આવી છે. અવિમુક્તેશ્વરાનંદે કહ્યું, હું છું જ્યોતિષપીઠના શંકરાચાર્ય આ પહેલાં સોમવારે પ્રેસ-કોન્ફરન્સ દરમિયાન શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કહ્યું- શંકરાચાર્ય તે હોય છે જેને બાકીની 3 પીઠ શંકરાચાર્ય કહે છે. 2 પીઠ અમને શંકરાચાર્ય કહે છે. ગયા માઘ મેળામાં અમને સાથે લઈને સ્નાન કરી ચૂક્યા છે. હવે તમને કયા પુરાવાની જરૂર છે.

શું આ પ્રશાસન નક્કી કરશે કે અમે શંકરાચાર્ય છીએ કે નહીં. ભારતના રાષ્ટ્રપતિને પણ એ અધિકાર નથી કે તેઓ નક્કી કરે કે કોણ શંકરાચાર્ય હશે. શંકરાચાર્યનો નિર્ણય શંકરાચાર્ય જ કરશે. પુરીના શંકરાચાર્યે અમારા વિશે કંઈ કહ્યું નથી. તેઓ મૌન છે. અમે નિર્વિવાદપણે જ્યોતિષપીઠના શંકરાચાર્ય છીએ. જો કોઈ કહે છે કે હું જ્યોતિષપીઠનો શંકરાચાર્ય છું તો આવીને વાત કરે. અહીં, શંકરાચાર્ય અડગ છે, જ્યાં સુધી પ્રશાસન માફી નહીં માગે, ત્યાં સુધી તેઓ આશ્રમમાં પ્રવેશ નહીં કરે. તેમણે ગઈકાલે પ્રેસ-કોન્ફરન્સમાં કહ્યું હતું - દરેક મેળામાં પ્રયાગરાજ આવીશ, પરંતુ શિબિરમાં નહીં, ફૂટપાથ પર રહીશ.

# BMC મેયર પદ- શિવસેનાએ ફરી દાવેદારીના સંકેત આપ્યા: શિંદેએ કહ્યું કાર્યકરોની ઈચ્છા, બાળ ઠાકરેની જન્મશતાબ્દી પર શિવસૈનિક મેયર બને

**મુંબઈ, તા.20**

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ સોમવારે બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) મેયર પદ પર શિવસેનાની દાવેદારીના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે 23 જાન્યુઆરીથી શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના જન્મશતાબ્દી વર્ષની શરૂઆત થઈ રહી છે. શિવસૈનિકોની ઈચ્છા છે કે આ પ્રસંગે BMCમાં શિવસેનાનો મેયર હોવો જોઈએ.

જોકે, શિંદેએ એ પણ સ્પષ્ટ કર્યું કે શિવસેના એવો કોઈ નિર્ણય નહીં લે જે જનાદેશની વિરુદ્ધ હોય. તેમણે યાદ અપાવ્યું કે BMC ચૂંટણી શિવસેના અને ભાજપે ગઠબંધનમાં લડી હતી. જે નગર નિગમોમાં શિવસેના અને ભાજપે સાથે મળીને ચૂંટણી લડી છે, ત્યાં મહાયુતિનો જ મેયર બનશે.

મહારાષ્ટ્રમાં BMC સહિત 29 નગર નિગમોમાં 15 જાન્યુઆરીએ ચૂંટણી થઈ હતી અને 16 જાન્યુઆરીએ પરિણામ આવ્યું હતું. BMCની 227 બેઠકોમાંથી ભાજપને 89 અને શિંદે જૂથને 29 બેઠકો મળી હતી. મેયર માટે બહુમતીનો આંકડો 114 છે. આ માટે ભાજપને શિંદે જૂથના 25



કોર્પોરેટરોના સમર્થનની જરૂર પડશે.

પરિણામો પછી, શિવસેનાએ તેના 29 કોર્પોરેટરોને બાંદ્રાની હોટેલ તાજ લેન્ડ્સ એન્ડમાં રોક્યા છે. જોકે, પાર્ટીનું કહેવું છે કે હોટેલમાં કોર્પોરેટરો માટે ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેથી તેમને દેશની સૌથી સમૃદ્ધ નગરપાલિકા BMCના કામકાજ વિશે માહિતી આપી શકાય.

29 મહાનગરપાલિકાઓમાં મેયર પદ માટે 22 જાન્યુઆરીએ લોટરી કાઢવામાં આવશે. આમાં નક્કી થશે કે પદ ઓપન કેટેગરી, અનુસૂચિત જાતિ/જનજાતિ, અન્ય પછાત વર્ગ અથવા મહિલાઓ માટે અનામત રહેશે. કેટેગરી નક્કી થતાં જ તે જ દિવસે અથવા બીજા દિવસે સૂચના જારી કરવામાં આવશે.

આ પછી સાત દિવસની નોટિસ ફરજિયાત હોવાને કારણે મેયર ચૂંટણી 29 અથવા 30 જાન્યુઆરીએ યોજાવાની શક્યતા છે. જો અધિસૂચના 23 જાન્યુઆરીએ જારી કરવામાં આવી તો મતદાન 30 અથવા 31 જાન્યુઆરીએ કરાવી શકાય છે. મુખ્યમંત્રી ફડણવીસ 24 જાન્યુઆરીએ સ્વિટ્ઝર્લેન્ડથી પાછા ફરશે. શિવસેના (UBT) ના સાંસદ સંજય રાઉતે સોમવારે દાવો કર્યો કે શિંદે પછી ભાજપ પણ પોતાના કોર્પોરેટરોને કોઈ સુરક્ષિત જગ્યાએ લઈ જવાની યોજના બનાવી રહ્યું છે. રાઉતે કહ્યું- શિંદે પોતાના કોર્પોરેટરોને પહેલાથી જ ફાઈવ સ્ટાર હોટલમાં મોકલી ચૂક્યા છે. સવાલ છે- કોણ કોનાથી ડરી રહ્યું છે? શિંદે જૂથના નેતા સંજય નિરુપમે સ્પષ્ટ કહ્યું કે મુંબઈના આગામી મેયર મહાયુતિમાંથી જ હશે અને શિવસેના (યુબીટી) ના મેયર બનવાની કોઈ શક્યતા નથી.

શિવસેના (યુબીટી)ના પ્રવક્તા હર્ષલ પ્રધાને આરોપ લગાવ્યો કે ભાજપ અને શિંદે સત્તા માટે ભૂખ્યા છે અને તેમને પોતાની આંતરિક લડાઈમાં ઉદ્ધવ જૂથને ઢસડવું ન જોઈએ. શિવસેના (યુબીટી) 65 વોર્ડ સાથે બીજા સ્થાને રહી, જ્યારે MNS ને 6 બેઠકો અને NCP (SP) ને 1 બેઠક મળી છે. આ ત્રણેયની કુલ બેઠકો 72 છે. કોંગ્રેસે 24 વોર્ડમાં, ઓવૈસીની પાર્ટીએ 8 બેઠકો પર અને સમાજવાદી પાર્ટીએ 2 વોર્ડમાં જીત મેળવી છે. જો આખો વિપક્ષી મોરચો એક થઈ જાય તો પણ કુલ આંકડો 106 થશે. એટલે કે બહુમતીથી 8 બેઠકો ઓછી. અહીંથી જ કોર્પોરેટરોની ખરીદ-વેચાણ અને પક્ષપલટાનું જોખમ દેખાઈ રહ્યું છે. જો ઠાકરે પરિવાર 8 કોર્પોરેટરોને પોતાની સાથે ભેળવવામાં સફળ થાય તો BMC પર ભાજપનો કબજો રોકી શકે છે.



## બજરંગ દળની જાહેરમાં મારામારી, પોલીસને પણ રવાના કરી દીધી

# વિરાટનગરમાં બે યુવકને અહીં કેમ બેઠા છો? કહી ફોન ચેક કરી ફટકાર્યા, રોડ પર બેઠી બસને રોકી, ટ્રાફિકજામ

**અમદાવાદ, તા.20**

અમદાવાદના વિરાટનગર બ્રિજ નીચે લઘુમતી સમાજના બે યુવક ગેરેજમાંથી બાઈક લેવા માટે આવ્યા હતા. આ દરમિયાન બજરંગ દળના કાર્યકરોએ આ યુવકો છોકરીની રેકી કરતા હોવાની શંકા કરી ગડદાપાટુનો માર માર્યો હતો, જેમાં એક વ્યક્તિનું ટી-શર્ટ પણ નીકળી ગયું હતું. તો સામે બન્ને યુવકે પણ કેટલાક કાર્યકરો સાથે મારામારી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટના અંગેની જાણ થતાં પોલીસ પહોંચતા બજરંગ દળના કાર્યકરોએ પોલીસ કર્મચારીને ગાડીમાં બેસાડી ત્યાંથી રવાના કરી દીધા હતા. બનાવ બનતા રસ્તા પર ભારે ટ્રાફિકજામ થયો હતો. નિકોલ પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.



ગોમતીપુરમાં રહેતો 23 વર્ષીય આયમઅલી શેખ એમબીબીએસનો અભ્યાસ કરે છે. 19 જાન્યુઆરીના બપોરના સમયે તે એક્ટિવા લઈને તેના મિત્ર નદીમ અંસારી સાથે વિરાટનગર બ્રિજના છેડે આવેલા ગેરેજ ખાતે ગયો હતો. જોકે, ગેરેજ બંધ હોવાથી થોડીવાર રાહ જોઈને તે વિરાટનગર બ્રિજની નીચે બેઠો હતો. આ સમયે બજરંગ દળના સાતથી આઠ કાર્યકરો આવ્યા હતા, જેમણે અહીંયા કેમ બેઠો છે? તેમ જણાવી બંનેના ફોન ચેક કર્યા હતા. બાદમાં બંનેને ગડદાપાટુનો માર માર્યો હતો, જેથી બંને ત્યાંથી ભાગી ગયા હતા અને 112 નંબર પર ફોન કરતા પોલીસની ગાડી પણ આવી હતી.

બંને જ્યારે પોલીસને જે જગ્યાએ મારામારી થઈ તે બતાવતા હતા, ત્યારે બે-ત્રણ યુવકે તેમને પકડીને ગાળો આપી હતી અને મારામારી કરી હતી. આ અંગે આયમ અલીએ બાબા ગોસ્વામી, જીતુ ચૌહાણ, વિશાલ રાજપૂત, રવિન્દ્ર રાજપુત, સાહિલ ભદોરીયા અને અન્ય ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આયમ અલી સાથે જ્યારે મારામારી થઈ હતી, ત્યારે આયમ અલી અને તેના મિત્રએ પણ બજરંગ દળના કાર્યકરોને માર્યા હતા. આ અંગે બજરંગ દળના કાર્યકરોએ આયમ અને તેના મિત્ર વિરુદ્ધમાં નિકોલ પોલીસ સ્ટેશનમાં મારામારીની ફરિયાદ નોંધાવી છે. નિકોલ પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધાવી તપાસ શરૂ કરી છે. પોલીસે કેટલાક આરોપીઓને રાઉન્ડ અપ પણ કરી લીધા છે.


સમગ્ર બનાવ દરમિયાન પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે બજરંગ દળના કાર્યકરોએ પોલીસ પણ ગાડીમાં બેસાડી રવાના કરી દીધા હતા. કાર્યકરોએ રસ્તા પર બેસી બસ રોકીને બેસી ગયા હતા. બનાવ બનતા ભારે ટ્રાફિકજામ થયો હતો અને લોકોના ટોળા પણ ભેગા થયા હતા. ઝોન 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલે જણાવ્યું હતું કે, બનાવ બનતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધી આરોપીની અટકાયત કરી છે.

## AMC ટેક્સ વોર્ડ ઈન્સ્પેક્ટરને નોટિસ અપાશે

# શહેરમાં 158 જેટલી બિલ્ડિંગની બી.યુ. પરમિશન બાદ ટેક્સની આકારણી ન કરી, લાખો રૂપિયાનું નુકસાન....

**અમદાવાદ, તા.20**

અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ઊંચી-ઊંચી રહેણાંક અને કોમર્શિયલ બિલ્ડિંગો બનાવી દેવામાં આવે છે, પરંતુ બિલ્ડિંગને બીયુ મળી ગયા બાદ પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સની આકારણી કરવામાં આવતી નથી, જેથી કોર્પોરેશનને લાખો રૂપિયાના ટેક્સની આવકને નુકસાન થાય છે. શહેરમાં 158 જેટલી બિલ્ડિંગો અને બીજું પરમિશન મળી ગઈ છતાં પણ તેના ટેક્સની આકારણી કરવામાં આવી નથી. જે તે વોર્ડમાં આવી બિલ્ડિંગની આકારણી ન કરનાર વોર્ડ ઈન્સ્પેક્ટરને શો- કોઝ નોટિસ આપવા માટેની સૂચના રેવન્યુ કમિટી ચેરમેન દ્વારા આપવામાં આવી છે. નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જ્યારે પણ તેઓ પોતાની મિલકતની ખરીદી કરે ત્યારે તેની મિલકતની ટેક્સ માટેની આકારણી થઈ છે કે નહીં તેની પણ ચકાસણી કરી લેવી જોઈએ.



રેવન્યુ કમિટીના ચેરમેન અનિરુદ્ધસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, જે પણ મિલકતને બીયુ પરમિશન મળી ગઈ હોય તેના ટેક્સની આકારણી કરવાની હોય છે. મારા ધ્યાન ઉપર આવ્યું હતું કે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં 158 રહેણાંક-કોમર્શિયલ સ્કીમને બીયુ પરમિશન મળી ગઈ છતાં ટેક્સ અંગેની આકારણી કરવામાં આવી નથી. આ અંગે રેવન્યુ કમિટીમાં ગંભીરતાથી ચર્ચા કરવામાં આવી હતી. લાંબા સમયથી પ્રોપર્ટી ટેક્સ અંગે આકારણી ન કરનાર AMCના વોર્ડ ઈન્પેક્ટરોને શો- કોઝ નોટિસ આપવા અધિકારીઓને સૂચના આપી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જ્યારે કોઈપણ નાગરિક પોતાની મિલકત ખરીદતા પૂર્વે ડેવલપરે પ્રોપર્ટી ટેક્સ ભર્યો છે કે નહીં તેની ગ્રાહકે ખાતરી કરવી જોઈએ. નાગરિકોએ પોતે ન વાપરેલી મિલકતોનો ટેક્સ ન ભરવાનો થાય, જેથી આવી તપાસ કરી લેવી જોઈએ. કારણ કે, બીયુ પરમિશન મળ્યા બાદ આકારણી થાય ત્યાં સુધીનો પ્રોપર્ટી ટેક્સ ડેવલપરે ભરવાનો હોય છે.

# ડાકોરમાં 10 વર્ષ બાદ આખરે સરકારી પાર્કિંગ કાર્યરત થશે, હવે વાહનચાલકો લૂંટાશે નહીં

**નડિયાદ, તા.20**

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં 16 કરોડથી વધુના ખર્ચે પાર્કિંગ અને ગાર્ડનની સુવિધા ઉભી કરવામાં આવી હતી. પરંતુ સરકારી પાર્કિંગ સતત વિવાદોમાં ઘેરાયેલું હતું. ત્યારે છેલ્લા 10 વર્ષ થી સરકારી પાર્કિંગ ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું હતું.ત્યારે ખંડેર હાલતમાં ફેરવાયેલા પાર્કિંગના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. જેમાં 15 લાખથી વધુના ખર્ચે ટેન્ડર લેવામાં આવ્યું છે. જોકે, હવે સરકારી પાર્કિંગ શરૂ થતા દર્શન કરવા આવતા ભક્તો લૂટાશે નહીં.

ડાકોરની અંદર ટ્રાફિકની સમસ્યા ન થાય તે માટે સરકાર દ્વારા 16 કરોડથી વધુના ખર્ચે પાર્કિંગ અને ગાર્ડન બનાવવામાં આવ્યું છે. જેમાં છેલ્લા પાર્કિંગનું ટેન્ડર 2016માં ભરવામાં આવ્યું હતું. જે બાદ કોન્ટ્રાક્ટરો દ્વારા ટેન્ડર ભરવામાં આવ્યું ન હતું. જોકે, છેલ્લા ઘણા વર્ષોથી પાર્કિંગનું ટેન્ડર બહાર ન પડતા અને કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા ટેન્ડર ભરવામાં ન આવતા પાર્કિંગ ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું હતું. આ સાથે આ પાર્કિંગમાં અને ગાર્ડનમાં નાખવામાં આવેલ ચીજ વસ્તુઓ પણ ચોરાઈ ગઈ હતી. ત્યારે આખરે 10 વર્ષ બાદ સરકારી પાર્કિંગના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. 15 લાખમાં અપાયેલા ટેન્ડરની 1 વર્ષની મર્યાદા છે.



ડાકોરમાં ખાનગી પાર્કિંગના સંચાલકો દ્વારા વાહન ચાલકોને લૂંટવામાં આવી રહ્યા હતા. જેને લઈ અનેક વખત વાહન ચાલકો સાથે ખાનગી પાર્કિંગના સંચાલકો બોલાચાલી પર આવતા હતા. જેમાં ખાનગી પાર્કિંગના સંચાલકો દ્વારા 100 થી વધુ રૂપિયા પણ વાહન ચાલકો પાસે વસૂલતા હતા. સરકારી પાર્કિંગ શરૂ થતાં દર્શન કરવા આવતા ભક્તો છેતરાશે પણ નહીં.

# પંચાયત 24 કલાક પાણી આપતી હતી, મનપામાં સમાવેશ પછી લો પ્રેશરથી માંડ 2 કલાક મળે છે : મહિલાઓએ માટલા ફોડ્યા

**આણંદ, તા.20**

કરમસદ આણંદ મનપા ગામડી વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં પ્રેસ કોલોની અને શ્રેયસ કોલોની સહિત આસપાસના વિસ્તારમાં છેલ્લા 3 માસથી પીવાનું પાણી પુરતા પ્રેશર મળતું નથી. દિવસ માત્ર સવાર સાંજ બે કલાક પાણી આપવામાં આવે છે. જેના કારણે પહેલે માળ આવેલી ટાંકીઓ પાણી પહોંચતા નથી. જેથી ત્રણ માસથી ટાંકીઓ ખાલી રહે છે.

હાલ તો સ્થાનિકોને પૈસા ખર્ચીને ટેન્કર મંગાવીને ટાંકીઓ ભરવી પડે છે. મનપાની ટેન્કર આવે છે પરંતુ મોટી સંખ્યામાં મહિલાઓ બેડા લઈને પાણી ભરવા આવતી હોવાથી પુરતુ પાણી મળતી નથી. રહીશોએ અગાઉ ત્રણ વખત રજૂઆત કરી ત્યારે ડેપ્યુટી કમિશ્નરે સપ્તાહમાં પાણી પ્રશ્ન હલ થઈ જશે તેવી ખાતરી આપી હતી. આ વાતને 20 દિવસ થયા હોવા છતાં પ્રશ્ન હલ ન થતાં મહિલાઓ



મનપા કચેરીમાં જઈને માટલા ફોટીને વિરોધ નોંધાવ્યો હતો.

ગામડી ગ્રામ પંચાયત વિસ્તારનો મનપામાં સમાવેશ થયા બાદ શ્રેયસ કોલોની સહિત આસપાસની સોસાયટીમાં રહેતા અંદાજે 12 હજારથી વધુ લોકોને પુરતા પ્રેશરથી પાણી મળતું નથી. જેના કારણે વપરાશ માટે પુરતુ પાણી ભરાતુ નથી. પહેલા માળે તો ત્રણ માસથી પાણી ન ચઢતાં ટાંકીઓ ખાલી પડી રહી છે. જેને લઈને સ્થાનિક રહીશોને ઘર વપરશાના પાણી માટે વલખાં મારવા પડે છે.

છેલ્લા ત્રણ માસથી રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવાતા નથી. તેમજ 20 દિવસ અગાઉ સ્થાનિકોએ મનપા કચેરી જઈને રજૂઆત કરતાં ડેપ્યુટી કમિશ્નર એક સપ્તાહમાં પ્રશ્ન હલ કરવાની ખાત્રી આપી હતી છતાં પ્રશ્ન હલ ન થતાં આખરે મહિલાઓ મનપાએ કચેરીમાં જઈને માટલા ફોડી દેખાવો કર્યા હતા.

આણંદ મનપા સમાવેલા ગામડી ગામે અગાઉ ગ્રામ પંચાયત હતી ત્યારે 5 દાયકા અગાઉ માત્ર 5 હજારની વસ્તીને ધ્યાને લઈને પીવાના પાણીની પાઈપો લાઈનો નાની નાંખવામાં આવી હતી. હાલમાં વસ્તી 20 હજારથી વધુ છે. જેને ધ્યાને લઈને 8 લાખ લીટરની નવી ટાંકી બનાવવામાં આવી રહી છે. જૂની ટાંકી તોડી નાંખી છે. સીધુ બોરમાંથી પાઈપ લાઈનમાં પાણી આપવામાં આવે છે. પરંતુ પાઈપો નાની હોવાથી છેવાડા વિસ્તાર સુધી પાણી પુરતા ફોર્સથી પહોંચતુ નથી. જેથી મનપા દ્વારા નવી ટાંકી બનાવવાની સાથે તમામ વિસ્તારમાં જૂની પાણી લાઈન કાઢીને નવી નાંખવામાં આવે તો પ્રશ્ન હલ થાય તેમ છે. હાલ તો રહીશો મનપામાં સમાવવા કરતાં ગ્રામપંચાયત રાખી હોત તો સારૂ થાત તેવો સૂર વ્યક્ત કરી રહ્યાં છે.

કરમસદ આણંદ મનપાના ડેપ્યુટી કમિશ્નર એસ કે ગરવાલે જણાવ્યું હતું કે, ગામડી ગામે જૂની ટાંકી જર્જરીત થઇ જતાં તે તોડી પાડી છે. તેથી હાલમાં બોરમાંથી સીધું પાણી પુરતા પ્રેશર આપવામાં આવે છે. તેમ છતાં ફરિયાદ ઉઠવા પામે છે. જેથી ટેન્કરથી પાણી અપાય છે. જો કે આગામી 7 દિવસમાં પાણી અંગેની સમસ્યા નિકાલ લાવી દેવામાં આવશે.

શ્રેયસ કોલોનીમાં છેલ્લા ત્રણ માસથી પુરતા ફોર્સથી પાણી આવતું નથી. જે બાબતે રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી. મનપાની ટેન્કર આવે ત્યારે એકલા રહેતા વૃદ્ધોને ઘરમાં ડોલ લઈને પાણી લેવા જવું પડે છે. સાત દિવસ પ્રશ્ન હલ નહીં થાય તો ઉગ્ર આંદોલન કરાશે.

ગામડી ગ્રામ પંચાયતના સમયે 24 કલાક પાણી અપાતું હતું. પરંતુ મનપા બન્યા બાદ માત્ર સવાર સાંજ બે કલાક પાણી મળે છે.જેના કારણે પાણીની સમસ્યા સર્જાય છે. પહેલા માળે ચઢતું નથી. જેથી લોકોને વેચાતી ટેન્કર મંગાવીને ટાંકી ભરવી પડે છે.

# નશીલી દવાની 20 હજાર સ્ટ્રીપ પંજાબ મોકલનાર મહેમદાવાદના સ્ટોરનો પરવાનો રદ

**નડિયાદ, તા.20**

ખેડા જિલ્લામાં સિરપ કાંડ લોકો માટે જીવલેણ બન્યા બાદ હજીપણ કેટલીક જગ્યાએ કફ સિરપના નામે કોડીન સહિતની દવાઓનું વેચાણ થતું હોવાની આશંકાને પગલે નડીઆદની ખોરાક અને ઔષધ નિયમન કચેરી દ્વારા ખેડા જિલ્લામાં કોડીન સહિતની નાર્કોટીક્સ દવાઓ બાબતે ડ્રગ વિભાગ દ્વારા તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં મહેમદાવાદના મેડિકલ સ્ટોરનો પરવાનો તંત્ર દ્વારા રદ કરવામાં આવ્યો હતો. મહેમદાવાદના મેડિકલ સ્ટોરમાંથી સાઈકોટ્રોપિક દવાનો 20 હજાર જેટલી સ્ટ્રીપનો જથ્થો પંજાબ મોકલવામાં આવ્યો હતો. જે જથ્થાને લઈને પોલીસ તપાસમાં રેલો મહેમદાવાદ પહોંચ્યો હતો અને પંજાબ પોલીસે મહેમદાવાદથી એકની તપાસ માટે અટક કરી હતી.

ખેડા જિલ્લાના મહેમદાવાદમાં આવેલાં સંજીવની મેડિકલ સ્ટોરમાં પંજાબ પોલીસની ટીમ તપાસાર્થે પહોંચી હતી અને મેડિકલ સ્ટોરના એક કર્મચારીને તપાસાર્થે પોતાની સાથે લઇ જતાં નગરમાં ચકચાર મચી હતી. ઘટનાની જાણ ખેડા જિલ્લા ડ્રગ વિભાગને પણ કરવામાં આવી હતી. જેમાં સંજીવની સ્ટોરમાંથી સાઇકોટ્રોપિક દવાનો મસમોટો જથ્થો પંજાબ મોકલવામાં આવ્યો હોવાનું બહાર આવતાં અને હાલમાં મામલો કાયદાકીય રીતે ચાલી રહ્યો હોવાથી નડિયાદ ફુડ વિભાગ દ્વારા સંજીવની મેડિકલનો પરવાનો રદ કરવામાં આવ્યો છે.

આ સિવાય પણ કફ સિરપના નામે નશાકારક દવાનું વેચાણ કરતી અન્ય 17 પેઢીના પરવાના પણ તંત્ર દ્વારા સ્થગિત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જીલ્લામાં નશાકારક દવાઓનું વેચાણ નિયમ મુજબ થાય તે સુનિશ્ચિત કરવા માટે ખોરાક અને




ઔષય નિયંત્રણ તંત્ર, દ્વારા તપાસ કરાઈ રહી છે.

સાયકોટ્રોપિક દવાવર્તન, મૂડ, વિચારો અથવા ધારણાને સીધી અસર કરે છે. આમાં ચિંતા અને ડિપ્રેશન માટેની દવાઓ તેમજ એન્ટિસાઈકોટિક્સનો સમાવેશ થાય છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થના સ્ત્રોત મુજબ, 2021માં 18 અને તેથી વધુ ઉંમરના લગભગ 57.8 મિલિયન પુખ્ત વયના લોકોએ માનસિક સ્વાસ્થ્યની સ્થિતિ નોંધાવી હતી અને 14.1 મિલિયનથી વધુ લોકોએ ગંભીર માનસિક બીમારીની જાણ કરી હતી. સાયકોટ્રોપિક્સ એ દવાઓની વ્યાપક શ્રેણી છે જે વિવિધ પરિસ્થિતિઓની સારવાર માટે સૂચવવામાં આવે છે. આ દવા ચિંતા, હતાશા, સ્કિઝોફ્રેનિયા, બાયપોલર ડિસઓર્ડર, ઊંઘની વિકૃતિઓ, મગજના રસાયણો અથવા ન્યુરોટ્રાન્સમીટરના સ્તરને બેલેન્સ કરવાનું કામ કરે છે. સાયકોટ્રોપિક એ મગજ માટેની દવા છે. પંજાબ પોલીસે જે જથ્થો જપ્ત કર્યો છે તે સાયકોટ્રોપિક મનોવિકારની સારવાર માટે વપરાય છે. જેમાં આ મગજના તરંગોને શાંત કરે છે. નશો કરવાથી મગજ પર જેવી અસર થાય છે તેવી જ અસર આ દવાઓ લેવાથી પણ થાય છે. આ દવા લીધા પછી માણસ રાહત અનુભવતો હોવાથી ધીરેધીરે આની આદત પડતી જાય છે અને બાદમાં તેના બંધાણી થઇ જવાય છે.

સંજીવની મેડિકલ સ્ટોર દ્વારા નશા માટે વપરાતી સાઈકોટ્રોપિક દવા મંગાવી અને પોતાનું કમિશન કાઢીને આ દવાનો જથ્થો પંજાબ મોકલ્યો હતો. જોકે, સમગ્ર મામલામાં બિલથી જ લેતીદેતી થઇ હોવાછતાં નશાકારક દવા હોવાને કારણે પોલીસ કાર્યવાહી થઇ છે. જોકે, પંજાબ અને મહેમદાવાદની સંજીવની મેડિકલ વચ્ચેના કનેક્શનને લઈને હાલમાં અનેક સવાલો ઉભા થયા છે. આ જથ્થો ક્યાંથી મંગાવવામાં આવ્યો હતો તેની પણ તપાસ પંજાબ પોલીસ કરી રહી છે.

દુકાનના સંચાલકના જણાવ્યાનુસાર, જે તે સમયે દુકાનદારો દ્વારા લોમોટીલ ટેબ્લેટ વેચવામાં આવી હતી. બુલેટ ટ્રેનની કામગીરીમાં આવતાં શ્રમજીવીઓ આ દવા ઝાડા માટે લઇ જતાં હતા. દવાનું વેચાણ નિયમાનુસાર જ કર્યું હતું. છાપરાં ગામ નજીક જ કામ ચાલતું હતું અને દવાનું વેચાણ કર્યું હતું. મેડિકલના પરવાના અને તમામ પુરાવા દુકાનદાર પાસે છે. આ ઘટના સાડા ત્રણમહિના જૂની છે અને જે તે સમયે પંજાબ પોલીસ એક કર્મચારીને તપાસ માટે લઇ ગઇ હોવાનું અને તપાસ બાદ તેને મુક્ત પણ કરી દીધો હોવાનું જણાવ્યું હતું.

તાજેતરમાં કોડીન સીરપ સહિતની નાર્કોટિક્સ દવાઓના દુરુપયોગને અટકાવવા માટે મેડિકલ સ્ટોર પર સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા તપાસ દરમિયાન ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો, 1940 ની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલી પેઢીઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લામાં નશાકારક દવાઓના ગેરકાયદેસર વેચાણ અને તેના થતાં દુરૂપયોગને રોકવા માટે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# નડિયાદમાં ઈન્દિરા નગરી ચોકડી કેનાલ પરથી 25 ઝૂંપડા સહિત દબાણ દૂર કરાયા

**નડિયાદ, તા.20**

નડિયાદ શહેરમાં સોમવારે તંત્ર દ્વારા દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના ઈન્દિરા નગરી ચોકડી કેનાલ પર ગેરકાયદેસર રીતે બાંધેલા 25 જેટલાં ઝુંપડા સહિતના દબાણો મનપા દ્વારા દૂર કરવામાં આવ્યા હતા. જોકે, આ દરમિયાન ટીમ સાથે બોલાચાલીની ઘટના પણ બની હતી.

નડિયાદ શહેરમાં સોમવારે મનપા દ્વારા દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના ઇન્દિરા નગરી ચોકડી પાસે આવેલી અનેરી હાઈટ્સ પાસે અને સામે મોટાપાયે ગેરકાયદેસર ઝુંપડા બાંધીને લોકો લાંબા સમયથી વસવાટ કરે છે. આ અગાઉ પણ એકવાર તંત્રએ દબાણ હટાવ્યા હતા. જોકે, ફરી દબાણો ખડકાઇ જતાં તંત્ર દ્વારા સોમવારે ફરી એકવાર મનપા દ્વારા દબાણો હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ઇન્દિરા નગરી ચોકડી



- કેનાલ પરથી 25થી વધુ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન ત્યાં સ્થાનિક રહીશો સાથે તંત્રના કર્મીઓને બોલાચાલી પણ થઇ હતી. જેસીબી લઈને દબાણો તોડવા પહોંચેલી ટીમને જોઇને લોકોએ પોતાનો સરસામાન બચાવવા નાસભાગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અહીં બનાવવામાં આવી રહેલો સાઇકલ ટ્રેક શહેરીજનો માટે આશિર્વાદરૂપ બને તેમ છે.

# દગાબાજ પત્નીની બેવફાઈનો બદલો લેવા એક્ટિવા ચોરી કરતો: પેટ્રોલ પૂરું થાય ત્યાં ગાડી મૂકી દેતો, 150થી વધુ એક્ટિવા ચોરનાર શાહિબાગના શખ્સને LCBએ દબોચ્યો

**અમદાવાદ, તા.20**

અમદાવાદના ઝોન 1 એલસીબી સ્કોડે એક એક્ટિવા ચોરની ધરપકડ કરી પાંચ એક્ટિવા કબજે કર્યા છે. ચોરની તપાસમાં સામે આવ્યું હતું કે, ચોરે અમદાવાદનો એક પણ વિસ્તાર છોડ્યો નથી કે જ્યાં તેને ચોરી કરી હોય. ચોર દગાબાજ પત્નીના દગા બાદ ચોરી કરતો થયો હતો. જ્યારે ચોરને લાગે કે પેટ્રોલ પૂરું થાય તો ગાડી છોડી મૂકતો હતો. હાલ પોલીસે ચોરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઝોન 1 ડીસીપી હર્ષદ પટેલના



એલસીબી સ્કોડે બાતમીના આધારે એક્ટિવા ચોરી કરતા શાહીબાગના હિતેશ જૈન(કિરણ એપાર્ટમેન્ટ, શાહીબાગ)ની ધરપકડ કરી છે. આ ચોર જેવો તેવો ચોર નથી પરંતુ રીઢો ગુનેગાર છે જેને અત્યાર સુધી 150થી વધુ એક્ટિવા ચોરી કર્યા છે. ચોર પાસેથી હાલ તો પાંચ જેટલા ચોરીના એક્ટિવા મળી આવ્યા છે. ચોરની તપાસમાં ચોરી કરવા પાછળનું અજીબ કારણ જાણવા મળ્યું હતું. આરોપી હિતેશ જૈને પત્નીને એક્ટિવા લઈ આપ્યું હતું, જે લઈને પત્ની તેના પ્રેમીને મળવા જતી હતી. જેથી આરોપીને બેવફાઈના બદલો લેવા એક્ટિવા ચોરી કરવાનું ચાલુ કર્યું હતું. પત્નીની બેવફાઈને બદલો લેવા ચોર રીઢો એક્ટિવા ચોર બન્યો હતો. આ ચોરે કુલ 150થી વધુ એક્ટિવા ચોરી કર્યા છે.

# આણંદના ધોળાકુવા માર્ગ વચ્ચે અડચણરૂપ 4 વીજ પોલ બે મહિનાથી ન હટાવાતા રોષ

**આણંદ, તા.20**

આણંદ જોગણી માતા મંદિર થી ધોળાકુવા માર્ગ ઉપર 4થી વધુ વિજ પોલ સલામત જગ્યાએ ખસેડી લેવાને બદલે જોખમી હાલતમાં છોડી દેવાયા છે.ત્યારે માર્ગ ઉપર સતત 24 કલાક અવર જવર કરતા કુલ 35થી વધુ સોસાયટીના વાહન ચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા હોવાથી કાર્યવાહી કરવા માગ કરાઈ છે. પ્રાપ્ત વિગત મુજબ આણંદના માર્ગ ઉપર જોખમી હાલતમાં ફેરવાઇ ગયેલા તમામ વિજ પોલ સલામત જગ્યાએ ખસેડી લેવા આદેશ કર્યો છે.ત્યારે માર્ગ ઉપર નડતર રૂપી વિજપોલ નહીં હટાવતા દબાણો થઈ જતા હોય છે.તેમજ ટ્રાફીક જામ સ્થિતિ સર્જાતી હોવાથી વાહન ચાલકો હેરાન પરેશાન થઈ જતા હોય છે.આ અંગે રમેશભાઇ પ્રજાપતિ સહિત અન્ય રહીશોએ જણાવેલ કે આણંદના જોગણી માતા મંદિર થી ધોળાકુવા માર્ગ ઉપર અંબે સોસાયટી સહિત 35 થઈ વધુ સોસાયટીના રહીશોની વાહનો લઈને અવરજવર રહે છે. પરંતુ માર્ગ ઉપર 4 થી વધુ વિજપોલ અધ વચ્ચે આવેલા છે.જેના પગલે રાત્રિના સમયે વિજપોલ નહીં દેખાતા વાહન ચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

# નારાયણ સાંઈની સજા સસ્પેન્ડ કરવા હાઈકોર્ટમાં અરજી: હાઈકોર્ટે પીડિતા સહિતના પક્ષકારોને નોટિસ પાઠવી, 26 ફેબ્રુઆરીએ સુનાવણી

**અમદાવાદ, તા.20**

2019માં સુરતની સેશન્સ કોર્ટે દુષ્કર્મના કેસમાં નારાયણ સાંઈને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી, જે સુરતની જેલમાં બંધ છે. ત્યારે તેણે પોતાની સજા સસ્પેન્ડ કરવા હાઈકોર્ટમાં અરજી કરી છે. ગુજરાત હાઈકોર્ટ એ અરજી સંદર્ભે પીડિતા અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને વધુ સુનાવણી 26 ફેબ્રુઆરીએ રાખી છે. ઉલ્લેખનીય છે કે, નારાયણ સાંઈના પિતા આસારામ પણ દુષ્કર્મના કેસમાં હંગામી જામીન ઉપર બહાર છે. અગાઉ આસારામને મળવા જવા નારાયણ સાંઈએ હંગામી જામીન માંગ્યા હતા. ત્યારે સરકારી વકીલે નારાયણ સાંઈની વર્તણૂક અને તેને છોડવાથી ઉભી થનારી પરિસ્થિતિ અંગે કોર્ટને જાણ કરી હતી. તે 12 વર્ષથી જેલમાં છે. વર્ષ 2021માં અરજદારની માતાની તબિયત ખરાબ થતા તેને 4 દિવસ માટે જેલ મુક્તિ આપવામાં આવી હતી. છેલ્લે તેણે તેના પિતા આસારામને મળવા જવા હંગામી જામીન અપાયા હતા. સરકાર પક્ષે અગાઉ રજૂઆત થઈ ચૂકી છે કે, અરજદારના મોટાપાયે ફોલોઅર્સ છે. અગાઉ તે સાહેદોને ધમકી આપી ચૂક્યો છે, ખોટા સર્ટિફિકેટ બનાવેલા છે. તેમજ સાહેદો ઉપર હુમલો કરાવી ચુક્યો છે. તેણે સરકારી અધિકારીઓને પણ લાંચ આપવાની કોશિશ કરી છે. અરજદારની જેલમાં વર્તણૂક પણ યોગ્ય નથી. જેથી તેને જેલના નિયમો મુજબ અયોગ્ય વર્તણૂક બદલ જેલમાં અપાતી સજા પણ કરવામાં આવી છે. જો તેને જેલ મુક્ત કરવામાં આવે તો અયોગ્ય ઘટના ઘટવાની શક્યતાઓ રહેલી છે. જેથી તેને જેલમુક્ત કરવો યોગ્ય જણાતું નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# બરફના ઢગલા પર બાળકોનું 'સ્કીઈંગ': બિલ્ડિંગમાંથી બરફના ઢગલામાં કૂદકો, ટનલ બનાવી લોકો બહાર નીકળવા મજબૂર, રશિયામાં 30 વર્ષમાં સૌથી ભયાનક હિમવર્ષા






**મોસ્કો, તા.20**

રશિયાના પૂર્વીય પ્રદેશ કામચાટકામાં આ શિયાળો 30 વર્ષમાં સૌથી ભયાનક સાબિત થઈ રહ્યો છે. એક વાઈરલ પોસ્ટ ભયાનક પરિસ્થિતિને દર્શાવે છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે આ વિસ્તારમાં 13 ફૂટ (લગભગ 4 મીટર) સુધી બરફ જમા થયો છે. ભારે ઠંડા પવનો સાથે ઊંચા બરફના ઢગલાઓમાં શહેર ફેરવાઈ ગયું છે, જાણે પવને બધો બરફ ભેગો કરી દીધો હોય અને ઊંચા ટાવર બનાવી દીધા હોય. તાપમાન પણ ખતરનાક રીતે નીચા સ્તરે પહોંચી ગયું છે: -5.8F (લગભગ -21C) સુધી. ઘણા વિસ્તારોમાં લોકોને રસ્તો બનાવવા માટે બરફમાંથી ટનલ ખોદવા મજબૂર થયા છે.

સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. એક વીડિયોમાં બાળકો બરફના મોટા ઢગલા પર સરકતા દેખાય છે. બીજા વીડિયોમાં ચોથા માળ સુધી બરફમાં દટાયેલી ઈમારતો દેખાય છે. આખો વિસ્તાર સફેદ સમુદ્રમાં ફેરવાઈ ગયો હોય એવું લાગતું હતું. ઘણા વીડિયોમાં વાહનો સંપૂર્ણપણે ગુમ હતા, ફક્ત બરફના ઢગલા દેખાતા હતા.

કામચાટકામાં એક ભયાનક બરફના વાવાઝોડાએ ઘણાં શહેરોને સંપૂર્ણપણે બરફમાં દફનાવી દીધા છે. ધ મોસ્કો ટાઈમ્સ અનુસાર, રાજધાની પેટ્રોપાવલોવસ્ક-કામચાટસ્કી બરફના ઢગલા અને છત પરથી બરફ પડવાથી ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયા છે. પ્રથમ પુષ્ટિ થયેલા મૃત્યુ બાદ, શહેરના મેયરે બરફ દૂર કરવા અને રાહત કામગીરી માટે વધારાના સંસાધનો એકત્રિત કરવા માટે શહેરવ્યાપી ઈમર્જન્સીની સ્થિતિ જાહેર કરી.

મેયર બેલ્યાયેવે મિલકત વ્યવસ્થાપન કંપનીઓ પર ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું હતું કે તેઓ સમયસર છત પરથી બરફ દૂર કરવામાં નિષ્ફળ ગયા અને વાવાઝોડું પસાર થવાની રાહ જોઈ. ભારે પવન અને સતત હિમવર્ષાને કારણે ઘણી ઈમારતોની છત પર ખતરનાક પ્રમાણમાં બરફ જમા થઈ ગયો હતો, જે અચાનક નીચે પડવા લાગ્યો, જે દરમિયાન ઘણા અકસ્માતો થયા.

રશિયાના ઈમર્જન્સી મંત્રાલયે એક વીડિયો જાહેર કર્યો, જેમાં બતાવવામાં આવ્યું હતું કે બચાવ કાર્યકરો તેમનાં ઘરોમાં ફસાયેલા વૃદ્ધો સુધી પહોંચવા માટે બરફના ઊંચા ઢગલા કાપી રહ્યા હતા. સતત હિમવર્ષાને કારણે સ્કૂલો બંધ રહી, જાહેર પરિવહન બંધ રહ્યું અને ઘણા વિસ્તારોમાં વીજળી અને સપ્લાય ચેન પર દબાણ વધ્યું છે.

કામચાટકામાં માત્ર બરફવર્ષા જ નહીં, પણ છત પરથી પડી રહેલો બરફ, લપસણો રસ્તો, અવરોધિત રસ્તા, ફસાયેલી કાર અને સતત ઘટી રહેલા તાપમાનને કારણે જનજીવન ઠપ થઈ ગયું છે. પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે અને અધિકારીઓ રાહત પ્રયાસો ચાલુ રાખી રહ્યા છે.

# આસિમ મુનીર બોલ્યા-પાકિસ્તાન બનવાનો હેતુ પૂરો થશે: ઈસ્લામી દેશો વચ્ચે તેનો ખાસ દરજ્જો, તેના મહત્વમાં હવે વધુ વધારો થશે...

**ઈસ્લામાબાદ, તા.20**

પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનીરે દાવો કર્યો કે ઈસ્લામના નામે બનેલા પાકિસ્તાનનો અસલી હેતુ પૂરો થવાનો છે. તેમણે આ વાત રવિવારે લાહોરમાં પાકિસ્તાની અખબાર ધ ન્યૂઝ ઈન્ટરનેશનલને કહી.

આસિમ મુનીર અહીં પૂર્વ પીએમ શાહબાઝ શરીફના પૌત્ર જુનૈદ સફદરના વલીમા (રિસેપ્શન)માં સામેલ થવા આવ્યા હતા. આમાં વડાપ્રધાન શાહબાઝ શરીફ, નવાઝ શરીફ, મરિયમ નવાઝ, ઘણા વરિષ્ઠ નેતાઓ, મંત્રીઓ અને સૈન્ય અધિકારીઓ હાજર હતા.

આ વાતચીતમાં આસિમ મુનીરે કહ્યું કે અલ્લાહે પાકિસ્તાનને એક ઐતિહાસિક તક આપી છે, જેથી તે પોતાના બનવાના હેતુઓ હાંસલ કરી શકે અને દેશ ઝડપથી તે જ દિશામાં આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન ઈસ્લામના નામે બન્યું હતું અને આજે તેને ઈસ્લામિક દેશો વચ્ચે એક ખાસ દરજ્જો પ્રાપ્ત છે. હવે તેનું મહત્વ વધુ વધશે.

આસિમ મુનીરે દાવો કર્યો કે દુનિયામાં પાકિસ્તાનની સ્થિતિ અને તેની આર્થિક હાલતમાં ઘણો સુધારો થયો છે.

જ્યારે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે મળી રહેલી ઓળખ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે જો તેમને વ્યક્તિગત રીતે કોઈ પ્રશંસા મળી રહી છે, તો તે પણ અલ્લાહની મહેરબાની છે. તેમણે કહ્યું કે ખરેખર આ પાકિસ્તાનને મળેલી ઓળખ છે, કોઈ એક વ્યક્તિને નહીં.

તેમના આ નિવેદનને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાતો સાથે પણ જોડીને જોવામાં આવી રહ્યું છે. રિપોર્ટ્સ અનુસાર, આસિમ મુનીર અને શાહબાઝ શરીફે ટ્રમ્પને પાકિસ્તાનમાં દુર્લભ ખનિજો અને ક્રૂડ ઓઈલના સંસાધનોનો ભરોસો પણ અપાવ્યો હતો, જેની કોઈ પાકી જાણકારી નથી.

આસિમ મુનીર સતત કટ્ટરપંથી નિવેદનો આપતા રહે છે. તેમણે એપ્રિલ 2025માં ઈસ્લામાબાદમાં યોજાયેલા ઓવરસીઝ પાકિસ્તાનીઓના સંમેલનમાં કહ્યું હતું કે ટુ-નેશન થિયરી જ



પાકિસ્તાનનો પાયો છે.

તેમણે કહ્યું હતું કે મુસ્લિમો અને હિંદુઓ વચ્ચે મૂળભૂત તફાવત છે અને બંને એક નહીં, પરંતુ અલગ-અલગ રાષ્ટ્રો છે. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાનનો પાયો કલમા પર ટકેલો છે અને આ વિચારને આવનારી પેઢીઓ સુધી પહોંચાડવો જરૂરી છે.

આસિમ મુનીર પોતાના ભાષણોમાં ઈસ્લામિક વિચારધારા, ટુ-નેશન થિયરી અને ભારત વિરુદ્ધ નિવેદનબાજી પર ભાર મૂકતા રહ્યા છે.

આસિમ મુનીર તેમના પહેલાના સેના પ્રમુખોથી ઘણા અલગ મનાય છે. પહેલાના મોટાભાગના સેના પ્રમુખો પશ્ચિમી સૈન્ય સંસ્થાઓમાં પ્રશિક્ષિત વ્યાવસાયિક સૈનિકો હતા, જે ધર્મ અને રાજનીતિથી અંતર જાળવી રાખતા હતા. તેનાથી વિપરીત, આસિમ મુનીર હાફિઝ-એ-કુરાન છે અને ધર્મ તેમની જાહેર છબીનો મહત્વનો ભાગ છે. તેઓ પાકિસ્તાનના એવા પ્રથમ અધિકારી છે, જેમણે મિલિટરી ઈન્ટેલિજન્સ અને ISI બંનેનું નેતૃત્વ કર્યું છે.

તેમની નેતૃત્વ હેઠળ, પાકિસ્તાની સેના પોતાને માત્ર દેશનું રક્ષણ કરનાર શક્તિ તરીકે જ નહીં, પરંતુ ઈસ્લામનું રક્ષણ કરનાર શક્તિ તરીકે પણ રજૂ કરી રહી છે.

આ માટે જૂના ઈસ્લામિક અને અરબી પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વામાં સક્રિય વિદ્રોહીઓને 'ફિતના અલ-ખવારિજ' અને 'ફિતના અલ-હિન્દુસ્તાન' જેવા નામ આપવામાં આવી રહ્યા છે અને તેમને ગુમરાહ શક્તિઓ અને ભારતના સમર્થક તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે.

પાકિસ્તાન સરકારે 4 ડિસેમ્બર 2025 ના રોજ આસિમ મુનીરને દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) અને ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) તરીકે નિયુક્ત કર્યા હતા. બંને પદો પર તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે.

મુનીર પાકિસ્તાનના પ્રથમ સૈન્ય અધિકારી છે જે એકસાથે CDF અને COAS બંને પદ સંભાળી રહ્યા છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે નિમણૂકની ભલામણ કરતા રાષ્ટ્રપતિને સારાંશ મોકલ્યો હતો. મુનીરને આ જ વર્ષે ફિલ્ડ માર્શલના પદ પર પદોન્નત કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાની સંસદે 12 નવેમ્બરે સેનાની તાકાત વધારતો 27મો બંધારણીય સુધારો પસાર કર્યો હતો. આ અંતર્ગત મુનીરને CDF બનાવવામાં આવ્યા હતા. આ પદ મળતા જ તેમને પાકિસ્તાનના પરમાણુ હથિયારોની કમાન પણ મળી ગઈ, એટલે કે તેઓ દેશના સૌથી શક્તિશાળી વ્યક્તિ બની ગયા છે.

ખરેખર, 29 નવેમ્બર 2022 ના રોજ જનરલ આસિમ મુનીરને સેના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો મૂળ કાર્યકાળ ત્રણ વર્ષનો હતો, એટલે કે 28 નવેમ્બર 2025 ના રોજ સમાપ્ત થઈ ગયો.

# ટ્રમ્પની ફ્રેન્ચ વાઈન પર 200% ટેરિફ લગાવવાની ધમકી: મેક્રોનનો પ્રાઈવેટ મેસેજ લીક કર્યો, તેમણે ગાઝા મુદ્દે સાથ આપવાનો ઈનકાર કર્યો હતો...

**વોશિંગ્ટન, તા.20**

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફ્રાન્સના વાઈન અને શેમ્પેન પર 200% ટેરિફ લગાવવાની ધમકી આપી છે. તેમણે સોમવારે આ ચેતવણી ફ્રાન્સના ગાઝા પીસ બોર્ડમાં સામેલ થવાનો ઈનકાર કરવાના વિરોધમાં આપી. ટ્રમ્પે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે અમે ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને સામેલ પણ કરવા માંગતા નથી, કારણ કે ખૂબ જ જલ્દી તેમની ખુરશી છીનવાઈ જવાની છે. તેમણે કહ્યું, 'જો મને લાગશે તો હું ફ્રેન્ચ વાઈન અને શેમ્પેન પર 200% ટેરિફ લગાવીશ, પછી મેક્રોન પોતે પીસ બોર્ડમાં સામેલ થઈ જશે.' ગાઝા પીસ પ્લાન બીજા તબક્કામાં પહોંચી ચૂક્યો છે. ટ્રમ્પે ગાઝાના વહીવટને ચલાવવા અને તેને ફરીથી વસાવવા માટે નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા (NCAG) ની રચનાની જાહેરાત કરી છે. ટ્રમ્પે આ કમિટીમાં સામેલ થવા માટે 60 દેશોને આમંત્રણ મોકલ્યું છે. એક મત સુધી પહોંચવા માટે મેક્રોને એક ઔપચારિક બેઠકનો પ્રસ્તાવ મૂક્યો. મેક્રોને કહ્યું, 'હું પેરિસમાં G7ની બેઠક બોલાવી શકું છું. હું યુક્રેન, ડેનમાર્ક, સીરિયા અને



રશિયાને પણ તેમાં આમંત્રિત કરી શકું છું.' મેક્રોને અમેરિકા પાછા ફરતા પહેલા ટ્રમ્પને સાથે ડિનર કરવાનું પણ આમંત્રણ આપ્યું.

આ વિવાદ ત્યારે વધુ તીવ્ર બન્યો જ્યારે ફ્રાન્સે ટ્રમ્પના ગ્રીનલેન્ડ પર કબજો કરવાના પ્રયાસની ટીકા કરી. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે ટ્રમ્પની ગ્રીનલેન્ડ નીતિનો બચાવ કરતા કહ્યું હતું કે ભવિષ્યમાં રશિયાથી ગ્રીનલેન્ડમાં ખતરો થઈ શકે છે. તેમણે કહ્યું કે જો રશિયા કે અન્ય કોઈ દ્વારા ગ્રીનલેન્ડ પર હુમલો થાય છે, તો અમે NATO હેઠળ આ યુદ્ધમાં સામેલ થઈશું. ફ્રાન્સે આ નિવેદનની મજાક ઉડાવી હતી. ફ્રાન્સના યુરોપ અને વિદેશી બાબતોના મંત્રાલયના સત્તાવાર X એકાઉન્ટ પર પોસ્ટ કરીને કહેવામાં આવ્યું કે બેસેન્ટનો તર્ક એવો છે કે જો ક્યારેય ઘરમાં આગ લાગવાનો ખતરો હોય તો સારું છે કે ઘરને અત્યારે જ સળગાવી દો. ફ્રેન્ચ વાઈન અને શેમ્પેન વિશ્વભરમાં ખૂબ પ્રખ્યાત છે. ફ્રાન્સની વાઈન સંસ્કૃતિનો મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. ફ્રાન્સને વિશ્વની વાઈન રાજધાની કહેવામાં આવે છે. ફ્રેન્ચ વાઈનમાં અનેક પ્રકારની રેડ, વ્હાઈટ, રોઝે અને સ્પાર્કલિંગ વાઈન સામેલ છે. ફ્રેન્ચ વાઈન ફ્રાન્સના વિવિધ પ્રદેશોમાં ઉગાડવામાં આવેલા દ્રાક્ષમાંથી બનાવવામાં આવે છે. ફ્રેન્ચ વાઈનમાં સામાન્ય રીતે કોઈ પરપોટા હોતા નથી. આ સ્ટીલ વાઈન હોય છે, જેમાં આલ્કોહોલ 11-15% સુધી હોય છે. તેમની ગુણવત્તા માટી, હવામાન અને દ્રાક્ષની જાત પર આધાર રાખે છે. ઈટાલી પછી ફ્રાન્સ વિશ્વનો બીજો સૌથી મોટો વાઈન ઉત્પાદક દેશ છે.

2025માં વૈશ્વિક વાઈન ઉત્પાદન લગભગ 23.2 ખરબ મિલીલીટર રહ્યું, જેમાં ફ્રાન્સનું ઉત્પાદન 3.59 ખરબ મિલીલીટર છે, એટલે કે વિશ્વના કુલ વાઈનનો લગભગ 15-16%. શેમ્પેન એક સ્પાર્કલિંગ વાઈન છે. જે ફક્ત ફ્રાન્સના શેમ્પેન પ્રદેશમાં બનાવી શકાય છે. આ નામ ફક્ત આ પ્રદેશના વાઈન માટે જ વપરાય છે. જો ક્યાંય બીજે બનાવવામાં આવે, તો તેને શેમ્પેન કહી શકાય નહીં. તે પરંપરાગત પદ્ધતિથી બને છે.

# અમેરિકામાં 100થી વધુ વાહનો એકબીજા સાથે અથડાયા: બરફના વાવાઝોડાને કારણે અકસ્માત, 30થી વધુ ટ્રક ફસાયા

**વોશિંગ્ટન, તા.20**

અમેરિકાના મિશિગન રાજ્યમાં બરફના વાવાઝોડાના કારણે મોટો માર્ગ અકસ્માત થયો છે. સોમવારે એક ઈન્ટરસ્ટેટ હાઈવે પર 100થી વધુ વાહનો એકબીજા સાથે અથડાયા હતા. ઘણા વાહનો રસ્તા પરથી લપસી ગયા હતા. ફોક્સ ન્યૂઝના અહેવાલ મુજબ 30થી વધુ સેમી-ટ્રેલર ટ્રક ફસાયેલા છે. અકસ્માત બાદ પોલીસે હાઈવેની બંને તરફનો ટ્રાફિક બંધ કરવો પડ્યો હતો. આ દુર્ઘટના મિશિગનના ગ્રાન્ડ રેપિડ્સ શહેરના દક્ષિણ-પશ્ચિમમાં ઈન્ટરસ્ટેટ 196 પર થઈ હતી. મિશિગન સ્ટેટ પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયા છે, પરંતુ અત્યાર સુધી કોઈના મોતની પુષ્ટિ થઈ નથી. ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતા લોકોએ જણાવ્યું કે બરફીલા ભારે પવનને કારણે આગળ ચાલી રહેલી ગાડીઓ પણ મુશ્કેલીથી દેખાઈ રહી હતી. એક પીકઅપ ડ્રાઈવરે જણાવ્યું કે તે 20 થી 25 માઈલ પ્રતિ કલાકની ઝડપે ગાડી ચલાવી રહ્યા હતા અને જેમ તેમ કરીને પોતાનું વાહન ટ્રક રોકી શક્યા. મિશિગનની ઓટાવા કાઉન્ટી શેરિફ ઑફિસે જણાવ્યું કે



વિસ્તારમાં ઘણી જગ્યાએ અકસ્માતો થયા અને ઘણા ટ્રક જેકનાઈફ થઈ ગયા. ઘણી કારો રસ્તા પરથી લપસીને બહાર નીકળી ગઈ. ફસાયેલા મુસાફરોને બસો દ્વારા હડસનવિલ હાઈસ્કૂલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેઓ મદદ માટે કૉલ કરી શક્યા અથવા પોતાના ઘરે જવાની વ્યવસ્થા કરી શક્યા. અધિકારીઓનું કહેવું છે કે સફાઈ અને વાહનોને હટાવવાનું કામ પૂરું ન થાય ત્યાં સુધી રસ્તો ઘણા કલાકો સુધી બંધ રહી શકે છે. પ્રશાસને ચેતવણી આપી કે ક્ષતિગ્રસ્ત વાહનોને હટાવવામાં અને થીજી ગયેલા રસ્તાની ટ્રીટમેન્ટ કરવામાં ઘણા કલાકો લાગી શકે છે, આ દરમિયાન ઈન્ટરસ્ટેટ-196 બંધ રહેશે. અમેરિકાના ઘણા રાજ્યો આ દિવસોમાં બરફના વાવાઝોડાનો સામનો કરી રહ્યા છે. નેશનલ વેધર સર્વિસે ચેતવણી જારી કરી છે કે ઉત્તરી મિનેસોટાથી લઈને વિસ્કોન્સિન, ઈન્ડિયાના, ઓહાયો, પેન્સિલવેનિયા અને ન્યૂયોર્ક સુધી ખૂબ જ ઠંડુ હવામાન અથવા બરફના વાવાઝોડા જેવી સ્થિતિ બની શકે છે. હવામાન વિભાગે એ પણ ચેતવણી આપી છે કે સોમવાર રાતથી મંગળવાર સવાર સુધી નોર્થ-સેન્ટ્રલ ફ્લોરિડા અને સાઉથઈસ્ટ જ્યોર્જિયામાં તાપમાન શૂન્ય ડિગ્રી સુધી ઘટી શકે છે.

# વિશ્વયુદ્ધના ભણકારા? ગ્રીનલેન્ડ પર કબજા માટે ટ્રમ્પની જીદ: અમેરિકાએ મિલિટરી એરક્રાફ્ટ મોકલ્યું, જર્મની, ફ્રાન્સ સહિત 7 દેશે સૈનિકો મોકલ્યા

**વોશિંગ્ટન, તા.20**

ગ્રીનલેન્ડ પર કબજા મામલે અમેરિકા અને ડેનમાર્ક વચ્ચે વિવાદ વધી રહ્યો છે. અમેરિકાએ નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (NORAD)નું એક સૈન્ય વિમાન ગ્રીનલેન્ડ મોકલ્યું છે. આ વિમાન ટૂંક સમયમાં પિટુફિક સ્પેસ બેઝ પહોંચશે.

NORADએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે આ તહેનાતી પહેલાંથી નિર્ધારિત સૈન્ય હિલચાલ હેઠળ કરવામાં આવી રહી છે. કમાન્ડે સ્પષ્ટ કર્યું કે આ સંપૂર્ણ પ્રક્રિયાની જાણકારી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડને આપવામાં આવી છે.

ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજાની ધમકી વચ્ચે ડેનમાર્કે પણ ગ્રીનલેન્ડમાં વધારાના સૈનિકો તહેનાત કર્યા છે. ફાઈનાન્શિયલ ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, સોમવારે ઘણાં વિમાન ડેનમાર્કના સૈનિકો અને સૈન્ય સાધનો સાથે ગ્રીનલેન્ડ પહોંચ્યાં.

NORADના નિવેદન મુજબ, પિટુફિક સ્પેસ બેઝ પર પહોંચનારું આ વિમાન અમેરિકા અને કેનેડાનાં ઠેકાણાં પરથી સંચાલિત અન્ય વિમાનો સાથે મળીને લાંબા સમયથી નિર્ધારિત સંરક્ષણ ગતિવિધિઓમાં સામેલ થશે.

આ ગતિવિધિઓને અમેરિકા, કેનેડા અને ડેનમાર્ક વચ્ચે ચાલી રહેલી સંરક્ષણ ભાગીદારીનો ભાગ ગણાવવામાં આવ્યો છે.

NORADએ એમ પણ કહ્યું હતું કે આ તહેનાતી માટે જરૂરી તમામ રાજદ્વારી મંજૂરીઓ લેવામાં આવી છે. અમેરિકાનું આ પગલું ડેનમાર્કની આગેવાની હેઠળ થયેલા એક સૈન્ય અભ્યાસ ઓપરેશન આર્કટિક એન્ડ્યોરન્સ પછી સામે આવ્યું છે.

આ અભ્યાસ ગ્રીનલેન્ડમાં થયો હતો, જેમાં જર્મની, સ્વીડન, ફ્રાન્સ, નોર્વે, નેધરલેન્ડ અને ફિનલેન્ડે પણ મર્યાદિત સંખ્યામાં પોતાના સૈનિકો મોકલ્યા હતા.

ડેનમાર્કે પહેલાંથી જ ગ્રીનલેન્ડમાં લગભગ 200 સૈનિક તહેનાત કર્યા છે. આ ઉપરાંત 14 સભ્યોની સિરિયસ ડોગ સ્લેજ પેટ્રોલ પણ ત્યાં હાજર છે, જે આર્કટિક વિસ્તારોમાં પેટ્રોલિંગ કરે છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ



મેક્રોને કહ્યું હતું કે આવનારા દિવસોમાં તેમને જમીન, હવા અને સમુદ્ર દ્વારા વધુ મજબૂત કરવામાં આવશે. આ સંખ્યા નાની છે, પરંતુ એ રાજકીય સંદેશ આપવા માટે છે કે NATO એકજૂટ છે.

ડેનમાર્કની આગેવાની હેઠળ ચાલી રહેલું ઓપરેશન આર્કટિક એન્ડ્યોરન્સ એક સૈન્ય અભ્યાસ છે. એનો હેતુ એ જોવાનો છે કે જો ભવિષ્યમાં ગ્રીનલેન્ડમાં મોટી સંખ્યામાં સૈનિકો તહેનાત કરવા પડે, તો તેની તૈયારી કેવી હશે. ડેનમાર્કના સંરક્ષણ મંત્રાલય અનુસાર, આ અભ્યાસનું ધ્યાન આર્કટિક વિસ્તારમાં સહયોગી દેશો વચ્ચે તાલમેલ અને કામ કરવાની ક્ષમતા વધારવા પર છે.

આગળ જતાં આનાથી પણ મોટું મિશન લાવવાની યોજના છે, જેને ઓપરેશન આર્કટિક સેન્ટ્રી કહેવામાં આવી રહ્યું છે. આ એક નાટો મિશન હશે. એનો ઉદ્દેશ ગ્રીનલેન્ડ અને તેની આસપાસના વિસ્તારોમાં દેખરેખ વધારવી અને કોઈપણ ખતરાનો સૈન્ય જવાબ આપવાની શક્તિ મજબૂત કરવાનો છે.

જોકે આ મિશન તરત શરૂ થશે નહીં. જર્મનીના સંરક્ષણમંત્રી બોરિસ પિસ્ટોરિયસ અનુસાર, ઓપરેશન આર્કટિક સેન્ટ્રી શરૂ થવામાં હજુ ઘણા મહિનાઓ લાગી શકે છે, એટલે કે હાલમાં ગ્રીનલેન્ડમાં કોઈ મોટું નવું સૈન્ય મિશન શરૂ થયું નથી, પરંતુ તેની તૈયારી અને યોજના પર કામ ચાલી રહ્યું છે.

ગ્રીનલેન્ડની પોતાની કોઈ સેના નથી. તેની સંરક્ષણ અને વિદેશનીતિની જવાબદારી ડેનમાર્કની છે. આ ડેનમાર્કનો એક સ્વાયત્ત પ્રદેશ છે. અહીંની વસતિ માત્ર 57 હજાર છે.

2009 પછી ગ્રીનલેન્ડ સરકારને દરિયાકાંઠાની સુરક્ષા અને કેટલાક વિદેશી બાબતોમાં છૂટ મળી છે, પરંતુ સંરક્ષણ અને વિદેશ નીતિના મુખ્ય મામલાઓ હજુ પણ ડેનમાર્ક પાસે છે.

અમેરિકન સૈનિકો: અમેરિકાનો પિટુફિક સ્પેસ બેઝ (થુલે એર બેઝ). ગ્રીનલેન્ડના ઉત્તર-પશ્ચિમમાં આવેલો આ બેઝ અમેરિકા દ્વારા સંચાલિત છે. આ બેઝ મિસાઈલ ચેતવણી સિસ્ટમ અને સ્પેસ મોનિટરિંગ માટે ઉપયોગમાં લેવાય છે. NYT અનુસાર, અહીં લગભગ 150થી 200 અમેરિકી સૈનિકો તહેનાત છે. આ મિસાઈલ ચેતવણી, સ્પેસ સર્વેલન્સ અને આર્કટિક સુરક્ષા માટે છે. આ અમેરિકાનો સૌથી ઉત્તરીય સૈન્ય અડ્ડો છે.

ડેનિશ સૈનિકો: ડેનમાર્કની જોઈન્ટ આર્કટિક કમાન્ડ ગ્રીનલેન્ડમાં કાર્યરત છે. મીડિયા રિપોર્ટ અનુસાર, અહીં કુલ લગભગ 150થી 200 ડેનિશ સૈન્ય અને નાગરિક કર્મચારીઓ છે. જેઓ દેખરેખ, સર્ચ એન્ડ રેસ્ક્યૂ અને સાર્વભૌમત્વનું રક્ષણ કરે છે. તેમાં પ્રખ્યાત સિરિયસ ડોગ સ્લેજ પેટ્રોલ (એક નાનો એલિટ યુનિટ, લગભગ 12-14 લોકો) પણ સામેલ છે, જે કૂતરાઓની સ્લેજ દ્વારા લાંબું પેટ્રોલિંગ કરે છે.

## તંત્રી લેખ


# 'ટ્રમ્પની નવી નીતિથી ગુજરાતીઓને મોટો ફટકો પડશે' : વિઝાની તારીખ મેળવવા માટે પણ ફાંફાં

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા ત્યારથી જ કંઇ ને કંઇ નવાજૂની કરતા જ રહે છે. પહેલા ઈમિગ્રન્ટ્સ માટેના નિયમોમાં સતત ફેરફાર, ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને હાથમાં હાથકડી બાંધી પોતાના વતન પાછા મોકલવા સહિતનાં કારણોને લીધે તેઓ સતત ચર્ચામાં રહ્યાં. હવે તેઓ H-1B વિઝા માટે લોટરી સિસ્ટમની જગ્યાએ નવી ગ્રેડિંગ સિસ્ટમ એટલે કે 'વેજ વેઈટેડ સિલેક્શન સિસ્ટમ' લઈને આવ્યા છે. આ નવી સિસ્ટમ આવતા મહિને ફેબ્રુઆરીથી જ લાગુ થશે. એક્સપર્ટના મતે આ નવી વિઝા નીતિના કારણે ભારતીયો અને એમાં પણ ગુજરાતીઓને ખૂબ મોટો ફટકો પડવાનો છે, જેથી સ્ટુડન્ટે અમેરિકા સિવાયનો પણ બેકઅપ પ્લાન તૈયાર રાખવો પડશે. આ વેજ વેઈટેડ સિલેક્શન સિસ્ટમ છે શું? લોટરી સિસ્ટમથી કેટલી અલગ છે? સૌથી મહત્ત્વની વાત આનાથી ગુજરાતીઓ પર શું અસર થશે? એ જાણવા જાણીતા ઈમિગ્રેશન એક્સપર્ટ પાર્થેશ ઠક્કર અને ભાવિન ઠાકર સાથે વાત કરી હતી. જૂની લોટરી સિસ્ટમ એ એક એવી પદ્ધતિ હતી, જેમાં લાયકાત કરતાં નસીબનું મહત્ત્વ વધુ હતું. દર વર્ષે અમેરિકા 85 હજાર H-1B વિઝા આપતી હતી, પરંતુ અરજીઓ લાખોમાં આવતી હોવાથી લોટરીથી એટલે કે 'રેન્ડમ સિલેક્શન' કરવામાં આવતું હતું. વિઝા કન્સલ્ટન્ટ ભાવિન ઠાકર નવી સિસ્ટમને લઈને કહે છે કે આ વેજ વેઈટેડ સિલેક્શન સિસ્ટમમાં નામ પ્રમાણે સેલરીના બેઝ પર સિલેક્શન થશે, એટલે કે પગારનું મહત્ત્વ વધી જશે. અત્યારસુધી લોટરી બેઝ સિલેક્શન થતું, જેમાં નામ નીકળે તો તેને H-1Bનું અપ્રૂવલ મળે, પરંતુ હવે નવી સિસ્ટમ ચાર લેવલમાં છે. 'હાઈ સેલરીવાળા લેવલ 4માં આવશે. તેમને 4 વખત એપ્લાય કરવાની તક મળશે. એ રીતે લેવલ 3માં 3 તક, લેવલ 2માં 2 તક, જ્યારે લેવલ 1માં 1 તક મળશે. ઓછી સેલરી અથવા વ્યવસાય ડિમાન્ડ લિસ્ટમાં નથી એ પણ એપ્લાય કરી શકશે, પણ એના ચાન્સ ઓછા રહેશે.' 'અમેરિકન સિટિઝન, પ્રોફેશનલ અને હાઈ સ્કિલ્ડ વર્કર્સને રક્ષણ આપવા માટે આ નિયમ બનાવ્યો છે. આની અમેરિકાના એમ્પ્લોયરને પણ અસર થશે. તેમના માટે ઓપ્શન ઓછા થઈ જશે. સેલરી થ્રેશ હોલ્ડ આવી હશે. જોકે ગ્રેડમાં એવું પણ નથી કે ખાલી સેલરી જ કામ કરશે.' 'આમાં ત્રણ બાબત મહત્ત્વની છે. તમારી સેલરી કેટલી છે? કયા વ્યવસાયમાં છો અને કઈ કાઉન્ટી કે કયા સ્ટેટમાં છો? આ ત્રણેય પર આધાર રાખે છે કે તમને વિઝા મળવાના કેટલા ચાન્સ છે. OFLC નામની વેબસાઈટ છે, જેના પર H-1B એપ્લિકેન્ટ પોતાનો ગ્રેડ અને કયા સેક્શનમાં છે એ જોઈ શકે છે.' આ નવી સિસ્ટમથી ગુજરાતીઓને શું અસર થશે એ અંગે વિઝા કન્સલ્ટન્ટ પાર્થેશ ઠક્કર કહે છે કે ગુજરાતી કે ભારતીયો કેટલા H1 વિઝા પર છે એનો કોઈ ચોક્કસ આંકડો નથી. H1માં સિલેક્શન મોટેભાગે ભારતીયોનું જ થાય છે એમ કહી શકાય. ઈન્ડિયન ટેક કંપનીઓ પણ પોતાના વધુમાં વધુ કર્મચારીને ત્યાં મોકલતી હતી. જે હવે નહીં થાય. 85 હજારમાંથી મોટાભાગની એપ્લિકેશન IT વાળાની જ આવતી હતી એમ કહેવાય છે.'2024માં 1 લાખથી 1.30 લાખ ભારતીય સ્ટુડન્ટને USAમાં વિઝા મળ્યા હતા, જે આંકડો 2025માં ઘટીને 29 હજાર થઈ ગયો. 2026માં એટલા પણ આપશે એમ લાગતું નથી. હવે અમેરિકામાં છે એ જ નવી એપ્લિકેશન કરી શકશે.

# લક્ષ્મી નિવાસમાં એકાએક શાંતિ કેમ છવાઈ ગઈ! અને ત્રણેય સ્ત્રીઓને ધ્રુજારી કેમ વ્યાપી!?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આમ તો ગ્લોબલ વોર્મિંગને કારણે હવે ઋતુઓ પહેલાં જેટલી ઈફેક્ટિવ રહી નથી! પણ છતાં શિયાળા એ જતાં જતાં થોડી ચમક દેખાડી અને એને કારણે કબાટમાંથી સ્વેટર શાલ નીકળ્યાં ખરાં! પણ એક સમય હતો જ્યારે શિયાળામાં તાપણું કરવું પડતું હતું એટલી ઠંડી પડતી હતી! અને શનિવારે સવારે નિશાળે જતી વખતે દાંત કડકડતા હતાં અને શરીરમાં રીતસર ધ્રુજારી આવતી હતી, જોકે ધ્રુજારી આવવાનાં ઘણાં કારણો છે. ગયાં વખતની બોધકથા ફિરકીનાં બહુ બધા પ્રતિભાવ આવ્યાં અને એમાં મોસ્ટલી સ્ત્રી સાથેની એની સરખામણી એકદમ સટિક! પણ એક બે પ્રતિભાવ થોડા અલગ હતાં અને એનો એવો સૂર હતો કે, સમાધાન સ્ત્રી જ શું કામ કરે ? એક રીતે વાત સાચી પણ છે, કારણ કે ઘણીવાર એવું પણ બને કે સ્ત્રીની સહનશીલતા પુરુષ માટે પરવાનો બની જાય છે, અને ત્યારે એ સ્ત્રીને સાધન સમજી એની સાથે વ્યવહાર કરે છે! આપણે હેલ્લારો ફિલ્મ યાદ કરીએ તો જે પુરુષ મૂર્તિ રુપે શક્તિની આરાધના કરે છે, એ જ પુરુષ પોતાની ઘરની સ્ત્રી શક્તિનું શોષણ કરતાં જરાં પણ અચકાતો નથી! હવે તો સમય ઘણો બદલાઈ ગયો છે! પણ મર્યાદાને નામે સ્ત્રીને કેટકેટલા સમાધાન કરવા પડતાં હતાં એ આપણી માતાઓની જીવન યાત્રાને જોઈએ તો સમજાય! તો ધ્રુજારી ના ભાવને વ્યક્ત કરતો એક કિસ્સો જેમાં એક ઘરમાં ત્રણ પેઢીની સ્ત્રીઓ વસે છે, એનાં શરીર અને મન પર સમય અને ઋતુ કંઈ રીતે અસર કરે છે એ જોઈએ.

આવાં જ એક શિયાળાની રાતે લક્ષ્મી નિવાસમાં એકદમ શાંતી છવાઈ ગઈ હતી! જાણે કે કાળી રાતનો સાયો પડ્યો હોય! ચોવીસ કલાક નોકર ચાકરથી કલબલતી હવેલી સૂમસામ બની ગઈ! શું કારણ હતું! આ હવેલીમાં લક્ષ્મી બા એટલે કે શેઠ રતનલાલ નાં માતુશ્રી કે જે 85 આસપાસના હતાં! શેઠ રતનલાલ ની પત્ની માણેક કે જે 58 આસપાસની, એમની દિકરી સુવર્ણા કે જેણે હજી યુવાનીમાં ડગલાં માંડ્યા છે એ માત્ર 21 વર્ષની હતી! એમને આ ઠંડી રાતે જુદાજુદા કારણે ધ્રુજારી લાગતી હતી. લક્ષ્મી બા ને પાંચ સંતાન ચાર દિકરી પછી એક દિકરો, એમાં સૌથી નાના રતનલાલ! જે સાત ખોટનો હોવાથી લાડકોડને કારણે છકી ગયો હતો. જ્યારે રતનલાલને ત્રણ સંતાન બે દિકરા પછી એક દિકરી. રતનલાલ અને એમનાં બેય દિકરા મોટેભાગે પોતાનાં બિઝનેસ માટે વિદેશ રહેતાં અને એકદમ રસિક અને રંગીન સ્વભાવનાં રતનલાલ માં રુપિયા પૈસને કારણે ઘણી ખરાબ આદતો હતી! જેનું એની પત્નીને સૌથી વધુ દુઃખ હતું! પણ હવે એ દર્દ કાયમ ક્યાં સહન કરવાનું છે! એમ વિચારીને મૌન રહેતી.એટલે એવું પણ નહોતું કે એમને પોતાના પરિવારની પડી નહોતી! એ ક્યારેક ફોનથી તો ક્યારેક રૂબરૂ મુલાકાત લઈ બધાને સરપ્રાઈઝ આપતાં! પણ બહાર હસમુખા અને એકદમ રોમેન્ટિકની છાપ ધરાવતા રતનલાલ ઘરમાં ઘણા સટ્રીક હતાં, અને આજે એકાએક પાંચ મહિને ઘરે આવ્યા હતાં. એ જ્યારે ઘરે હોય ત્યારે બધાએ શિસ્ત અને પરંપરાનું ચુસ્ત પણે પાલન કરવું પડતું. પણ હકીકત એ હતી કે આ એક એવું નાટક હતું કે જેને કારણે પરિવાર પર એ પોતાનું વર્ચસ્વ જમાવી રાખવા માંગતા હતાં, અને કોઈ પોતાની એબ સામે આંગળી પણ ઉઠાવી ન શકે.

લક્ષ્મી બા નું આખું શરીર વા નાં દર્દથી ઘેરાઈ ગયું હતું, અને શિયાળામાં તો હાડકાં બહુ દુખે! પહેલી રાત્રે માણેક આવીને દવા તથા હળદર વાળું દૂધ પાઈ એને ઓઢાડીને સુવરાવી ગઈ, પણ રાત જેમ જેમ જામતી ગઈ એમ ઠંડી વધતી ગઈ, અને લક્ષ્મી બા નાં ઘરડા શરીરમાં ધ્રુજારી આવી, સામે જ કબાટમાં ઓઢવાનું પડ્યું હતું! પણ લેવા જઈ શકે એવું શરીર નહોતું! આખી રાત લક્ષ્મી બા ઠંડી ને કારણે ધ્રુજતા રહ્યાં, બિલકુલ ફૂટપાથ પર સૂતેલી ભિખારણ જેમ!

સજીધજીને માણેક પોતાનાં રુમમાં પોતાનાં પતિની રાહ જોઈ રહી હતી! પૂરાં પાંચ મહિને પતિ ઘરે આવ્યાં હતાં, છતાં માણેક નાં મનમાં કોઈ ઉત્સાહ નહોતો!: ઊલટો ડર હતો! કે બહારની દુનિયામાં જે સજ્જન તરીકે જીવે છે, એ તો છી... સ્ત્રીની સંવેદના સાથે એને કોઈ લેવાદેવા જ ન્હોય એમ, ન કોઈ વાતચીત, ન કોઈ પ્રેમની ચેષ્ટા, બસ કપડાં ખેંચીને શિયાળ અને વરુ જેમ દેહ ચૂંથશે.. પણ આજે વાત કંઈક જુદી હતી, એની દિકરી સુવર્ણાની આંખમાં એણે કંઈક જુદીજ ચમક જોઈ હતી, અને એને થયું કે પોતાની દીકરી તો પરણવા લાયક થઈ ગઈ છે! એને પોતાનાં જેવો જ પતિ એની દિકરીને મળશે તો? શું એને પણ મારી જેમ...અને એ વિચારે એને ચેન પડતું નહોતું! ડરામણી અને ભયાનક કલ્પનાના ડરથી માણેક અંદરથી થરથરતી હતી, અને ત્યારે જ રતનલાલ રુમમાં પ્રવેશ્યા અને સિગારેટનુ લાઈટર જલાવી બંધ કરી એક અટ્ટહાસ્ય કર્યું, અને લાઈટરનો ઘા કરી એક હાથે એની સાડી ખેંચી, બીજા હાથે એને પથારીમાં પટકી.. જાણે કે દુર્યોધન.. અને એના પૂરાં શરીરમાં એક ધ્રુજારી પ્રસરી ગઈ! માણેકને આનો ઈલાજ ક્યાંય દેખાતો નહોતો!

આજની આ રાત સુવર્ણા માટે પણ કંઈક જુદી જ લાગણી લઈને આવી હતી, કારણ કે સુવર્ણાનું હમણાં જ એક કોલેજમાં એડમિશન થયું હતું, અને દેખાવે એકદમ સુંદર એવી સુવર્ણા યુવાનીમાં હજી પ્રવેશી જ હતી, અને ઋતુ સહજ એ વસંતનાં આગમનથી સ્વાભાવિક રીતે જ સુંદર અને આકર્ષક યુવકોને જોઈને વિજાતીય આકર્ષણ અનુભવતી હતી! અને એમાં આજે કોલેજ નો હીરો ગણાતો હતો, એવાં સર્જીત એ એને મૈત્રી પ્રસ્તાવ રુપે ગુલાબનું લાલ ફૂલ આપ્યું. એકદમ અંતર્મુખી સ્વભાવની સુવર્ણા લજવાઈ ગઈ, અને ઈન્કાર કે ઈઝહાર કંઈ પણ કર્યા વગર ઘરે આવી ગઈ, અને લજ્જાથી સ્વેચ્છાએ પોતાનાં રુમમાં પુરાઈ ગઈ! વારંવાર એની આંખ સામે સર્જીતનો સુંદર ચહેરો છવાઈ જતો હતો, એ મનોમન એને વરી ચૂકી હતી! રાતની ઠંડી ઠંડી આબોહવામાં એનું મન કલ્પનામાં સર્જીત સાથે તન મનના મિલાવતી પોતાનું ભવિષ્ય જોઈ આલ્હાદકતા અનુભવી રહ્યું હતું અને પ્રેમ નામની આ ફેન્ટસી ને કારણે એનાં શરીરમાં એક ધ્રુજારી ઉત્પન્ન થઈ રહી હતી, અને એ એને આનંદ આપી રહી હતી!

લક્ષ્મી બા ની ધ્રુજારી શિયાળું ઉપરાંત સ્થૂળ શરીરની હતી! જે ઉંમર સહજ પણ હતી! જ્યારે માણેકની ધ્રુજારીનું કારણ કાલ્પનિક ડર હતો ! સ્ત્રી પોતાના દુઃખ ને આસાનીથી સહન કરી જતી હોય છે, પણ પોતાના સંતાન અને એમાં પણ ખાસ કરીને દિકરીનું ભવિષ્ય ધૂંધળું દેખાય ત્યારે એની બેચેની હદ વટાવી જાય છે. સુવર્ણાની ધ્રુજારી પ્રિયજન સાથેનાં સહવાસ નો કાલ્પનિક રોમાંચ છે, એટલે આલ્હાદક ઉત્તેજના!લક્ષ્મી બા ની ધ્રુજારી શિયાળું ઉપરાંત સ્થૂળ શરીરની હતી! જે ઉંમર સહજ પણ હતી! જ્યારે માણેકની ધ્રુજારીનું કારણ કાલ્પનિક ડર હતો ! સ્ત્રી પોતાના દુઃખ ને આસાનીથી સહન કરી જતી હોય છે, પણ પોતાના સંતાન અને એમાં પણ ખાસ કરીને દિકરીનું ભવિષ્ય ધૂંધળું દેખાય ત્યારે એની બેચેની હદ વટાવી જાય છે. સુવર્ણાની ધ્રુજારી પ્રિયજન સાથેનાં સહવાસ નો કાલ્પનિક રોમાંચ છે, એટલે આલ્હાદક ઉત્તેજના! જેને કારણે શરીરમાં એક ધ્રુજારી ઉત્પન્ન થાય છે, અને જેને આજકાલના યુવાનો ફેન્ટસી કહે છે. મિત્રો આ કિસ્સો આજે લખવાનું કારણ એ છે કે વસંતનું આગમન થઈ ચૂક્યું છે અને 14/ ફેબ્રુઆરી એ વેલેન્ટાઈન ડે પણ આવશે! તો યુવાનીમાં ડગ માંડી ચૂકેલી યુવતીઓ આવી કોઈ પ્રેમ લાગણીની ધ્રુજારી અનુભવો ત્યારે એ યુવક વિશે ઘરના ને સ્પષ્ટ જણાવી દો! તમારી લાગણીઓ પણ બતાવી દો! અને પછી માતા પિતાને નક્કી કરવા દો કે એ યોગ્ય છે કે નહીં! કારણ કે કોઈવાર નાની એવી ભૂલ અથવા બેદરકારી કે પછી ઓવર કોન્ફિડંશ પણ જીંદગી ભરનાં દુઃખ નું કારણ બની શકે છે, માટે સાવધાન.

# વસો તાલુકાની પ્રાથમિક શાળા દંતાલી ખાતે રોડ સેફ્ટી માસ અંતર્ગત ચિત્રસ્પર્ધા યોજાઈ




**નડિયાદ, તા. 20**

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ જાન્યુઆરી-૨૦૨૬ ની ઉજવણીના ભાગરૂપે પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી -RTO કચેરી નડિયાદ દ્વારા આજરોજ વસો તાલુકાની પ્રાથમિક શાળા દંતાલી ખાતે રોડ સેફટી માસ અંતર્ગત ચિત્રસ્પર્ધા યોજાઈ હતી. પ્રાથમિક શાળા દંતાલીમાં ૭૫ થી વધારે વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આરટીઓ નડિયાદ દ્વારા આ દરેક વિદ્યાર્થીને સ્કેચબૂક અને કલર આપવામાં આવ્યા હતા. તેમાં પ્રથમ ત્રણ વિજેતાઓને આરટીઓ નડિયાદ દ્વારા સહાયક મોટર વાહન નિરીક્ષક જે.એ.પટેલ અને સી.એલ. જોશી દ્વારા પારિતોષિક અને સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યા હતા. માર્ગ સલામતી (Road Safety) એ માત્ર નિયમોનું પાલન નથી, પરંતુ આપણા અને અન્યના જીવનને સુરક્ષિત રાખવાની સામૂહિક જવાબદારી છે. વધતા જતા વાહનો અને ટ્રાફિકને કારણે માર્ગ સલામતીના નિયમો જાણવા ખૂબ જ જરૂરી બન્યા છે એમ પણ સમજાવવામાં આવ્યું હતુ.. બાળકોને વાહન ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાના મુખ્ય નિયમો વિશે જાણકારી આપવામાં આવી હતી કે ટુ-વ્હીલર ચલાવતી વખતે ISI માર્કવાળું હેલ્મેટ અવશ્ય પહેરવું. ફોર-વ્હીલરમાં ડ્રાઈવર અને બાજુમાં બેઠેલી વ્યક્તિએ સીટબેલ્ટ બાંધવો ફરજિયાત છે.રસ્તા પર દર્શાવેલ ગતિ મર્યાદા મુજબ જ વાહન ચલાવવું. &★39;ઝડપ એ જ આફત&★39; એ સૂત્ર હંમેશા યાદ રાખવું જોઈએ. વાહન ચલાવતી વખતે ફોન પર વાત કરવી કે મેસેજ કરવાથી ધ્યાન ભટકે છે, જે અકસ્માતનું મુખ્ય કારણ બને છે. બાળકોને ટ્રાફિક સિગ્નલ અને સંકેતોની સમજ આપવામાં આવી હતી. ટ્રાફિક લાઈટ્સના ત્રણ મુખ્ય રંગોનો અર્થ સમજાવામાં આવ્યા હતા. લાલ લાઈટ એટલે વાહન થોભાવી દો. પીળી લાઈટ એટલે વાહન થોભાવવા માટે તૈયાર થઈ જાવ અથવા સાવચેતીથી આગળ વધો. લીલી લાઈટ એટલે તમે આગળ વધી શકો છો. રસ્તો ઓળંગવા માટે હંમેશા ઝેબ્રા ક્રોસિંગનો ઉપયોગ કરવો જોઈએ.જ્યાં ફૂટપાથ હોય ત્યાં ફૂટપાથ પર જ ચાલવું જોઈએ. રસ્તો ઓળંગતા પહેલા ડાબી અને જમણી બંને તરફ જોવું. વધુમાં હેલમેટ પહેરવા, રોંગ સાઈડ વાહન ન ચલાવવા જેવી બાબતનુ ચુસ્ત પણે પાલન કરવા જણાવેલું હતું એમ આરટીઓ શ્રી મિતેશભાઈ ભંગાલે જણાવ્યું હતું.

# પરીક્ષામાં જેટલું જતું કરીએ એટલા ગુણ ઓછા થાય જ્યારે જીંદગીની પરીક્ષામાં જેટલું જતું કરીએ એટલા સંબંધો અને ગુણ વધતાં જાય.!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)




મહામહિનો લગ્નોત્સવ માસ છે એટલે કેટલાક સમાજમાં લગ્નની રમઝટ જામશે સૌને ઉત્સવ મૌજથી ઉજવો તેવી શુભેચ્છા સાથે આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક રાજા હતો જેને ચિત્રકામ ખૂબ ગમતું. તેણે એક વાર જાહેરાત કરી હતી કે જે કોઈ ચિત્રકાર શાંતિ દર્શાવતું ચિત્ર દોરી શકશે તેને તે ઈનામ આપશે.

પુરસ્કાર સમારંભના દિવસે, ઘણા ચિત્રકારો પોતાના ચિત્રો લઈને રાજાના મહેલમાં પહોંચ્યા, તેઓ ઈનામ જીતવા માટે ઉત્સુક હતા. રાજાએ દરેક ચિત્રની તપાસ કરી અને તેમાંથી બે ચિત્રો અલગ રાખ્યા. આ બે ચિત્રોમાંથી એકને ઈનામ માટે પસંદ કરવામાં આવશે.પહેલું ચિત્ર એક સુંદર, શાંત તળાવનું હતું. પાણી એટલું સ્પષ્ટ હતું કે તેની સપાટી પણ દેખાઈ રહી હતી. આસપાસના હિમશિલાઓનું પ્રતિબિંબ તેને અરીસામાં પ્રતિબિંબિત કરતું હતું.ઉપર,વાદળી આકાશ કપાસ ના ગોળાની જેમ તરતા સફેદ વાદળોથી ભરેલું હતું.જેણે પણ આ ચિત્ર જોયું તેને લાગ્યું કે શાંતિ દર્શાવવા માટે આનાથી સારું કોઈ ચિત્ર હોઈ શકે નહીં. હકીકતમાં, તે શાંતિનું એકમાત્ર પ્રતીક હતું.બીજા ચિત્રમાં પણ પર્વતો દર્શાવવામાં આવ્યા હતા, પરંતુ તે સંપૂર્ણપણે સૂકા, નિર્જીવ અને ઉજ્જડ હતા. આ પર્વતો ઉપર ગાઢ, ગર્જના કરતા વાદળો હતા, વીજળી ચમકતી હતી. ભારે વરસાદને કારણે નદી ઉભરાઈ રહી હતી. જોરદાર પવન વૃક્ષોને હલાવી રહ્યો હતો. અને ટેકરીની એક બાજુનો ધોધ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હતો. જેણે પણ આ ચિત્ર જોયું તે વિચારતો હતો કે, 'આનો શાંતિ સાથે શું સંબંધ છે?' તે બધી અશાંતિ હતી. બધાને ખાતરી હતી કે પહેલા ચિત્રકારને ઈનામ મળશે. પછી રાજા પોતાના સિંહાસન પરથી ઊઠ્યો અને જાહેરાત કરી કે તે બીજા ચિત્રકારને જે પણ ઈનામ પૂછશે તે આપશે. બધા આશ્ચર્યચકિત થઈ ગયા! પહેલો ચિત્રકાર પોતાની જાતને કાબૂમાં રાખી શક્યો નહીં. તેણે કહ્યું, 'પણ મહારાજ, તે ચિત્રમાં એવું શું છે જેના કારણે તમે તેને ઈનામ આપવાનું નક્કી કર્યું... જ્યારે બધા કહી રહ્યા છે કે મારું ચિત્ર શાંતિ દર્શાવવા માટે શ્રેષ્ઠ છે?' 'મારી સાથે આવો!' રાજાએ પહેલા ચિત્રકારને તેની સાથે આવવા માટે ઈશારો કર્યો. બીજા ચિત્ર પર પહોંચતા રાજાએ કહ્યું, 'ધોધની ડાબી બાજુ, એક બાજુ, પવનથી દૂર.'આ વાંકેલા ઝાડને જુઓ. તેની ડાળી પર બનેલા માળાને જુઓ. જુઓ કે એક પક્ષી તેના બચ્ચાઓને કેવી રીતે આટલી નરમાશથી, શાંતિથી અને પ્રેમથી ખવડાવી રહ્યું છે.' પછી રાજાએ હાજર બધાને સમજાવ્યું, 'શાંતિનો અર્થ એ નથી કે તમે એવી પરિસ્થિતિમાં છો જ્યાં કોઈ અવાજ નથી... કોઈ સમસ્યા નથી... કોઈ મહેનત નથી... કોઈ પરીક્ષણો નથી. શાંતિનો સાચો અર્થ એ છે કે તમે બધી પ્રકારની અરાજકતા, અશાંતિ અને અરાજકતા વચ્ચે છો, અને છતાં તમે શાંત રહો છો, તમારા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરો છો અને તમારા લક્ષ્ય તરફ આગળ વધો છો.' હવે બધા સમજી ગયા કે રાજાએ બીજું ચિત્ર કેમ પસંદ કર્યું.

પરમાત્માને હૃદય પ્રગટ થાય તો ભૂખ,તરસ ભૂલાય છે. નંદમહો ત્સવ રોજ કરે તેનોઆખો દિવસ આનંદમાં જાયછે.ગરીબમાંગરીબ પણ નંદમહોત્સવ કરી શકે છે. ઉત્સવમાં તન મુખ્ય નથી,પણમન મુખ્ય છે.ઉત્સવમાં દેહભાન ભૂલાય તો ઉત્સવ સફળ!તમારા શરીરને મથુરા બનાવો,હૃદયને ગોકુળ બનાવો. પછી નંદમહોત્સવ થશે.પછી હૃદયગોકુળમાંપરમાત્મા પ્રગટ થાય છે.ગો એટલે ઈન્દ્રિય અને કુલ એટલે ઈન્દ્રિયોનો સમૂહ. ગોકુળ એટલે ઈન્દ્રિયોનો સમૂહ. જ્યાં ભેગો થાય છે તે હૃદય! હૃદય ગોકુળમાં લાલાને પધરાવો! અને ઝૂલાવો!મનને આસક્તિમાં થી મુક્ત કરો તો મથુરા બનશે અને હૃદય ગોકુળ બનશે.પવિત્ર કાયા એ જ મથુરા છે,એ જ ગોકુળ છે.કામ અને સંપત્તિ આ બે વસ્તુમાંથી મનને હટાવવાનું છે. અનેક વખત મનુષ્ય તનથી ત્યાગ કરે છે, પણ મનથી ત્યાગ કરતો નથી.તનથી ત્યાગ કરે પણ મનથી ત્યાગ ન કરે તો એ દંભ છે.આ બે વસ્તુમાં માયાછે,મધ છે,આકર્ષણ છે.બે વસ્તુથી મનને સાચવો તો શરીર મથુરા બનશે.યૌવનને ભોગ વિલાસમાં ન બગાડો. જુવાનીમાં જે મનને અંકુશમાં રાખે તે ડાહ્યો. શક્તિ, સંપત્તિ છતાં જેનું મન વિષયોમાં ન જાય તે સંયમી.ઘડ પણમાં આંખ બગડી હોય, પૂરું દેખાતું ન હોય અને પછી ડોસો સિનેમા જોવાનું છોડે તેમાં શું ધાડ મારી.ભક્તિ સહેલી નથી.પરસ્ત્રી, પર ધનની આસક્તિ છૂટ્યા વગર ભક્તિનો આરંભ થતો નથી. સવારે સેવા કરો એટલે ભક્તિ થઈ ગઈ તેમ ન સમજો. ભોગ બુદ્ધિ છે ત્યાં સુધી ઈશ્વરની ભક્તિ થતી નથી. દ્રવ્યનું ચિંતન અને વિષયોનું ચિંતન છોડો,તો તમારી કાયા પવિત્ર મથુરા જેવી થશે.આ શરીરને મથુરા બનાવવું હશે તેને યમુનાને કિનારે રાખવું પડશે.યમુના એ ભક્તિ સ્વરૂપ છે. યમુનાકિનારો તો ભક્તિનો કિનારો છે.ચોવીસ કલાક ભક્તિનાકિનારે રહેશો,તો તમારું શરીર જ મથુરા જ થઈ જશે.આ શરીરને મથુરા બનાવો.વિષયો અને સંપત્તિના મદથી મનને જે સાચવે છે તેનું શરીર મથુરા બને છે.મથુરા શબ્દ ને ઊલટાવો તો થશે રાથુમ.થુ વચ માંથી નાખો એટલે રહેશે રામ. જેના મુખમાં હંમેશાં રામ રહે છે, તેનું શરીર મથુરા બને છે. પરમાત્માનું સતત અનુસંધાનહોય તો 'રામ' રહે છે અને ન હોય તો 'થુ' રહે છે. યમદૂતો તેના ઉપર થૂ થૂ કરે છે.

આપણે તીર્થમાં જઈએ છીએ એ સારી વાત છે, પણ શરીરને તીર્થ જેવું પવિત્ર બનાવો. શરીરનેમથુરા બનાવોઅને હૃદયને ગોકુળબનાવો ગો શબ્દના ઘણા અર્થ થાય છે. ગો એટલે ઇન્દ્રિય,ગોએટલેભક્તિ ગો એટલે ગાય,ગો એટલે ઉપ નિષદ.ઈન્દ્રિયોને વિષયો તરફ ન જવા દેતાં પ્રભુ તરફ વાળો,કારણ તેના માલિક પ્રભુ છે.એક એક ઈન્દ્રિયનેભક્તિ રસમાં તરબોળ બનાવો.ઘણાં કાનથી ભક્તિ કરે છે, આંખથી કરતાં નથી.ઘણાં આંખ થી ભક્તિ કરે છે,પણ મનથી કરતા નથી.પ્રત્યેક ઈન્દ્રિય થી શ્રીકૃષ્ણરસનું પાન કરો.એક એક ઈન્દ્રિયને ભક્તિરસમાં તરબોળ બનાવશો, તો તમારું હૃદય ગોકુળ બનશે અને પરમા નંદ પ્રગટ થશે. જે ઈન્દ્રિય ભક્તિ ન કરે તે પાપ કરે છે.પ્રત્યેક ઈન્દ્રિયથી શ્રીકૃષ્ણરસનું પાન કરે તે ગોપી.

વૈષ્ણવ પરમાત્માના દિવ્ય પ્રકાશ ને હૃદયમાં નિહાળે છે. ઠાકોરનાં દર્શન કર્યા પછી આંખ બંધ કરી સ્વરૂપને અંદર જુઓ. શ્રીકૃષ્ણના સ્મરણમાં દેહનું કે સંસારનું ભાન ન રહે તો તમારો નંદમહોત્સવ સફળ છે.શરીરથી નહીં પણ મન થી રોજ ગોકુળમાં જાઓ.મનથી મથુરા જાઓ. શરીર ગમેત્યાં હોય મનને વૃંદાવનમાં મોકલો. ભાવના કરો કે યશોદાની ગોદમાંબાલકૃષ્ણ છે,ગોપીઓ લાલાનાં દર્શન કરવા દોડતી જાય છે.લાલાની એક એક લીલાનું એમ સિંચન કરો.જ્ઞાન માર્ગમાં ભેદનો નિષેધ કરવામાં આવે છે.ભક્ત ભક્તિ દ્વારા ભગવાન સાથે એક બને છે,બંને ધ્યેય એક જ છે. ભક્તિમાં આરંભમાં ભેદ છે.પછી ભક્ત અને ભગવાન એક બને છે. વૈષ્ણવ પરમાત્માના દિવ્ય પ્રકાશ ને હૃદયમાં નિહાળે છે.ઠાકોરનાં દર્શન કર્યા પછી આંખ બંધ કરી સ્વરૂપને અંદર જુઓ.શ્રીકૃષ્ણના સ્મરણમાં દેહનું કે સંસારનું ભાન ન રહે તો તમારો નંદમહોત્સવ સફળ છે.શરીરથી નહીં પણ મન થી રોજ ગોકુળમાં જાઓ.મનથી મથુરા જાઓ. શરીર ગમેત્યાં હોય મનને વૃંદાવનમાં મોકલો. ભાવના કરો કે યશોદાની ગોદમાંબાલકૃષ્ણ છે,ગોપીઓ લાલાનાં દર્શન કરવા દોડતી જાય છે.લાલાની એક એક લીલાનું એમ સિંચન કરો.જ્ઞાન માર્ગમાં ભેદનો નિષેધ કરવામાં આવે છે.ભક્ત ભક્તિ દ્વારા ભગવાન સાથે એક બને છે,બંને ધ્યેય એક જ છે. ભક્તિમાં આરંભમાં ભેદ છે.પછી ભક્ત અને ભગવાન એક બને છે.જગતનું ભાનછે ત્યાં સુધી દર્શન માં સાચો આનંદ મળતો નથી. દેહનું ભાન છે ત્યાં સુધી દેહદર્શન થતું નથી.ધ્યાન વગર ઈશ્વરનો સાક્ષાત્કાર થતો નથી. વસુદેવ-દેવકીએ અગિયાર વર્ષ સતત ધ્યાન કરેલું.ધ્યાન કરનારો હું ધ્યાન કરું છું તે પણ ભૂલે છે. જગતને ભૂલે છે.ફક્ત એક ઈશ્વર ભાવ બાકી રહે છે. આનું નામ અદ્વૈત છે. વાચક ચાહક મિત્રો, દરેક વ્યક્તિ પોતાના જીવનમાં શાંતિ ઈચ્છે છે. પરંતુ ઘણીવાર આપણે 'શાંતિ' ને બાહ્ય વસ્તુ તરીકે માનીએ છીએ અને તેને દૂરના સ્થળોએ શોધીએ છીએ. જ્યારે શાંતિ સંપૂર્ણપણે આપણા મનની આંતરિક ચેતનામાં હોય છે. અને સત્ય એ છે કે બધી પીડા, વેદના અને મુશ્કેલીઓ વચ્ચે પણ શાંત રહેવું એ ખરેખર શાંતિ છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અમદાવાદમાં રેડ ઝોન અને યલો ઝોનમાં 'નો ડ્રોન ફ્લાય' અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**અમદાવાદ, તા. 20**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.ક્રમાંક:વિ. શા./એ સેકશન/પરમીટ/ડ્રોન કેમેરા રેડ ઝોન-યલો ઝોન / જાહેરનામું/ ૦૭ /૨૦૨૬ તા. ૨૦/૦૧/૨૦૨૬ વંચાણે લીધા: પોલીસ મહાનિરીક્ષક શ્રી સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/ કામગીરી/૭૮૯/૨૦૨૧ તા.૦૧/૧૧/૨૦૨૧ અન્વયે અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન એરપોર્ટ, આર્મી કેન્ટોન્મેન્ટ, સેન્ટ્રલ જેલ, વી.આઈ.પી /વી. વી.આઈ.પી. રહેઠાણ અગત્યના પાવર સ્ટેશનો, મેટ્રો રેલ્વે, ઈન્ડસ્ટ્રીયલ એકમો, બ્રીજ તેમજ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલીત માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને અમદાવાદ શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ નજીકના ભૂતકાળમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ડાયરેકટર જનરલ ઓફ સિવિલ, એવિએશન, ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ડીજીટલ સ્કાય (એપ્લીકેશન) પ્લેટફોર્મ ઉપર રેડ ઝોન - ૩૬ અને યલો ઝોન -૧૬૫ મળી કુલ: ૨૦૧ જગ્યાઓ કે જે હવે પરીશિષ્ટ-ક મુજબના રહેશે. DRONE-UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં રેડ ઝોન પ્રતિબંધિત વિસ્તાર હોઈ DRONE-UAV ઉડાડી શકાશે નહિ, અને બાકી રહેલ યલો ઝોન, ગ્રીન ઝોન વિસ્તાર માટે અરજદાર/ઓપરેટરશ્રીએ ડીજી. સ્કાય (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલ વિગતો/ શરતો મુજબ લોગીન થઈ પરવાનગી લઈ DRONE-UAV ઉડાડી શકે છે.: હુકમ : વાસ્તે જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર. સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ.માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે, ઉપર જણાવેલ ઝોન/ વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવુ છું. પ્રવર્તમાન પરીસ્થિતીને અનુસંધાને અમદાવાદ શહેરની સુરક્ષાની બાબતને ધ્યાને લેતાં ઉપરોક્ત જણાવેલ વિગતોનું કોઈ પણ વ્યક્તિ/અરજદાર/એજન્સી ઉલ્લંઘન કરતાં જણાઈ આવશે તો તેઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. અમલવારીનો સમય: આ હુકમ તા.૨૧/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૧/૦૩/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે. પ્રતિબંધિત વિસ્તાર: પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર. અપવાદ 1. સરકારી સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફ્ટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે. 2. DGCA દ્વારા પરમીશન આપવામાં આવેલ U.A.V (Unmanned Aerial Vehicle) જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે. શિક્ષા: આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## થરા પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી રૂ.૬,૯૬,૨૬૮/-નો વિદેશી દારૂ/બિયર તથા ગાડી મુદ્દામાલ પકડી પાડતી જિલ્લા એલસીબી

**યશપાલસિંહ ટી વાઘેલા થરા તા. 20**

પોલીસ મહાનિરીક્ષક બોર્ડર રેન્જ, ભુજ ચિરાગ કોરડીયા તથા બનાસકાંઠા એસ.પી. પ્રશાંત સૂંબેએ દારૂ/ જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવાની સુચના અન્વયે જિલ્લા એલ.સી.બી. પી. આઈ.એ.વી.દેસાઈ પીએસ આઈ પી એલ આહીર તથા એ.એસ.આઈ. પ્રધાનજી ધારશીજી,કિસ્મતજી નટવરજી ભરતભાઈ મગનભાઈ,જયપાલ સીંહ સજુભાની ટીમ થરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમિયાન બાતમી હકીકત મળેલ કે,વડા ગામના દિપસિંહરતનસિંહ રહે. વડા તા.ઓગડ સફેદ કલરની વેન્યુ ગાડી જેનો નં.જી. જે. ૧૮ બીએસ- ૩૫૨૯માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ટોટાણા ગરનાળાથી ખારીયા તરફ જનાર છે જે હકિકત આધારે સદારામ કોમ્પ લેક્ષ આગળ રોડ પર નાકાબંધી મા હતા ઉપરોક્ત હકિકતવાળી વેન્યુ ગાડી આવતા જે ગાડીને ઉભી રાખવા પ્રયત્ન કરેલ પરંતુ જે ગાડી ઉભી રાખેલ નહી અને ખારીયા તરફ ગાડી નાશી છુટતા તેનો પ્રાઈવેટગાડીથી ખારીયા, ટોટાણા, સોહનપુરા, ભદ્રેવાડી, શિયા સુધી પીછો કરેલ અને આ વેન્યુ ગાડીનો શિયા ગામમાં પોતાની ગાડીનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી ગાડી ચાલક ગાડી મુકી નાશી ગયેલ હોય તેમજ આ વેન્યુકારમાં તપાસ કરતા ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૬૬૮ ભરેલ હતો જેની કિ.રૂ. ૧,૯૬, ૨૬૮/- તથા હ્યુન્ડાઈ વેન્યુ ગાડી રજી જી.જે.૧૮ બી એસ-૩૫૨૯ ની કિં.રૂા. ૫,૦૦,૦૦૦/- એમ કુલ કિં.રૂા. ૬,૯૬,૨૬૮/- નો મુદામાલ પકડી પાડી થરા પોલીસ સ્ટેશન ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૫(એ)(ઈ),૮૧, ૯૮(૨) મુજબનો ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. હોવાનું અખબારી યાદીમાં જણાવાયું હતું.

## કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

**અમદાવાદ, તા. 01**

ગઈકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કલેકટર કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રી તથા મહેસુલ અને પંચાયત રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા દ્વારા તમામ જિલ્લા કલેકટર્સ સાથે જિલ્લામાં અઠવાડિયામાં બે દિવસ પબ્લિક ડે રાખવા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. જે સંદર્ભે આજરોજ સંકલન બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ દ્વારા તમામ અધિકારીશ્રીઓને અઠવાડિયામાં ફરજિયાત બે દિવસ પબ્લિક ડે તરીકે નક્કી માટે સૂચના આપવામાં આવી છે. જેથી નાગરિકો સંબંધિત અધિકારીશ્રીની મુલાકાત લઈ તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે તે માટે તમામ અધિકારીશ્રી અઠવાડિયાના કયા બે દિવસ પબ્લિક ડે તરીકે નક્કી કરશે તેની યાદી પણ કલેક્ટર કચેરી આપવાની સૂચના આપવામાં આવી છે.

બેઠક હેઠળ સૌ પ્રથમ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ ઉજવણીના આયોજન બાબતે ચર્ચા કરી સંબંધિત વિભાગોને કામગીરી વહેંચણીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ વખતે ભવન્સ કોલેજ, ડાકોર ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત મહેમાનોને આમંત્રણ, સ્થળ સુરક્ષા, બેઠક, સ્ટેજ, સાઉન્ડ, ટેબ્લો મેનેજમેન્ટ, મંડપ, વીજ પુરવઠો, ફાયર સેફ્ટી, સફાઈ, ઢોર નિયંત્રણ, મોબાઈલ ટોયલેટ, આરોગ્ય ટીમ, વૃક્ષારોપણ, ચા-પાણી નાસ્તા વગેરેની વ્યવસ્થાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ, સરકારી મકાનોમાં રોશની સજાવટ, રમત, શિક્ષણ, આરોગ્ય, રોડ સેફ્ટી સહિત અન્ય સેવાકીય ક્ષેત્રે નોંધનીય કામગીરી કરનારનું સન્માન સહિતની બાબતો પર ચોક્કસ કામગીરી દ્વારા સફળ કાર્યક્રમનું આયોજન કરવા જણાવાયું હતું. કલેક્ટરશ્રીએ ખાસ કરીને સફાઈમાં વિશેષ તકેદારી રાખવા અને સ્થાનિક બાળકો દ્વારા જ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવે તેવી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. સંકલન સમિતિ હેઠળ વિવિધ યોજનાકીય સહાયો, દફતર તપાસણી, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવણી જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રધાનમંત્રી આવાસ યોજના, પંડિત દિનદયાલ આવાસ યોજના, મુખ્યમંત્રી એપ્રેન્ટિસિપ યોજના અને વાજપાઈ બેન્કેબલ યોજનાનો મહત્તમ લાભ જિલ્લાવાસીઓને આપવા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું. આ ઉપરાંત પઘડિયા મત્સ્ય ખેડૂતોને પણ સરળતાથી બેંક દ્વારા લોનની સહાય ઉપલબ્ધ કરાવવા સૂચન કર્યું હતું. આ પ્રસંગે કલેકટરશ્રીએ વિશેષ સૂચનોમાં દરેક સરકારી કચેરીઓએ ફરજિયાત મિલકત સર્ટિફિકેટ રજુ કરી સરકારી મિલકતોની માલિકી સુનિશ્ચિત કરવા અને જિલ્લાના નાગરિકો સરળતાથી સરકારી કચેરીઓના અધિકારીઓને મળી શકે તે માટે તમામ સરકારી કચેરીઓમાં પબ્લિક ડેનું ચોક્કસ આયોજન કરવા જણાવ્યું હતું. જેમાં, સરકારી કચેરીઓએ ઓફિસ ટાઈમ અને ફિલ્ડ વિઝીટનો ચોક્કસ સમયગાળો રાખી એ મુજબ કામગીરી કરવાની રહેશે. આ સિવાય આયોજનના કામો, મતદાર યાદી સઘન સુરક્ષા અને રાજ્યપાલશ્રીની દેથલી મુકામે મુલાકાત સંદર્ભના સૂચનો બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. કલેકટરશ્રીએ જળ સંચય, પશુપાલન અને આરોગ્ય વિભાગના તમામ આયોજનના કામો સત્વરે અને ગુણવત્તાયુક્ત ધોરણે પૂર્ણ કરવા જણાવ્યું હતું.

## નડિયાદ એસ.ટી ડેપો ખાતે કંડક્ટરો અને ડ્રાઇવરોની આંખોની તપાસણી કરવામાં આવી

**અમદાવાદ, તા. 20**

રાષ્ટ્રીય રોડ સલામતી માસ-જાન્યુઆરીની ઉજવણીના ભાગરૂપે પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી (RTO) કચેરી નડિયાદ દ્વારા આજરોજ નડિયાદ એસ.ટી ડેપો ખાતે કંડક્ટરો અને ડ્રાઈવરોની આંખોની તપાસણી કરવામાં આવી તેમજ ચશ્મા અને આઈડ્રોપ્સનુ સંતરામ નેત્ર ચિકિત્સાલય દ્વારા વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતુ. રાષ્ટ્રીય રોડ સલામતી માસ-જાન્યુઆરી ઉજવણીના ભાગરૂપે આજ રોજ પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી-RTO કચેરી નડિયાદ દ્વારા નડિયાદ એસ.ટી ડેપો ખાતે -GSRTC અને સંતરામ નેત્ર ચિકિત્સાલયના સહયોગથી કંડક્ટરો અને ડ્રાઈવરોની આંખોની તપાસણીનો કાર્યક્રમ રાખવામા આવેલ હતો. જેમા ૬૦ જેટલા ચશ્મા અને ૨૦ જેટલા આઈડ્રોપ્સનુ સંતરામ નેત્ર ચિકિત્સાલય દ્વારા વિના મુલ્યે વિતરણ કરવામા આવેલ હતુ. કાર્યક્રમના અંતમા સહાયક મોટર વાહન નિરીક્ષકશ્રી સી.એલ. જોષી અને મોટર વાહન નિરીક્ષકશ્રી એન.બી.પ્રજાપતિ દ્વારા રોડ સેફ્ટી અંગેના નિયમો જેવા કે, લેન ડ્રાઈવીંગ, ખોટી રીતે ઓવરટેક નહી કરવુ વગેરેની સમજ આપવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ રોડ સેફ્ટીના પ્રાથમિક નિયમો પાળવાના શપથ લીધા હતા.

**આ હુકમ તા.૨૧/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૧/૦૩/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે**

## અમદાવાદની આરટીઓ ખાતે અનધિકૃત વ્યક્તિઓના પ્રવેશ બંધ અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**અમદાવાદ, તા. 20**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ ક્રમાંક:- વિ.શા./એ-સેકશન/ પરમીટ/ RTO /જાહેરનામું / ૦૬ /૨૦૨૬ તા. ૨૦/૦૧/૨૦૨૬ વંચાણે લીધા:- (૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી સુભાષબ્રીજના પત્ર ક્રમાંકઃ નં.આરટીઓ/અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૬૦૮ તા.૨૪/૧૨/૨૦૨૫ (૨) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી વસ્ત્રાલ અમદાવાદ પુર્વના પત્ર ક્રમાંક:નં.એઆરટીઓ/જાહેરનામું/અન અનધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૨૫-૧૩૨૭ તા.૩૧/૧૨/૨૫ પોલીસ કમિશનર અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં (૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, સુભાષબ્રિજ સર્કલની બાજુમાં, અમદાવાદ શહેર તથા (૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, વસ્ત્રાલ, અમદાવાદ શહેર ખાતે આવેલ છે. આ કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. સંદર્ભમાં જણાવેલા પત્રમાં દર્શાવેલ વિગત મુજબ આર.ટી.ઓ. માં એજન્ટ પ્રથા નાબુદ હોવા છતાં કેટલાંક ઈસમો કચેરીની આસપાસ અથવા કચેરીના નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/ નાગરીકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા (એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે. જેથી આવી પ્રવૃતિ અટકાવવા સારૂ ઉપરોક્ત બંન્ને કચેરીઓ ખાતે પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે. આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર. સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં આવેલ ઉપરોકત કચેરીઓ ખાતે કોઈપણ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી દ્વારા સદરહું કચેરીઓમાં આવતી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃતિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તિઓના ઉપરોકત કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છુ. આ હુકમ તા.૨૧/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૧/૦૩/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે. વિસ્તાર: (૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, સુભાષ બ્રિજ સર્કલની બાજુમાં, અમદાવાદ શહેર તથા (૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, વસ્ત્રાલ, અમદાવાદ શહેરની કચેરી તથા કચેરીના મુખ્ય ગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાનો વિસ્તાર. શિક્ષા-: આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.**

# અમદાવાદમાં યોજાનાર JEE (Main) 2026 પરીક્ષા અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**આ હુકમ તા.૨૧/૧/૨૦૨૬ થી ૨૪/૧/૨૦૨૬ તથા તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૦૭/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી અને તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ કલાક ૦૭/૦૦ થી કલાક ૧૫/૦૦ સુધી અમલમાં રહેશે**

**ગાંધીનગર, તા. 20**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ. નંબર/વિ.શા/ એ-સેકશન/પરમીટ/ પરીક્ષા/૦૫/૨૦૨૬ તા.૨૦/૦૧/૨૦૨૬ વંચાણે લીધા:- નિવાસી અધિક કલેકટરશ્રી, અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/અન્ય પરીક્ષા/જાહેરનામું/ વશી.૪૫/૨૦૨૬ તા.૧૩/૦૧/૨૦૨૬ આધારે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, નવી દિલ્હી દ્વારા આગામી તા.૨૧/૦૧/૨૦૨૬ થી ૨૪/૦૧/૨૦૨૬ અને તા.૨૮/૦૧/૨૦૨૬ તેમજ તા.૨૯/૦૧/૨૦૨૬ દરમિયાન Joint Examination JEE (Main)2026ની પરીક્ષા અમદાવાદ શહેરના (૧) ગોલ્ડ કોસ્ટ ત્રીજે માળ વસ્ત્રાલ પાંજરાપોળ ચાર રસ્તા રોડ માધવ ફાર્મ એસ.પી. રીંગરોડ વસ્ત્રાલ અમદાવાદ (૨) શ્રી વિરેશ્વર ઈનફોટેક બીજો અને ત્રીજો માળ સિધ્ધિવિનાયક આર્કેડ બાર્સેલોના સર્કલ એસ. પી. રીંગરોડ ઓઢવ અમદાવાદ (૩) શ્રી વિરેશ્વર ઈનફોટેક ત્રીજો માળ સિધ્ધિવિનાયક આર્કેડ બાર્સેલોના સર્કલ ટી.જી.વી. હોટલ એસ.પી.રીંગરોડ ઓઢવ અમદાવાદ ખાતેના કેન્દ્રો ઉપર તા.૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૮/૦૧/૨૦૨૬ પેપર-૦૧ (બી.ઈ.,બી.ટેક) પ્રથમ શીફ્ટ (કલાક ૦૯/૦૦ થી ૧૨/૦૦) અને બીજી શીફ્ટ કલાક ૧૫/૦૦ થી ૧૮/૦૦ સુધી. તેમજ ૨૯/૧/૬ના રોજ પેપર -૨એ (B. Arch), Paper 2B (B. Planning) and Paper 2A & 2B (B. Arch & B. Planning both) પ્રથમ શીફ્ટ (કલાક ૦૯/૦૦ થી ૧૨/૩૦) દરમ્યાન યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રો પર નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર. સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર: (૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો: (૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

અપવાદ: આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

સમયગાળો: આ હુકમ તા.૨૧/૧/૨૦૨૬ થી ૨૪/૧/૨૦૨૬ તથા તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૦૭/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી અને તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ કલાક ૦૭/૦૦ થી કલાક ૧૫/૦૦ સુધી અમલમાં રહેશે. શિક્ષા: આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેર વિજ્ઞાપન: હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે. સમયગાળો: આ હુકમ તા.૨૧/૧/૨૦૨૬ થી ૨૪/૧/૨૦૨૬ તથા તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૦૭/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી અને તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ કલાક ૦૭/૦૦ થી કલાક ૧૫/૦૦ સુધી અમલમાં રહેશે. શિક્ષા: આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેર વિજ્ઞાપન: હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.



## શું રોહિત-કોહલીને કરોડોનો ફટકો પડશે?

# અજિત અગરકરે નવું ગતકડું કાઢ્યું, શુભમન ગિલને પ્રમોશન નક્કી

**મુંબઈ, તા. 20**

BCCI તેની વાર્ષિક સેન્ટ્રલ કોન્ટ્રેક્ટ સિસ્ટમમાં મોટા ફેરફારો કરવાની તૈયારી કરી રહ્યું છે. ન્યૂઝ એજન્સી ANIનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વર્તમાન કોન્ટ્રેક્ટ માળખામાં સૌથી પ્રીમિયમ A+ કેટેગરીને સ્ક્રેપ એટલે કે એને કાયમ માટે બંધ કરવાનો પ્રસ્તાવ છે. જો આવું થશે તો ઈન્ડિયન ક્રિકેટના બે દિગ્ગજ ખેલાડી- વિરાટ કોહલી અને રોહિત શર્માને નવા મોડલમાં 'ગ્રેડ B'માં રાખવામાં આવી શકે છે.

A+ કેટેગરી ખતમ કરવાનો પ્રસ્તાવ કેમ?

પસંદગી સમિતિ, જેનું નેતૃત્વ પૂર્વ ક્રિકેટર અજિત અગરકર કરી રહ્યા છે તેમણે કોન્ટ્રેક્ટ સ્ટ્રક્ચરને સરળ અને પ્રેક્ટિકલ બનાવવા માટે ફેરફારો સૂચવ્યા છે. તેમનાં સૂચનો છે કે A+ કેટેગરી હટાવવામાં આવે. માત્ર 3 કેટેગરી હશે- A, B અને C.

A+ કેટેગરીમાં આવતા ખેલાડીઓનો વાર્ષિક પગાર અત્યારે સાત કરોડ રૂપિયા છે. એને હટાવીને માળખાને વધુ પર્ફોર્મન્સ-આધારિત બનાવવાનો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. આગામી એપેક્સ કાઉન્સિલની બેઠકમાં આ પ્રસ્તાવ પર અંતિમ મહોર લાગી શકે છે.

શું સાચે જ રોહિત-કોહલીનો પગાર ઘટશે?

બોર્ડ આ બાબતને ધ્યાનમાં રાખીને એક ગ્રેડ ઘટાડવા પર વિચાર કરી રહ્યું છે. જો A+ હટાવી દેવામાં આવે તો ગ્રેડ 'A' માત્ર ઓલ-ફોર્મેટ પ્લેયર્સ માટે રાખવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં મીડિયા રિપોર્ટ્સમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે બંનેને ગ્રેડ 'B'માં મૂકવામાં આવી શકે છે, જ્યારે ગ્રેડ 'A'માં ત્રણેય ફોર્મેટમાં રમતા ખેલાડીઓ હોઈ શકે છે.

અત્યારે કોન્ટ્રેક્ટ સ્ટ્રક્ચર કેવું છે?

આ કોન્ટ્રેક્ટ માત્ર ખેલાડીઓને એક વર્ષનો પગાર આપવાનું માધ્યમ નથી, પરંતુ એ BCCIનું એક વ્યવસ્થિત મોડલ છે, જેનાથી પર્ફોર્મન્સ, સાતત્ય, ક્રિકેટનાં અલગ-અલગ ફોર્મેટમાં યોગદાન અને પસંદગીકારોના મૂલ્યાંકનના આધારે ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં BCCIએ ઘણા આશ્ચર્યજનક નિર્ણયો પણ લીધા છે, જેની ક્યારેક પ્રશંસા થઈ તો ક્યારેક ટીકા પણ વેઠવી પડી છે. સેન્ટ્રલ કોન્ટ્રેક્ટમાં સ્થાન બનાવવા માટે BCCIએ છેલ્લી સાઈકલમાં કેટલાક ફેરફારો પણ કર્યા હતા.

BCCIએ જ્યારે વર્ષ 2024-2025 માટે ખેલાડીઓના એન્યુઅલ કોન્ટ્રેક્ટનું લિસ્ટ જાહેર કર્યું હતું ત્યારે એમાં કુલ 34 ખેલાડી હતા. ચાર ખેલાડીને A+ ગ્રેડમાં રાખ્યા હતા, જ્યારે 6 ખેલાડીઓને ગ્રેડ-Aમાં રાખ્યા હતા. પાંચ ખેલાડી ગ્રેડ-B અને 19 ખેલાડી ગ્રેડ-Cમાં હતા. BCCI દર વર્ષે ખેલાડીઓને ચાર ગ્રેડમાં વહેંચે છે. A+, A, B, અને C. દરેક ગ્રેડ સાથે એક નિશ્ચિત એન્યુઅલ સેલરી જોડાયેલી હોય છે, જેને 'રિટેનર ફી' કહેવામાં આવે છે. સેન્ટ્રલ કોન્ટ્રેક્ટમાંથી મળતી રકમ મેચ ફી કરતાં અલગ હોય છે, એટલે કે ખેલાડી ભલે ગમે તેટલી મેચ રમે, આ એન્યુઅલ રિટેનર રકમ ફિક્સ રહે છે. A+ ગ્રેડ: આમાં આવતા ક્રિકેટરોને વાર્ષિક 7 કરોડ રૂપિયા પગાર મળે છે. આમાં ગણ્યા-ગાંઠ્યા અને નામી ક્રિકેટરો હોય છે. A ગ્રેડ: આમાં આવતા ક્રિકેટરોને વાર્ષિક 5 કરોડ રૂપિયા પગાર મળે છે. આમાં પણ મહત્ત્વના ખેલાડીઓને સ્થાન આપવામાં આવે છે. B ગ્રેડ: આમાં આવતા ક્રિકેટરોને વાર્ષિક 3 કરોડ રૂપિયા પગાર મળે છે. આમાં મોટે ભાગે એવા ખેલાડીઓ હોય છે, જે એક કે બે ફોર્મેટમાં રમી રહ્યા હોય, પરંતુ કોર ટીમનો હિસ્સો હોય. C ગ્રેડ: આમાં આવતા ક્રિકેટરોને વાર્ષિક 1 કરોડ રૂપિયા પગાર મળે છે. આમાં એવા ખેલાડીઓ હોય છે, જેમની ટીમમાં જગ્યા હંમેશાં પાકી ન હોય અથવા જેમને વધુ મેચનો અનુભવ ન હોય અથવા કોઈ એક ફોર્મેટમાં નિશ્ચિત મેચ રમી ચૂક્યા હોય. આમાં ખેલાડીઓની એન્ટ્રી થતી રહે છે.

વર્તમાન નીતિ અનુસાર ક્રિકેટરોના ગ્રેડ કેવી રીતે નક્કી થાય છે...

ફોર્મેટની પ્રાથમિકતા અને ટેસ્ટ ક્રિકેટનું મહત્ત્વ: BCCIની નીતિમાં ટેસ્ટ ક્રિકેટને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે. જે ખેલાડીઓ ત્રણેય ફોર્મેટમાં રમે છે અથવા ટેસ્ટમાં મોટું યોગદાન આપે છે તેમને A+ ગ્રેડ મળે છે. આ જ આધારે અપેક્ષા છે કે ભારતના ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગિલને આગામી સાઈકલમાં A+ કેટેગરીમાં સામેલ કરવામાં આવી શકે છે. પ્રદર્શન અને સાતત્ય સૌથી મહત્ત્વનું: ખેલાડીઓનો ગ્રેડ તેમના પાછલા કોન્ટ્રેક્ટ સાઈકલના પ્રદર્શન પર નિર્ભર કરે છે. સતત સારું પ્રદર્શન કરવા પર પ્રમોશન આપવામાં આવે છે, જ્યારે ફોર્મ, ફિટનેસ કે ભાગીદારીમાં ઘટાડો થવા પર ડિમોશન આપવામાં આવે છે. આ જ કારણસર કોહલી અને રોહિતની સ્થિતિ પર ચર્ચા શરૂ થઈ છે. લઘુતમ મેચ રમવાનો નિયમ: કોઈપણ ખેલાડીને ગ્રેડ 'C' માટે પાત્ર બનવા માટે અમુક ઈન્ટરનેશનલ મેચ રમવી જરૂરી છે, જેમ કે કોઈ એક ખેલાડીને ગ્રેડ-Cમાં સામેલ થવા માટે ત્રણ ટેસ્ટ, આઠ વન-ડે અથવા 10 T20 ઈન્ટરનેશનલ રમવું જરૂરી છે. માત્ર વધુ મેચ રમવાથી ઉચ્ચ ગ્રેડ મળતો નથી, ફોર્મેટની પ્રાથમિકતા અને પ્રદર્શન વધુ મહત્ત્વપૂર્ણ છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં હાજરી અનિવાર્ય: તાજેતરનાં વર્ષોમાં BCCIએ સ્પષ્ટ કર્યું છે કે જે ખેલાડીઓ ટીમ ઈન્ડિયા માટે રમી રહ્યા નથી તેમણે ડોમેસ્ટિક ક્રિકેટ, ખાસ કરીને રણજી ટ્રોફી રમવી પડશે. આ નિયમનું પાલન ન કરવા બદલ ઘણા ખેલાડીઓને કોન્ટ્રેક્ટમાંથી બહાર પણ કર્યા છે. શ્રેયસ અય્યર અને ઈશાન કિશન તેનાં સચોટ ઉદાહરણો છે.

# શિવ-હનુમાન, વિષ્ણુ-ગણેશને થારની સવારી કરાવી



**મુંબઈ, તા. 20**

ક્રિકેટર રિંકુ સિંહ ફેસબુક પર ભગવાનનો AI વીડિયો શેર કરીને નવા વિવાદમાં ફસાયા છે. અલીગઢમાં કરણી સેનાએ રિંકુ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ખરેખરમાં, રિંકુ સિંહે પોતાના ફેસબુક એકાઉન્ટ પરથી એક એવો વીડિયો શેર કર્યો હતો. જેમાં ભગવાનને AI અવતારમાં દર્શાવવામાં આવ્યા હતા. વીડિયોમાં રિંકુ ક્રિકેટના મેદાન પર શોટ મારતા દેખાઈ રહ્યા છે. કેપ્શન લખેલું છે- તને ક્રિકેટર કોણે બનાવ્યો. આગળના ફૂટેજમાં થાર કારમાં બેઠેલા ભગવાન શિવ, હનુમાન, વિષ્ણુ અને ગણેશ દેખાય છે. બધાએ કાળા ચશ્મા પહેર્યા છે. બજરંગબલી કાર ચલાવી રહ્યા છે. બેકગ્રાઉન્ડમાં અંગ્રેજી ગીતો વાગી રહ્યા છે. વીડિયોને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચા છંછેડાઈ છે. કેટલાક લોકોનું કહેવું છે કે રિંકુના ઈરાદા સારા હતા. એમાં કંઈ ખોટું નથી. જોકે, કેટલાક લોકો તેને ધાર્મિક ભાવના સાથે ચેડાં કરનારી હરકત ગણાવી રહ્યા છે. વીડિયો વાયરલ થતાં જ કરણી સેના ભડકી ઉઠી. જિલ્લા પ્રમુખ સુમિત તોમરે કાર્યકરો સાથે રવિવારે પોલીસ સ્ટેશન પહોંચી રિંકુ સિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. તેમણે કહ્યું- રિંકુ સિંહે શાહરૂખ ખાનની જેમ જ પોતાની 'જેહાદી' માનસિકતા બતાવી છે. કરણી સેનાના જિલ્લા અધ્યક્ષ સુમિત તોમરે કહ્યું- રિંકુ સિંહ શાહરૂખ ખાનની IPL ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સનો ભાગ છે. શાહરૂખની જેમ જ રિંકુએ પોતાની અસલી માનસિકતા જાહેર કરી દીધી છે. અમારા ભગવાનને કાળા ચશ્મા પહેરાવીને થારમાં ફેરવવા અને અંગ્રેજી ગીતો પર નૃત્ય કરતા બતાવવું એ આસ્થા સાથે ચેડાં છે. તેમણે કહ્યું- કરણી સેના આ સહન નહીં કરે. રિંકુ સિંહ હાથ જોડીને સનાતન ધર્મથી જાહેરમાં માફી માંગે. પ્રશાસન રિંકુ સિંહ વિરુદ્ધ તરત FIR નોંધે. જો કાર્યવાહી નહીં થાય, તો સંગઠન રસ્તાઓ પર ઉતરીને મોટું આંદોલન કરશે. થાણા પ્રભારી બોલ્યા- વીડિયોની સત્યતાની થશે તપાસ આ સંબંધમાં સાસની ગેટ થાણા પ્રભારીએ કહ્યું- કરણી સેનાએ ફરિયાદ આપી દીધી છે. આ મામલાની તપાસ કરવામાં આવશે. વીડિયોની સત્યતા અને પોસ્ટ કરનારની તપાસ પછી જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. કરણી સેનાના જિલ્લા અધ્યક્ષ સુમિત તોમરે કહ્યું- રિંકુ સિંહ શાહરૂખ ખાનની IPL ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સનો ભાગ છે. શાહરૂખની જેમ જ રિંકુએ પોતાની અસલી માનસિકતા જાહેર કરી દીધી છે. અમારા ભગવાનને કાળા ચશ્મા પહેરાવીને થારમાં ફેરવવા અને અંગ્રેજી ગીતો પર નૃત્ય કરતા બતાવવું એ આસ્થા સાથે ચેડાં છે. તેમણે કહ્યું- કરણી સેના આ સહન નહીં કરે. રિંકુ સિંહ હાથ જોડીને સનાતન ધર્મથી જાહેરમાં માફી માંગે. પ્રશાસન રિંકુ સિંહ વિરુદ્ધ તરત FIR નોંધે. જો કાર્યવાહી નહીં થાય, તો સંગઠન રસ્તાઓ પર ઉતરીને મોટું આંદોલન કરશે. થાણા પ્રભારી બોલ્યા- વીડિયોની સત્યતાની થશે તપાસ આ સંબંધમાં સાસની ગેટ થાણા પ્રભારીએ કહ્યું- કરણી સેનાએ ફરિયાદ આપી દીધી છે. આ મામલાની તપાસ કરવામાં આવશે. વીડિયોની સત્યતા અને પોસ્ટ કરનારની તપાસ પછી જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## સ્ટેડિયમ બહાર એન્ટ્રી માટે લાંબી લાઈન, ક્રિકેટરસિકોમાં ટી-શર્ટ લેવા પડાપડી થઈ હતી

# સ્મૃતિ મંધાનાને રમતી જોવા બેંગ્લોર-MPથી ફેન્સનો વડોદરામાં જમાવડો

## વુમન્સ પ્રીમિયર લીગની મેચો વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી

**મુંબઈ, તા. 20**

વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચ જોવા માટે ક્રિકેટ પ્રેમીઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચી ગયો હતો. ખાસ કરીને બેંગલુરુથી મોટી સંખ્યામાં આવેલા રસિકો સ્ટાર બેટ્સવુમન સ્મૃતિ મંધાનાને પૂરેપૂરો સપોર્ટ આપવા માટે વડોદરા પહોંચી ગયા હતા. સ્ટેડિયમની આસપાસ અને માર્કેટમાં સ્મૃતિ મંધાના અને વિરાટ કોહલીના ટી-શર્ટ્સનું ભારે વેચાણ થઈ રહ્યું હતું, આ દ્રશ્યોએ ચાહકોના પ્રેમ અને ઉત્સાહને સ્પષ્ટ દર્શાવ્યો હતો. આજની મેચમાં સ્મૃતિની બેટિંગ જોવા માટે ફેન્સમાં અદ્ભુત ઉત્સાહ જોવા મળ્યો હતો આ સાથે જ સ્ટેડિયમની આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. વુમન્સ પ્રીમિયર લીગની શરૂઆત 9 જાન્યુઆરીથી થઈ હતી. શરૂઆતની 11 મેચ નવી મુંબઈના ડી.વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાઈ હતી. બાકીની 11 મેચ હવે વડોદરાના કોટાંબી સ્ટેડિયમમાં રમાશે. જેમાં 3 ફેબ્રુઆરીએ એલિમિનેટર અને 5 ફેબ્રુઆરીએ ફાઈનલ મેચ પણ આમાં સામેલ છે. આ તમામ મેચ રમવા માટે ગુજરાત જાયન્ટ્સ, દિલ્હી કેપિટલ, મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સહિતની ટીમો વડોદરામાં આવી હતી. વડોદરામાં યોજાનાર WPLની મેચોને લઈને કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમની અંદર અને બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ જવાનો તહેનાત અને ઉચ્ચ અધિકારીઓ પણ ખડેપગે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ વુમન્સ પ્રીમિયર લીગની મેચો વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. જેના સારા આયોજન બાદ આ વર્ષે ફરી વડોદરાને વુમન્સ પ્રીમિયર લીગની મેચોનું આયોજન કરવાની તક મળી છે. આ વર્ષે ફાઈનલ સહિતની 11 મેચ વડોદરામાં યોજાશે.



# આલિયા-રણબીરની 'લવ એન્ડ વોર' પોસ્ટપોન થઈ!



**મુંબઈ, તા. 20**

સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મ લવ એન્ડ વોર આ જ વર્ષે રિલીઝ થવા માટે શેડ્યૂલ હતી, જોકે તાજેતરમાં સમાચાર આવ્યા હતા કે શૂટિંગમાં વિલંબ થવાને કારણે ફિલ્મને પોસ્ટપોન કરીને 2027માં રિલીઝ કરવામાં આવશે. આ દાવાઓને હવે ફિલ્મની ટીમે નકારી કાઢ્યા છે. ટીમનું કહેવું છે કે ફિલ્મ આ જ વર્ષે રિલીઝ થશે.લવ એન્ડ વોર ફિલ્મ સાથે સંકળાયેલા નજીકના સૂત્રએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં ફિલ્મ પોસ્ટપોન થવાના દાવાને પાયાવિહોણા ગણાવ્યા છે. સૂત્ર મુજબ, 'સંજય લીલા ભણસાલીએ તાજેતરમાં ફિલ્મનું એક ગીત શૂટ કર્યું છે. ફિલ્મના મોટાભાગના જરૂરી સીન પહેલાથી જ શૂટ કરવામાં આવ્યા છે. ફિલ્મ 2026માં જ રિલીઝ થશે.'સૂત્રો અનુસાર, 'ફિલ્મનું પહેલું ગીત 20 જાન્યુઆરીથી ગોરેગાંવ ફિલ્મ સિટીમાં શૂટ થશે, જેમાં આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને વિકી કૌશલ એકસાથે જોવા મળશે. કોરિયોગ્રાફી ગણેશ આચાર્ય કરશે અને આ હાઈ-એનર્જી ટ્રેક ભણસાલીની સિગ્નેચર સ્ટાઈલમાં હશે. આ ઉપરાંત, બીજું ગીત ફેબ્રુઆરીમાં શ્યામક દાવરની કોરિયોગ્રાફીમાં શૂટ કરવામાં આવશે, જે પહેલા કરતા પણ મોટું અને પ્રાયોગિક હશે. આ ગીત યુદ્ધના સમયગાળામાં ચાલી રહેલા લવ ટ્રાયેંગલની ભાવનાત્મક લાગણીને વધુ મજબૂત બનાવશે. ફિલ્મના આ મ્યુઝિકલ ટ્રેક્સને જોતા તેને 2026ની એક મોટી સિનેમેટિક ઈવેન્ટ માનવામાં આવી રહી છે.'

પોસ્ટપોન થવાના સમાચાર કેવી રીતે ફેલાયા?

તાજેતરમાં પિંકવિલાના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ફિલ્મ લવ એન્ડ વોરનું શૂટિંગ હજુ પણ પૂરું થયું નથી. ફિલ્મ નિર્માતાઓને જૂન પછી ફિલ્મના જરૂરી દ્રશ્યો શૂટ કરવાના છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ફિલ્મને મોટા પાયે તૈયાર કરવા, એરિયલ એક્શન સીન ઉમેરવા અને VFX વર્ક માટે પોસ્ટપોન કરવામાં આવી રહી છે. ફિલ્મ પોસ્ટપોન થવાનું એક કારણ એ પણ જણાવવામાં આવી રહ્યું હતું કે રણબીર કપૂરની મેગા બજેટ ફિલ્મ રામાયણ: પાર્ટ-1 નવેમ્બર 2026માં રિલીઝ થઈ રહી છે. આવી સ્થિતિમાં, મેકર્સ ઈચ્છે છે કે રણબીરની બંને ફિલ્મો રામાયણ અને લવ એન્ડ વોર અલગ-અલગ સમયે રિલીઝ થાય, જેથી બંને ફિલ્મોને સારું માર્કેટ મળી શકે. જોકે, હવે ટીમે આ દાવાઓને નકારી કાઢ્યા છે.

# મૃણાલ ઠાકુર સાથે લગ્નના સમાચાર પર સાઉથ સ્ટારના મિત્રની સ્પષ્ટતા

## 'ધનુષ બાળકો માટે સાવકી માતા લાવવા માંગતો નથી' એક્ટ્રેસે પણ ખંડન કર્યું



**મુંબઈ, તા. 20**

છેલ્લા કેટલાક દિવસોથી સાઉથ સ્ટાર ધનુષ અને અભિનેત્રી મૃણાલ ઠાકુરના લગ્નના સમાચાર ચર્ચામાં છે. ફ્રી પ્રેસ જર્નલના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ધનુષ અને મૃણાલ 14 ફેબ્રુઆરીએ લગ્નના બંધનમાં બંધાવાના છે, જોકે હવે અભિનેતાના નજીકના મિત્રએ આ સમાચારોનું ખંડન કર્યું છે. સાથે જ અભિનેત્રીની ટીમે પણ આ સમાચારોને અફવા ગણાવ્યા છે. આ દરમિયાન હવે મૃણાલ ઠાકુરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને પોતાને અડગ ગણાવ્યા છે. તાજેતરમાં બોલિવૂડ હંગામાના રિપોર્ટમાં ધનુષના સૌથી નજીકના મિત્ર, ડિરેક્ટર-પ્રોડ્યુસરને ટાંકીને લખવામાં આવ્યું છે કે, 'તેમણે તેમના અફવાવાળા લગ્ન વિશે કંઈ કહ્યું નથી, જ્યારે અમે દરરોજ મળીએ છીએ, વાતો કરીએ છીએ. શું તે તેના સૌથી નજીકના લોકોને જાણ કર્યા વિના લગ્ન કરી રહ્યો છે. કારણ કે જો મને ખબર નથી, તો કોઈને પણ ખબર નહીં હોય.' આગળ તેમણે કહ્યું, 'જ્યારે ધનુષ અને તેની પૂર્વ પત્ની (ઐશ્વર્યા રજનીકાંત) કાયદેસર રીતે અલગ થયા, ત્યારે બંનેએ મળીને બંને બાળકો યાત્રા અને લિંગાનો ઉછેર કરવાનો નિર્ણય કર્યો. જ્યાં સુધી મને ખબર છે, ધનુષ ફરીથી લગ્ન કરવા ઈચ્છુક નથી. તે પોતાના પુત્રો માટે ઘરમાં સાવકી માતા લાવવા માંગતો નથી. હું તેમના (ધનુષ-મૃણાલ)ના સંબંધોની સ્થિતિ પર કંઈ કહેવા માંગતો નથી, તેઓ એકબીજાને પસંદ કરે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તેઓ લગ્ન કરશે.'

# નેહા કક્કરનો 'બ્રેક' ડ્રામા!:

## કામ અને રિલેશનશિપમાંથી વિરામની જાહેરાત બાદ યુટર્ન, કહ્યું- 'મારા ભોળા પતિને વચ્ચે ન લાવો, હું જલ્દી ધમાકેદાર વાપસી કરીશ'




**મુંબઈ, તા. 20**

બોલિવૂડ સિંગર નેહા કક્કરે સોમવારે સોશિયલ મીડિયા પર અચાનક જાહેરાત કરી કે તે જવાબદારી, રિલેશનશિપ અને કામમાંથી બ્રેક લઈ રહી છે. નેહાએ લાંબી પોસ્ટ દ્વારા પોતાનો આ નિર્ણય સૌને જણાવ્યો. સિંગરના આ નિવેદનથી તેના છૂટાછેડાની વાત ચર્ચાની એરણે ચઢી. વાત વધતા નેહાએ બ્રેકની સ્ટોરી સોશિયલ મીડિયા પરથી હટાવી લીધી. સાથે જ તેણે એક નવી પોસ્ટ શેર કરીને સ્પષ્ટ કર્યું કે, તે છૂટાછેડા લઈ રહી નથી. સાથે જ તેણે તેના પતિ અને પરિવારને આ મામલે વચ્ચે ન લાવવા અપીલ કરી છે. મિત્રો, કૃપા કરીને મારા ભોળા પતિ અને મારા પ્રિય પરિવારને આ બધામાં ન ઢસડો. તે સૌથી પવિત્ર હૃદયવાળા લોકો છે, જેમને હું ઓળખું છું અને આજે હું જે કંઈ પણ છું, તે તેમના સમર્થનને કારણે છું. નેહાએ આગળ લખ્યું છે કે, 'મને કેટલાક અન્ય લોકો અને સિસ્ટમથી મુશ્કેલી છે, તે જ વાતથી હું દુખી છું. આશા છે કે તમે સમજશો અને મારા પતિ અને મારા પરિવારને આનાથી દૂર રાખશો. અને હા, હું માનું છું કે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતી વખતે મારે આટલું ભાવુક ન થવું જોઈતું હતું, કારણ કે લોકો ખૂબ સારી રીતે જાણે છે કે 'રાઈનો પહાડ કેવી રીતે બનાવવામાં આવે છે.' બોધપાઠ મળી ગયો. છેલ્લે સિંગરે લખ્યું, 'હવે હું મારી પર્સનલ લાઈફ વિશે વાત નહીં કરું, ભાઈસાહેબ. બિચારી ઈમોશનલ નેહુ આ દુનિયા માટે ખૂબ જ ઈમોશનલ છે. સોરી અને ધન્યવાદ મારા નેહાર્ટ્સ. ચિંતા ન કરો, હું જલ્દી જ ધમાકેદાર વાપસી કરીશ. અઢળક પ્રેમ.' નેહા કક્કરે સોમવારે ભાવુક પોસ્ટ શેર કરી હતી કે, તે બધા સંબંધોથી બ્રેક લઈ રહી છે. તેણે લખ્યું, હવે જવાબદારીઓ, સંબંધો, કામ અને દરેક એવી વસ્તુથી બ્રેક લેવાનો સમય છે.

# ચાંદી ₹10,888 વધીને ₹3.05 લાખની ઓલટાઇમ હાઇ પર: 20 દિવસમાં કિંમત ₹74 હજાર વધી, સોનું ₹2,429 વધીને ₹1.46 લાખ પર પહોંચ્યું

**નવી દિલ્હી, તા.20**

સોના-ચાંદીના ભાવ આજે એટલે કે 20 જાન્યુઆરીએ સતત બીજા દિવસે તેમની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનું 2,429 રૂપિયા વધીને 10 ગ્રામ દીઠ 1,46,375 રૂપિયા પર પહોંચી ગયું છે. ગઈકાલે તે 1,43,946 રૂપિયા પર હતું. સોનું આ વર્ષે અત્યાર સુધીમાં 13,180 રૂપિયા મોંઘું થઈ ગયું છે.



એક કિલો ચાંદી આજે પહેલીવાર સરાફા બજારમાં 3 લાખને પાર નીકળી ગઈ છે. તે આજે 10,888 રૂપિયા વધીને 3,04,863 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા ગઈકાલે તે 2,93,975 રૂપિયા પર હતી. MCX પર ચાંદી ગઈકાલે જ 3 લાખને પાર નીકળી ગઈ છે. ચાંદી આ વર્ષે માત્ર 20 દિવસમાં જ 74,443 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

ઔદ્યોગિક માંગ - સોલર, ઇલેક્ટ્રોનિક્સ અને EV માં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાથી કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસિસ: 2026માં ચાંદી 3.20 લાખ પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે. સોલર અને EV ડિમાન્ડને જોતાં દરેક ઘટાડા પર ખરીદી કરવાની સલાહ છે. સેમકો સિક્યોરિટીઝ: ટેકનિકલ બ્રેકઆઉટ અને મજબૂત વૈશ્વિક સંકેતોના આધારે ચાંદીની કિંમતો 3.94 લાખ પ્રતિ કિલોના સ્તરને પણ સ્પર્શી શકે છે.

નીલેશ સુરાના (કોમોડિટી એક્સપર્ટ): ગ્રીન એનર્જીની વધતી માંગ અને અમેરિકી વ્યાજ દરોમાં ઘટાડાથી ચાંદી $100 પ્રતિ ઔંસ (લગભગ 3.5-4 લાખ) સુધી જઈ શકે છે.

પોનમુડી આર (CEO, એનરિચ મની): ચાંદીમાં લાંબા ગાળાની તેજીનો દોર હજુ ચાલુ રહેશે, તેથી રોકાણકારોએ કિંમતોમાં આવતા દરેક નાના ઘટાડાનો લાભ લેવો જોઈએ.

રોબર્ટ કિયોસાકી (ગ્લોબલ ઈન્વેસ્ટર): ડોલરની નબળાઈ અને મોંઘવારીને જોતા ચાંદી વર્ષ 2026માં $200 પ્રતિ ઔંસના ચોંકાવનારા સ્તર સુધી પણ જઈ શકે છે.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દર ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

જિયોપોલિટિકલ - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

# 61% મુસાફરોએ કહ્યું- ઇન્ડિગો પર ₹22.2 કરોડનો દંડ પૂરતો નથી

## આ મુશ્કેલીની સરખામણીમાં કંઈ નથી, ડિસેમ્બરમાં 3 લાખ મુસાફરો પ્રભાવિત થયા હતા

**નવી દિલ્હી, તા.20**

ભારતના 61% હવાઈ મુસાફરો માને છે કે ઈન્ડિગો એરલાઈન પર લાદવામાં આવેલો 22.20 કરોડનો દંડ અને તેની સામે કરવામાં આવેલી કાર્યવાહી પૂરતી નથી. લોકલસર્કલ્સના એક સર્વે મુજબ, મુસાફરોનું માનવું છે કે આ સજા તેમણે ભોગવેલી માનસિક અને આર્થિક પરેશાનીની સરખામણીમાં કંઈ જ નથી.



3 થી 5 ડિસેમ્બર, 2025ની વચ્ચે નવા નિયમોને કારણે ઈન્ડિગોની 2507 ફ્લાઈટ્સ રદ થઈ હતી અને 1852 ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ કારણે 3 લાખથી વધુ મુસાફરોને મુશ્કેલી પડી હતી. આ પછી, ડાયરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA)એ ઈન્ડિગો પર 22.20 કરોડનો દંડ ફટકાર્યો હતો.

કાર્યવાહી પછી થયેલા સર્વેમાં 292 જિલ્લાના 31,000 થી વધુ હવાઈ મુસાફરોએ ભાગ લીધો હતો. પ્રવાસીઓએ જણાવ્યું કે આ નાની પેનલ્ટી ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે પૂરતી નથી. જોકે, 21% લોકોએ કાર્યવાહીને સંપૂર્ણપણે યોગ્ય ગણાવી હતી અને 18% લોકોએ કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો.

આ ઉપરાંત, સર્વેમાં સામેલ ઘણા મુસાફરોએ આરોપ લગાવ્યો કે ફ્લાઈટ રદ થયા પછી, ઈન્ડિગોએ તેમને કાયદેસર રીતે મળવાપાત્ર રોકડ રિફંડ આપવાને બદલે ટ્રાવેલ વાઉચર પકડાવી દીધા.

દંડ એરક્રાફ્ટ રૂલ્સ, 1937ના રૂલ 133A હેઠળ લગાવવામાં આવ્યો છે. આ હેઠળ કુલ દંડ 1.80 કરોડ છે, પરંતુ FDTL નિયમોનું 68 દિવસ સુધી પાલન ન કરવા બદલ દરરોજ 30 લાખનો દંડ લગાવવામાં આવ્યો. જેની રકમ 20.40 કરોડ છે. આ રીતે કુલ દંડ 22.20 કરોડ થયો.

ઈન્ડિગોએ કહ્યું છે કે તે DGCAના તમામ આદેશોનું સંપૂર્ણ પાલન કરશે. જે પણ જરૂરી સુધારા હશે, તે સમયસર કરવામાં આવશે. કંપનીના બોર્ડ અને મેનેજમેન્ટનું કહેવું છે કે તાજેતરની ઘટના પછી કામ કરવાની રીતો, સિસ્ટમ અને સંચાલનને મજબૂત બનાવવા માટે આંતરિક રીતે સંપૂર્ણ તપાસ અને સમીક્ષા કરવામાં આવી રહી છે.

# IMF એ ભારતનો GDP ગ્રોથ અનુમાન વધારીને 7.3% કર્યો: કહ્યું- ભારતનો વિકાસ દર અપેક્ષા કરતાં સારો, આવતા વર્ષે પણ અર્થતંત્રમાં તેજી રહેશે

**નવી દિલ્હી, તા.20**

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) એ સોમવારે નાણાકીય વર્ષ 2025-26 માટે ભારતના GDP વૃદ્ધિના અંદાજને 0.7% વધારીને 7.3 ટકા કર્યો છે.



આ પહેલા ઓક્ટોબરમાં IMF એ તેના 6.6% રહેવાનો અંદાજ લગાવ્યો હતો. IMF એ તેના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારતમાં વિકાસ દર અપેક્ષા કરતાં ઘણો સારો રહ્યો છે.

ખાસ કરીને નાણાકીય વર્ષ 2025-26 ના ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં ભારતીય અર્થતંત્રએ મજબૂત પકડ દર્શાવી છે, જેની અસર આખા વર્ષના આંકડાઓ પર દેખાશે. IMF એ માત્ર આ વર્ષ માટે જ નહીં, પરંતુ આગામી નાણાકીય વર્ષ માટે પણ વૃદ્ધિનો અંદાજ વધાર્યો છે. 1 એપ્રિલ 2026 થી શરૂ થતા નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના GDP વૃદ્ધિનો અંદાજ 6.2% થી વધારીને 6.4 ટકા કરવામાં આવ્યો છે.

જોકે, સંસ્થાનું એમ પણ કહેવું છે કે 2027-28 સુધીમાં વૃદ્ધિ ફરીથી 6.4% ની આસપાસ સ્થિર થઈ શકે છે, કારણ કે અમુક સમય માટે અસર દર્શાવતા 'ટેમ્પરરી ફેક્ટર્સ' (અસ્થાયી પરિબળો) ની અસર ત્યાં સુધીમાં ઓછી થઈ જશે.

ભારતના આંકડા મંત્રાલયના 'ફર્સ્ટ એડવાન્સ એસ્ટીમેટ' મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર 7.4% ના દરે વૃદ્ધિ કરી શકે છે. પાછલા નાણાકીય વર્ષ 2024-25માં આ દર 6.5% રહ્યો હતો. જુલાઈ-સપ્ટેમ્બર 2025 ના ક્વાર્ટરમાં ભારતનો વિકાસ દર 8.2% નોંધાયો હતો, જ્યારે એપ્રિલ-સપ્ટેમ્બરના પ્રથમ છ મહિનામાં સરેરાશ વૃદ્ધિ 8% રહી છે. આ દર્શાવે છે કે મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં તેજી યથાવત છે.IMF એ મોંઘવારી અંગે સકારાત્મક વલણ દર્શાવ્યું છે. રિપોર્ટ મુજબ, 2025 માં ખાદ્યપદાર્થોની કિંમતોમાં ઘટાડો થવાથી મોંઘવારી દર ઘટશે.

ભારતમાં રિઝર્વ બેંક (RBI) એ રિટેલ મોંઘવારી એટલે કે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) ને 4% પર રાખવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. તેમાં 2% ઉપર કે નીચેની છૂટછાટ રાખવામાં આવી છે. IMF નો અંદાજ છે કે આવનારા સમયમાં મોંઘવારી દર આ ટાર્ગેટ રેન્જની અંદર જ રહેશે.

IMF મુજબ, ઉભરતા બજારો અને વિકાસશીલ દેશોમાં સરેરાશ વૃદ્ધિ 4% થી ઉપર રહેશે. તેમાં ભારત સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહ્યું છે. ભારતની આ વૃદ્ધિ ઘરેલું માગ અને સરકારી ખર્ચમાં તેજીને કારણે છે.

# ડોલર સામે રૂપિયો 91ને પાર પહોંચ્યો: ટ્રમ્પ ટેરિફ અને ગ્લોબલ ટેન્શનની અસર, વિદેશી રોકાણકારો ભારતીય બજારમાંથી પૈસા ઉપાડી રહ્યા છે

**મુંબઈ, તા.20**

ભારતીય રૂપિયો મંગળવારે 1 ડોલર સામે 91ની ઓલ ટાઈમ લો પર પહોંચી ગયો. આજે રૂપિયો ડોલર સામે 90.93 પર ખુલ્યો અને દિવસના કારોબાર દરમિયાન 91.01ના રેકોર્ડ નીચલા સ્તર સુધી ગગડી ગયો. વિદેશી રોકાણકારો (FPI) દ્વારા સતત વેચવાલી અને વૈશ્વિક સ્તરે વધતા વ્યાપારી તણાવને કારણે રૂપિયામાં આ ઘટાડો જોવા મળી રહ્યો છે.



વર્ષ 2026ની શરૂઆતથી જ રૂપિયો દબાણ હેઠળ છે. ગયા વર્ષે ડિસેમ્બર 2025માં પહેલીવાર રૂપિયો 90ના સ્તરને પાર ગયો હતો. હવે માત્ર 20 દિવસની અંદર તે 91ના સ્તરને પણ પાર કરી ગયો છે. માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી ટેરિફ નીતિઓ અને ગ્લોબલ ટેન્શનને કારણે દુનિયાભરના રોકાણકારો સોના અને ડોલરમાં રોકાણ વધારી રહ્યા છે. વિદેશી રોકાણકારો દ્વારા બજારમાંથી ઉપાડ: વિદેશી રોકાણકારો (FPI) ભારતીય શેરબજારમાંથી સતત તેમના પૈસા ઉપાડી રહ્યા છે. જાન્યુઆરી 2026ના પ્રથમ 20 દિવસમાં જ તેમણે 29,315 કરોડનું વેચાણ કર્યું છે. જ્યારે આ રોકાણકારો તેમના પૈસા ઉપાડી લે છે, ત્યારે તેઓ રૂપિયાના બદલામાં ડોલરની માંગ કરે છે. ડોલરની માંગ વધવાથી તેની કિંમત વધી જાય છે અને રૂપિયો નબળો પડે છે.

ટ્રમ્પની ટેરિફ નીતિઓ અને વૈશ્વિક તણાવ: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની યુરોપિયન દેશો પર નવો ટેક્સ (ટેરિફ) લગાવવાની ધમકી અને 'ગ્રીનલેન્ડ' વિવાદને કારણે વિશ્વભરના બજારોમાં અનિશ્ચિતતાનો માહોલ છે. આવા ભયના સમયે રોકાણકારો તેમના પૈસા ભારત જેવા વિકાસશીલ દેશોમાંથી કાઢીને સુરક્ષિત ગણાતા અમેરિકન ડોલર અથવા સોનામાં રોકવા લાગે છે, જેનાથી ડોલર વધુ મજબૂત થઈ રહ્યો છે.

મજબૂત અમેરિકી અર્થતંત્ર અને ઊંચા વ્યાજ દરો: અમેરિકામાં બેરોજગારીનો દર ઘટ્યો છે અને ત્યાંનું અર્થતંત્ર મજબૂત દેખાઈ રહ્યું છે. આ કારણે દુનિયાભરના રોકાણકારોને લાગી રહ્યું છે કે અમેરિકામાં વ્યાજ દરો હજુ ઊંચા રહેશે. વધુ નફાની લાલચમાં રોકાણકારો પોતાના પૈસા અમેરિકન બેંકો અને બોન્ડ્સમાં રોકી રહ્યા છે, જેનાથી સમગ્ર દુનિયામાં ડોલરની મજબૂતી વધી ગઈ છે.

સીઆર ફોરેક્સ એડવાઈઝર્સના મેનેજિંગ ડિરેક્ટર અમિત પાબારીનું કહેવું છે કે જો રૂપિયો 91.07ના સ્તરને પાર કરી જાય, તો તે ટૂંક સમયમાં 91.70 થી 92.00 સુધી પહોંચી શકે છે. જોકે, ભારતીય રિઝર્વ બેંક (RBI) સમય-સમય પર બજારમાં હસ્તક્ષેપ કરી રહી છે જેથી રૂપિયો અચાનક ખૂબ વધારે ન ઘટી જાય. હાલમાં રૂપિયા માટે 90.30 થી 90.50નું સ્તર એક મજબૂત સપોર્ટનું કામ કરી શકે છે.

રૂપિયામાં ઘટાડાનો અર્થ એ છે કે ભારત માટે વસ્તુઓનું ઈમ્પોર્ટ મોંઘું થશે. આ ઉપરાંત વિદેશમાં ફરવું અને ભણવું પણ મોંઘું થઈ ગયું છે.

ધારો કે જ્યારે ડોલર સામે રૂપિયાની કિંમત 50 હતી, ત્યારે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓને 50 રૂપિયામાં 1 ડોલર મળી જતો હતો. હવે 1 ડોલર માટે વિદ્યાર્થીઓને 91 રૂપિયા ખર્ચ કરવા પડશે. આનાથી વિદ્યાર્થીઓ માટે ફીથી લઈને રહેવા-જમવા અને અન્ય વસ્તુઓ મોંઘી થઈ જશે.

ડોલરની સરખામણીમાં અન્ય કોઈ પણ કરન્સીની કિંમત ઘટે તો તેને ચલણનું ઘટવું, તૂટવું, નબળું પડવું કહેવાય છે. અંગ્રેજીમાં તેને કરન્સી ડેપ્રિસિયેશન કહેવાય છે.

દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી તે ઈન્ટરનેશનલ વ્યવહારો કરે છે. ફોરેન રિઝર્વના ઘટવા અને વધવાની અસર કરન્સીની કિંમત પર દેખાય છે.

જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર, અમેરિકાના રૂપિયાના ભંડાર બરાબર હશે તો રૂપિયાની કિંમત સ્થિર રહેશે. આપણી પાસે ડોલર ઘટે તો રૂપિયો નબળો પડશે, વધે તો રૂપિયો મજબૂત થશે.

# ભારત કોકિંગ કોલના શેર પર 96%નો નફો: ₹23નો શેર ₹45 પર લિસ્ટ થયો, IPO 143 ગણો સબસ્ક્રાઇબ થયો હતો

**મુંબઈ, તા.20**

ભારત કોકિંગ કોલ (BCCL) ની શેરબજારમાં આજે એટલે કે 19 જાન્યુઆરીએ 96% પ્રીમિયમ સાથે લિસ્ટિંગ થઈ. કંપનીનો શેર નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર 45 પર લિસ્ટ થયો, જે તેની 23ની ઇશ્યૂ પ્રાઇસ કરતાં 95.65% વધુ છે. જ્યારે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર તે 95.65% ઉપર 45.21 પર લિસ્ટ થયો.

જોકે, આ પછી તેનો શેર થોડો નીચે આવ્યો અને NSE પર તે 76.78% ના વધારા સાથે 40.66 રૂપિયા પર બંધ થયો. જ્યારે BSE પર 75.13% વધીને 40.28 રૂપિયા પર બંધ થયો. કંપનીએ આ પબ્લિક ઇશ્યૂ દ્વારા 1,071.11 કરોડ એકત્ર કર્યા છે.

માર્કેટ એક્સપર્ટ્સનું કહેવું છે કે 96% નું પ્રીમિયમ અપેક્ષા કરતાં ઘણું સારું છે. જે રોકાણકારોએ ફક્ત લિસ્ટિંગ ગેઈન માટે પૈસા લગાવ્યા હતા, તેઓ પોતાનો નફો વસૂલ એટલે કે પ્રોફિટ બુકિંગ કરી શકે છે.

જોકે, જે લાંબા ગાળાના રોકાણકારો છે, તેઓ સ્ટીલ સેક્ટરમાં કોલસાની વધતી માંગને જોતા તેમાં જાળવી રાખી શકે છે. લિસ્ટિંગ સમયે કોલ ઇન્ડિયાના શેરોમાં નજીવો ઘટાડો જોવા મળ્યો.

BCCLના IPOને ત્રણ દિવસમાં કુલ 143.85 ગણું સબસ્ક્રિપ્શન મળ્યું હતું. જ્યારે રિટેલ કેટેગરીમાં તેને 49.37 ગણું સબસ્ક્રાઇબ કરવામાં આવ્યું હતું. આ IPO 9 જાન્યુઆરીથી સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો.

આ કોલ ઇન્ડિયાની સબસિડિયરી કંપની છે. આ કંપની સ્ટીલ સેક્ટર માટે જરૂરી 'કોકિંગ કોલ' બનાવે છે. અગાઉ તેની લિસ્ટિંગ 16 જાન્યુઆરીએ થવાની



હતી, જેને મુલતવી રાખવામાં આવી હતી.

આ આખો IPO 'ઓફર ફોર સેલ' (OFS) હતો, એટલે કે તેના દ્વારા મળેલા પૈસા સીધા પ્રમોટર કંપની કોલ ઇન્ડિયા પાસે જશે. આ ઇશ્યૂ સબસ્ક્રિપ્શન માટે 13 જાન્યુઆરી સુધી ખુલ્લો રહ્યો હતો.

આ 'ઓફર ફોર સેલ' છે. એટલે કે તમે જે પૈસા રોકશો તે કોલ ઇન્ડિયા પાસે જશે, કંપની પાસે બિઝનેસ વધારવા માટે નહીં. જ્યારે સરકારી કંપનીઓનું પ્રદર્શન સરકારી નીતિઓ અને વૈશ્વિક બજારમાં કોલસાની કિંમતો પર આધાર રાખે છે.

કંપનીનું કામકાજ કેટલાક ખાસ ભૌગોલિક વિસ્તારો (ઝરિયા અને રાણીગંજ) સુધી જ સીમિત છે. આવા સંજોગોમાં ત્યાં કોઈપણ પ્રકારની પર્યાવરણીય કે રેગ્યુલેટરી અડચણ આવતા ઉત્પાદન પર સીધી અસર પડી શકે છે. આની કંપની પર નકારાત્મક અસર થઈ શકે છે.

નાણાકીય મોરચે કંપનીનું પ્રદર્શન સ્થિર રહ્યું છે. નાણાકીય વર્ષ 2025માં કંપનીની આવક આશરે 13,803 કરોડ અને નફો 1,564 કરોડ રહ્યો. કંપનીની સૌથી મોટી તાકાત એ છે કે તે સંપૂર્ણપણે દેવામુક્ત (Debt-Free) છે અને તેની પાસે ભારે રોકડ પ્રવાહ છે.

નાણાકીય વર્ષ 2025ના આંકડા મુજબ, BCCLનો ઘરેલું ઉત્પાદનમાં હિસ્સો 58.50% છે. 1 એપ્રિલ 2024 સુધીમાં કંપની પાસે આશરે 7,910 મિલિયન ટન કોલસાનો ભંડાર હતો. કંપની મુખ્યત્વે સ્ટીલ અને પાવર સેક્ટર માટે કોલસો તૈયાર કરે છે.

કંપનીએ 2021 થી 'હેવી અર્થ મૂવિંગ મશીનરી' (HEMM) નો ઉપયોગ વધારીને તેની ક્ષમતામાં વધારો કર્યો છે. વર્તમાનમાં કંપની 34 ખાણોનું સંચાલન કરી રહી છે. કંપની ઝરિયા અને રાણીગંજ કોલફિલ્ડના કુલ 288.31 ચોરસ કિલોમીટરના લીઝ એરિયામાં ફેલાયેલી છે.

સામાન્ય કોલસાનો ઉપયોગ મોટાભાગે વીજળી બનાવવા માટે થાય છે, પરંતુ કોકિંગ કોલનો ઉપયોગ સ્ટીલ બનાવવાની ભટ્ઠીઓમાં કરવામાં આવે છે. ભારત તેની જરૂરિયાતનો ઘણો કોકિંગ કોલ આયાત કરે છે, આવા સંજોગોમાં BCCL જેવી સ્થાનિક કંપનીની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે.

# ટાટા કેપિટલને ત્રીજા ક્વાર્ટરમાં 1,285 કરોડનો નફો: વાર્ષિક ધોરણે 39%નો વધારો, કમાણી 7% વધીને ₹5,786 કરોડ થઈ

**મુંબઈ, તા.20**

ટાટા ગ્રુપની નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) ટાટા કેપિટલને નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરમાં 1,285 કરોડ રૂપિયાનો નફો થયો છે. વાર્ષિક ધોરણે તેમાં 39%નો વધારો થયો છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં કંપનીને 922 કરોડ રૂપિયાનો નફો થયો હતો.



જ્યારે કંપનીની કમાણીમાં 7%નો વધારો થયો છે. ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં જિયો ફાઈનાન્સિયલે 5,786 કરોડ રૂપિયાની કમાણી કરી છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં આ આંકડો 5,375 કરોડ રૂપિયા હતો.

કુલ બિઝનેસ 2.34 લાખ કરોડને પાર: કંપનીએ તેની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM) માં 26%નો વધારો નોંધાવ્યો છે. હવે કંપની કુલ 2,34,114 કરોડનું ફંડ મેનેજ કરી રહી છે. આમાં સૌથી વધુ 60% હિસ્સો રિટેલ લોન (જેમ કે હોમ લોન અને પર્સનલ લોન)નો છે. વ્યાજમાંથી થતી કમાણીમાં વધારો: કંપનીની નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ (NII) એટલે કે વ્યાજમાંથી થતી ચોખ્ખી કમાણી 26% વધીને 2,936 કરોડ પર પહોંચી ગઈ છે. ગયા વર્ષે આ જ સમયે તે ઘણી ઓછી હતી.

લોનની ગુણવત્તા મજબૂત: ખરાબ લોન (NPA)ના કિસ્સામાં કંપનીની સ્થિતિ સ્થિર છે. ગ્રોસ NPA 1.6% અને નેટ NPA 0.6% પર યથાવત છે, જેનો અર્થ છે કે કંપની દ્વારા આપવામાં આવેલી લોનની વસૂલાત યોગ્ય રીતે થઈ રહી છે. ટાટા સન્સ, ટાટા કેપિટલની હોલ્ડિંગ કંપની છે. તેની પાસે ટાટા કેપિટલમાં લગભગ 93% હિસ્સેદારી છે. બાકીની હિસ્સેદારી ટાટા ગ્રુપની અન્ય કંપનીઓ અને ટ્રસ્ટો પાસે છે.

ટાટા કેપિટલને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) તરફથી અપર લેયર NBFC (નોન બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની)નો દરજ્જો મળ્યો છે.

ટાટા કેપિટલ લિમિટેડની સત્તાવાર સ્થાપના 8 માર્ચ 1991 ના રોજ થઈ હતી. શરૂઆતમાં તેનું નામ 'પ્રાઈમલ ઈન્વેસ્ટમેન્ટ્સ એન્ડ ફાઈનાન્સ લિમિટેડ' હતું. કંપનીએ તેની લોન આપવાની મુખ્ય પ્રવૃત્તિઓની શરૂઆત સપ્ટેમ્બર 2007માં કરી હતી. કંપનીએ વર્ષ 2025માં પોતાનો IPO લોન્ચ કર્યો અને તેના શેર 13 ઓક્ટોબર 2025 ના રોજ ભારતીય શેરબજાર પર લિસ્ટ થયા.

# નવો ઈન્કમ ટેક્સ કાયદો 1 એપ્રિલ 2026થી લાગુ થશે: એસેસમેન્ટ યરની જગ્યાએ ટેક્સ યર આવશે

**નવી દિલ્હી, તા.20**

કેન્દ્ર સરકારે જૂના ઈન્કમ ટેક્સ એક્ટ 1961 ને બદલીને નવો ઈન્કમ ટેક્સ એક્ટ 2025 લાવ્યો છે, જે 1 એપ્રિલ 2026 થી લાગુ થશે. તેમાં સૌથી મોટો બદલાવ 'એસેસમેન્ટ યર' અને 'પ્રીવિયસ યર' ની જગ્યાએ 'ટેક્સ યર' નો ઉપયોગ થશે. તેનાથી સામાન્ય ટેક્સપેયરને ITR ફાઈલ કરવામાં ઓછું કન્ફ્યુઝન થશે, કારણ કે ઈન્કમ કમાવવાનું વર્ષ અને ટેક્સ રિપોર્ટ કરવાનું વર્ષ એક જ હશે. આ બદલાવ ટેક્સ સિસ્ટમને સરળ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. હજુ સુધી ઈન્કમ ટેક્સ એક્ટ 1961 માં ઈન્કમ કમાવવાનું વર્ષ ફાઈનાન્સિયલ યર (FY) કહેવાતું હતું અને તેના પર ટેક્સનું એસેસમેન્ટ આવતા વર્ષમાં થતું હતું, જેને એસેસમેન્ટ યર (AY) કહેવામાં આવતું હતું. ઉદાહરણ તરીકે FY 2024-25 માં કમાયેલી ઈન્કમ AY 2025-26 માં રિપોર્ટ અને એસેસ થતી હતી. આ કારણે સામાન્ય માણસને સમજવામાં મુશ્કેલી થતી હતી કે ઈન્કમ કયા વર્ષની છે અને એસેસમેન્ટ કયા વર્ષનું છે. નવા કાયદામાં 'ટેક્સ યર'ને આવક કમાવવા અને રિપોર્ટ કરવા માટે એક જ વર્ષ ગણવામાં આવશે. એટલે કે, આવક જે વર્ષે કમાવવામાં આવી, તે જ વર્ષે તેનો ટેક્સ ફાઈલ અને એસેસમેન્ટ થશે. તેનાથી બે અલગ-અલગ ટર્મ્સની જરૂરિયાત સમાપ્ત થઈ જશે. ટેક્સ નિષ્ણાતોનું કહેવું



છે કે નવો ઈન્કમ ટેક્સ એક્ટ 2025 'ટેક્સ યર'નો કોન્સેપ્ટ લાવી રહ્યો છે. આ 'પ્રીવિયસ યર' અને 'એસેસમેન્ટ યર'ને 1 એપ્રિલ 2026થી બદલી નાખશે. સામાન્ય માણસ માટે એસેસમેન્ટ યર સમજવું મુશ્કેલ હતું, જેમ કે FY 2024-25ની આવક AY 2025-26માં જતી હતી. હવે ટેક્સ યરથી સમજવું સરળ થઈ જશે. નવી વ્યવસ્થામાં આવક જે ટેક્સ યરમાં કમાવવામાં આવી, તે જ યરમાં ITR ફાઈલ થશે. ટેક્સ રેટ્સ કે સ્લેબમાં કોઈ ફેરફાર નથી, ફક્ત ટર્મિનોલોજી અને પ્રોસેસ સરળ બનશે. નિષ્ણાતોનું કહેવું છે કે નવો એક્ટ 'ટેક્સ યર'ને 'એસેસમેન્ટ યર'ની જગ્યાએ લાવી રહ્યો છે. ટેક્સ યર આવક સાથે સંકળાયેલા ફાઈનાન્સિયલ યર સાથે મેચ કરશે, જૂનો ગેપ સમાપ્ત થઈ જશે. ટેક્સપેયર્સને આ નવા ટર્મથી પરિચિત થવું જોઈએ. આ ફેરફાર 1 એપ્રિલ 2026 થી લાગુ થશે, તેથી તેની સંપૂર્ણ અસર ITR ફાઈલિંગ 2026-27 (ટેક્સ વર્ષ 2026-27) થી દેખાશે. પરંતુ 2025-26 ના ITR માં પણ ફોર્મ્સની ભાષા બદલાઈ શકે છે. નોટિસ, એસેસમેન્ટ અને બીજા ડોક્યુમેન્ટ્સમાં 'ટેક્સ વર્ષ' લખવામાં આવશે. તેનાથી ટેક્સ કમ્યુનિકેશન વધુ સ્પષ્ટ અને સીધું થઈ જશે. સરળ શબ્દોમાં કહીએ તો, હવે 'ગયા વર્ષની આવક, આવતા વર્ષે એસેસમેન્ટ' વાળી મૂંઝવણ સમાપ્ત થઈ જશે. આવક અને ટેક્સ ફાઈલિંગનું વર્ષ એક જ હશે. નવા ટેક્સ ફાઈલ કરનારાઓ માટે સિસ્ટમ વધુ યુઝર ફ્રેન્ડલી બનશે. સરકારનું આ પગલું ટેક્સ કમ્પ્લાયન્સને સરળ બનાવવા અને ટેક્સપેયર ફ્રેન્ડલી સિસ્ટમ બનાવવા માટે મહત્વપૂર્ણ છે.

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**SLR/VP લીઝિંગ ના કરાર માટે ઈ-હરાજી**

'SLR/VP લીઝિંગ' ના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલાથી જ ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવ્યો છે.વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

| કેટલોગ નંબર અને તારીખ | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નંબર | લોટ શરૂ થવાની તારીખ અને સમય | કોન્ટ્રાક્ટ સમયગાળો |
|---|---|---|---|---|
| E-SLR-14-25-26, તારીખ: 19/01/2026 | SLR/VP નું લીઝિંગ | 1) 16734-SLR-R1, 2) 22937-SLR-F1, 3) 22937-SLR-R1, 4) 22960-SLR-R1, 5) 22905-22906-VP-1 | બધા લોટ માટે ઈ-ઓક્શન 03-02-26 ના રોજ 12:00 કલાકે શરૂ થશે. | 03 વર્ષ |

ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલવે , વિભાગ: વાણિજ્યિક, રાજકોટ મંડળના શીર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT 188

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# અમદાવાદની શાળાના વિદ્યાર્થી પર હુમલા બાદ ટ્રસ્ટી આસપાસ બાઉન્સર ગોઠવાયા

## ABVPએ રોકડું પરખાવતા કહ્યું- સોમવારે વિદ્યાર્થી પર હુમલો થયો ત્યારે બાઉન્સરો ક્યાં ગયા હતા?

**અમદાવાદ, તા.20**

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી નેશનલ સ્કૂલમાં ધોરણ 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર અન્ય કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલો હુમલો શિક્ષણવર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે AVBP (અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ)ના કાર્યકર્તાઓ વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા શાળા પર પહોંચ્યા હતા અને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ સમયે શાળાના ટ્રસ્ટી આસપાસ બે બાઉન્સર જોવા મળતા એબીવીપીએ સવાલ કર્યો હતો કે, ગઈકાલે જ્યારે વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણ થયું ત્યારે આ બાઉન્સરો ક્યાં હતા? શાળાના ટ્રસ્ટીઓએ પોતાની સુરક્ષાના બદલે વિદ્યાર્થીઓની સુરક્ષા માટે બોડીગાર્ડ રાખવા જોઈએ.

ગઈકાલે (સોમવારે) 11 વાગ્યા આસપાસ ધોરણ 10ના વિદ્યાર્થીને અન્ય કેટલાક વિદ્યાર્થીઓ અને અન્ય શખ્સોએ હુમલો કર્યો હતો. જેમાં ધોરણ 10ના વિદ્યાર્થીને માથામાં ભાગે કડુ વાગતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જેથી શાળામાં અને શાળા બહાર વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને સવાલ ઉભા થઈ રહ્યા છે. જેથી શાળામાં વિદ્યાર્થીની સુરક્ષા જળવાય તે માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શાળા પર નારાબાજી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ન્યાય આપો ન્યાય આપોના નારા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓએ લગાવ્યા હતા.

તેમજ નારા બાજી કરી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આવેદનપત્ર આપવા માટે ટ્રસ્ટીની ઓફિસ પાસે પહોંચ્યા હતા. જે દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓએ ગંભીર આક્ષેપ કર્યા હતા. સ્કૂલ ડમી વિદ્યાર્થીઓથી ચાલતી હોવાનો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ગંભીર આક્ષેપ કર્યો છે. જે દરમિયાન એક શિક્ષક એવું કહ્યું હતું કે, સ્કૂલ ડમી ભલે હોય પરંતુ અમે વિદ્યાર્થીઓને સુરક્ષાની ચિંતા કરીએ છીએ. શિક્ષક આ પ્રકારનું નિવેદન આપતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ આક્રમક થઈ ગયા હતા. જે બાદ ટ્રસ્ટીને આવેદનપત્ર આપી ત્રણ પ્રકારની માંગણી કરી હતી. હુમલાની ઘટનામાં સંડોવાયેલા વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે, શાળામાં સીસીટીવી અને વિદ્યાર્થીઓને સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે અને વિદ્યાર્થીઓના કાઉન્સેલિંગ માટે મનોચિકિતની નિમણૂક કરવામાં આવે. જો આ વ્યવસ્થા નહીં કરવામાં આવે તો ઉગ્ર વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

આવેદનપત્ર સ્વીકારવા માટે જ્યારે ટ્રસ્ટી ઓફિસની બહાર નીકળ્યા ત્યારે તેમની સાથે બે બોડીગાર્ડ પણ જોવા મળ્યા હતા. આવેદનપત્ર સ્વીકાર્યા બાદ ટ્રસ્ટી



પોતાના ઓફિસમાં જતા રહ્યા હતા તે બાદ પણ બોડીગાર્ડ તેમની ઓફિસની બહાર જ પહેરો રાખીને ઉભેલા જોવા મળ્યા હતા. જે બાદ બીજી વખત ટ્રસ્ટી જ્યારે મીડિયા બાઈટ આપવા માટે બહાર નીકળ્યા ત્યારે પણ બોડીગાર્ડ તેમની સાથે આવતા હોવાથી ટ્રસ્ટીએ તેમને રોક્યા હતા. સ્કૂલના ટ્રસ્ટીએ મીડિયાને સામે જોતા જ બોડીગાર્ડને ઈશારો કરી દૂર હટી જવા આદેશ કર્યો હતો. જેને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓએ કહ્યું હતું કે બોડીગાર્ડ પોતાની સુરક્ષા માટે નહીં પરંતુ વિદ્યાર્થીઓની સુરક્ષા માટે રાખવા જોઈએ.

ABVP કર્ણાવતી મહાનગર સહમંત્રી પ્રિયમ ભાટીયાએ જણાવ્યું હતું કે, ગઈકાલે ધોરણ 10માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી પરીક્ષા પૂર્ણ થયા બાદ સ્કૂલની બહાર નીકળે છે ત્યારે અમુક વિદ્યાર્થીઓ અને અસામાજિક તત્વો દ્વારા તેને ઢોર મારવામાં આવે છે. તેથી આજે શાળામાં આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જે ઘટના બની છે તેના પર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. તે પણ અસામાજિક તત્વો છે તેના પર કડક ઉદાહરણરૂપ કાર્યવાહી કરવી જોઈએ. વિદ્યાર્થીઓની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ.

વધુમાં પ્રિયમ ભાટીયાએ જણાવ્યું હતું કે, તેમજ સુરક્ષા વ્યવસ્થાની પણ અહીંયા અછત જોવા મળી રહી છે તેથી તે પૂરતી વ્યવસ્થા કરવામાં આવે તેવી અમારી માગણી છે. વિદ્યાર્થીઓ ઈન્સ્ટાગ્રામના કારણે ખોટા રવાડે ચડી રહ્યા છે. જેથી મનોવિજ્ઞાનિક કાઉન્સિલરની ભરતી કરવામાં આવે તેવી પણ અમારી માંગણી છે. આ પ્રકારની ઘટના બીજી વખત ન બને તેની તકેદારી રાખવામાં આવે તેવી અમારી માંગણી છે. જો ફરી આ પ્રકારની ઘટના બનશે તો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ઉગ્રમાં ઉગ્ર રજૂઆત કરશે તેની સંપૂર્ણ જવાબદારી શાળાની રહેશે.


ટ્રસ્ટી સાથે બોર્ડીગાર્ડ સાથે જોઈને પ્રિયમ ભાટીયાએ જણાવ્યું હતું કે, આજે આવેદનપત્ર આપવા માટે આવ્યા ત્યારે સુરક્ષા વ્યવસ્થા દેખાડવા માટે બે બોડીગાર્ડ રાખવામાં આવ્યા હતા. પરંતુ વિદ્યાર્થી પર જ્યારે હુમલો થયો ત્યારે આ બોર્ડીગાર્ડ ક્યાં હતા ? તીક્ષ્ણ હથિયારથી હુમલો થયો ત્યારે બોર્ડીગાર્ડ ક્યાં જતાં રહ્યા હતા ? બોર્ડીગાર્ડ પોતાની સુરક્ષા માટે નહીં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે રાખવા જોઈએ. સ્કૂલ પણ ડમી ચાલે છે. ડમી સ્કૂલમાં વિદ્યાર્થી માત્ર પરીક્ષા આપવા માટે જ આવે છે. જ્યારે અમે રજૂઆત કરી ત્યારે એક શિક્ષક જ બોલ્યા કે ડમી સ્કૂલ ભલે રહી પરંતુ વિદ્યાર્થીઓની સુરક્ષા અમે રાખીએ છીએ.

નેશનલ સ્કૂલના ટ્રસ્ટી રમેશ અમીને જણાવ્યું હતું કે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા માંગણી કરવામાં આવી છે વિદ્યાર્થીઓની સુરક્ષા જળવાય તે પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવે. જેથી અમે જે બે સિક્યુરિટી રાખ્યા છે તે અમે તેમને બોલાવ્યા છે. શાળા દ્વારા હવે વિદ્યાર્થીઓનું કડક ચેકિંગ કરવામાં આવશે. સ્કૂલ છૂટ્યા સમયે શિક્ષકોને બહારના ભાગમાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે રાખવામાં આવશે. ડમી સ્કૂલના આક્ષેપ ખોટા છે. સ્કૂલ દ્વારા શિષ્ટ સમિતિની રચના પણ કરવામાં આવી છે. જેમાં વાલી, શિક્ષક, આચાર્ય અને વિદ્યાર્થીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો મોનિટરિંગ પણ કરવામાં આવે છે. દર અઠવાડિયે અમે મોનિટરિંગ કરીએ છીએ. શાળામાં તમામ સીસીટીવી ચાલુ હાલતમાં છે.

# અમદાવાદના વટવા તળાવમાં મેગા ડિમોલિશન: 450 દબાણ હટાવી 34,885 ચોમી જગ્યા ખુલ્લી કરાઈ, આશરો તૂટતાં મહિલાનાં અશ્રુ વહ્યાં

**અમદાવાદ, તા.20**

રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તગત આવેલાં તળાવોમાંથી દબાણો દૂર કરીને એને ડેવલપમેન્ટ કરવાની પ્રક્રિયા સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. અમદાવાદમાં ચંડોળા અને ઈસનપુર તળાવમાંથી ગેરકાયદે દબાણો દૂર કરાયાં બાદ આજે 20 જાન્યુઆરીના રોજ શહેરના વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવમાં રહેલા 420 રહેણાક અને 30 કોમર્શિયલ દબાણો દૂર કરાયાં હતાં. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને 3 કલાકમાં એક મસ્જિદ અને બે મંદિર એમ કુલ ત્રણ ધાર્મિક સ્થાન સિવાયનાં તમામ બાંધકામોને તોડી પાડ્યાં હતાં.





કુલ 4 ફેઝમાં 8 ટીમે ડિમોલિશન કામગીરી શરૂ કરી હતી. શહેરના ઝોન 6 પોલીસ સ્ટેશનના 500 જવાન અને કોર્પોરેશનના 300 અધિકારી-કર્મચારી આ કામગીરીમાં જોડાયા હતા. 10 હિટાચી મશીન અને 5 JCB મશીન તેમજ શ્રમિકોની મદદથી આ કામગીરી કરાઈ હતી, સાથે જ વિસ્થાપિત પરિવારો માટે કોર્પોરેશને વૈકલ્પિક વ્યવસ્થા કરી હતી.

વાંદરવટ તળાવના દબાણો દૂર થવાથી 28,227 ચોરસ મીટર જેટલી તળાવની જગ્યા તેમજ તળાવની બાજુમાં આવેલા AMCને ટી.પી.સ્કીમ અંતર્ગત પ્રાપ્ત થતાં “બગીચા” ના હેતુ માટેના રિઝર્વ ફા.પ્લોટ નં.66ની 6658 ચો.મી. તથા વાંદરવટ તળાવની ફરતે આવેલા 18 મી. તથા 24 મી. પહોળાઈના ટી.પી રોડ પરથી 190 કાચા/પાકા દબાણો દૂર કરી કુલ 34,885 ચો.મી તળાવ તથા રિઝર્વ પ્લોટની જગ્યા તથા 770 મીટર લંબાઈનો ટી.પી રોડ ખુલ્લા કરવામાં આવ્યા છે. અસરકર્તા પૈકી કુલ 75 જેટલા જરૂરીયાતમંદ વિસ્થાપીતોને લાંભા તથા નારોલના શેલ્ટર હાઉસમાં એએમટીએસની બસો મારફતે શિફ્ટ કરવામાં આવ્યા છે.

આગામી દિવસોમાં તળાવની જગ્યામાંથી ડેબ્રિઝ/કાટમાળ દૂર કર્યા બાદ તળાવના વિકાસની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. આગામી સમયમાં તળાવના ઈન્ટરલીંકીગ પ્રોજેક્ટ અંતર્ગત વાંદરવટ તળાવ, મહાલક્ષ્મી તળાવ તથા રોપડા તળાવનાં જોડાણની કામગીરીથી સદર લો લાયીંગ એરીયામાં ભરાતા પાણીની સમસ્યા તથા ખુલ્લા થયેલા રોડથી ટ્રાફીકની સમસ્યાનુ નિવારણ થશે.

# કરોડોના બિટકોઈન હેરાફેરી કેસમાં EDની કાર્યવાહી: શૈલેષ ભટ્ટ અને નલિન કોટડીયાના પરિવારજનોની ધરપકડ, ચાર દિવસના રિમાન્ડ મંજૂર

**અમદાવાદ, તા.20**



સુરતના કરોડોના બિટકોઈન હેરાફેરી કેસમાં દ્વારા શૈલેષ ભટ્ટના ભત્રીજા નિકુંજ ભટ્ટ અને નલિન કોટડીયાના સબંધી સંજય કોટડીયાની ધરપકડ કરવામાં આવી છે. તેઓને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરીને 10 દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. જેમાં તેઓના 4 દિવસના રિમાન્ડ અમદાવાદ ગ્રામ્ય કોર્ટે મંજૂર કર્યા છે. 240 કરોડથી વધુના બિટકોઈન અને ક્રિપ્ટો કરન્સીની હેરફેર મામલે આ ધરપકડ કરવામાં આવી છે.

ભારતમાં નોટબંધી બાદ લોકોએ ક્રિપ્ટો કરન્સીમાં રૂપિયા રોકવાનું શરૂ કર્યું હતું. ત્યારે સુરતમાં બીટ કનેક્ટ નામની કંપનીએ ક્રિપ્ટો કરન્સીમાં લોકોના રૂપિયાનું રોકાણ તે સમયે શરૂ કર્યું હતું. તે પૈકી બિલ્ડર શૈલેષ ભટ્ટે પણ પોતાની કમાણી તેની અંદર રોકી હતી પરંતુ આ કંપનીએ તાળા મારી દીધા હતા અને લોકોના પૈસા ડૂબ્યા હતા. જેને લઈને શૈલેષ ભટ્ટે પોતાના મળતિયાઓને સાથે રાખીને બીટ કનેક્ટ લિમિટેડના કર્મચારી અને હોદ્દેદારનું અપહરણ કર્યું હતું અને તેમની પાસેથી બીટકોઈન, લાઈટ કોઈન તેમજ કરોડો રૂપિયા પડાવી લીધા હતા. તે સમયે કેટલાક પોલીસ અધિકારીઓએ શૈલેષ ભટ્ટને પકડીને તેની પાસેથી પણ તોડ કર્યો હોવાનું અને તેમાં પૂર્વ MLA નલિન કોટડીયાનું નામ પણ તે સમયે ગાજ્યું હતું. જેઓને આજીવન કારાવાસની સજા પણ અમદાવાદ સેશન્સ કોર્ટે ફટકારી હતી.

# ટાઈલ્સ બનાવવાના પાવડરની આડમાં રાજસ્થાનથી મોરબી દારૂની હેરાફેરી: SG હાઇ-વે પરથી ત્રણની ધરપકડ કરી, દારૂ-ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત

**અમદાવાદ, તા.20**

અમદાવાદમાં લાકડાના ભૂસા અને ટ્રાન્સપોર્ટમાં આવેલા દારૂ બાદ હવે સોલા પોલીસે એસ. જી. હાઈવે પર એક ટ્રકમાંથી ટાઈલ્સ બનાવવાના પાવડરમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બાતમીને આધારે તપાસ કરતા એક ટ્રકમાં ટાઈલ્સ બનાવવાના પાવડરના કટ્ટા નીચે છુપાવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો મળ્યો હતો. પોલીસે 19.07 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખસની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં આ દારૂ મોરબી જતો હોવાનું સામે આવ્યું છે.



સોલા પોલીસની ટીમને બાતમી મળી હતી કે, એક ટ્રક વૈષ્ણોદેવી બ્રિજ તરફથી વિદેશી દારૂ ભરીને સરખેજ તરફ જઈ રહ્યો છે. જેના આધારે પોલીસે સોલાબ્રિજના છેડે વોચ ગોઠવીને ટ્રકમાં તપાસ કરી હતી. જ્યારે ટ્રકને ઊભી રખાવી તે વખતે તેમાં સવાર 3 શખસે પોલીસને જણાવ્યું હતું કે, ટ્રકમાં ટાઈલ્સ બનાવવાનો પાવડર ભરેલો છે અને તેઓ તેને મોરબી લઈ જઈ રહ્યા છે. જોકે, પોલીસને શંકા જતાં બે-ત્રણ કટ્ટા હટાવવામાં આવ્યા, ત્યારે નીચેથી પ્લાસ્ટિકના બોક્સમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી 3.97 લાખનો વિદેશી દારૂ,ટ્રક, 3 મોબાઈલ ફોન અને 800 નંગ પાવડરના કટ્ટા સહિત કુલ 19,07,080નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે રાજસ્થાનના ટ્રક ડ્રાઈવર કૈલાશચંદ્ર ધનપાલ કોટેડ, જીવતરામ કાવા ઔતા અને અલ્પેશ બંસીરામ મીણાની ધરપકડ કરી છે. આ ત્રણેયએ પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું છે કે, આ દારૂનો જથ્થો રાજસ્થાનના ખેરવાડાના હીરા કલાસવા દ્વારા મોકલવામાં આવ્યો હતો અને તે મોરબી ખાતે પહોંચાડવાનો હતો. આ પછી હાલ સોલા પોલીસે દારૂ મોકલનાર અને મંગાવનાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં માવઠાની આગાહી: અઠવાડિયામાં 3 વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની સંભાવના...

ગાંધીનગર, તા.20

ઉત્તર ભારતમાં હવામાન ફરી એકવાર પલટો લેવાની તૈયારીમાં છે, જેના કારણે આગામી દિવસોમાં રાજ્યમાં હવામાનમાં પલટો આવશે. ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, 20 જાન્યુઆરી સુધી ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં કડકડતી ઠંડી અને ઘન ધુમ્મસ યથાવત્ રહેશે. ત્યારબાદ પશ્ચિમી વિક્ષેપ એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની શક્યતા છે.



હવામાન વિભાગે માહિતી આપી છે કે, આગામી એક અઠવાડિયામાં ત્રણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની સંભાવના છે, જેના કારણે પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. આ અસર હેઠળ જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતના હવામાન પર પણ પડી શકે છે. જોકે, હવામાન વિભાગની સત્તાવાર આગાહી મુજબ રાજ્યમાં હવામાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા હાલ દેખાતી નથી.

રાજ્યના વિવિધ વિસ્તારોના લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો-ઘટાડો નોંધાયો છે. આજે નલિયા 10.8 ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું છે. જ્યારે પોરબંદર, રાજકોટ અને અમરેલીમાં પણ વધુ ઠંડી નોંધાઈ છે. હાલમાં રાજ્યમાં ઠંડી યથાવત્ છે અને આગામી દિવસોમાં કમોસમી વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. જો વાદળછાયું વાતાવરણ થશે તો રાજ્યમાં ઠંડીનું જોર વધશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

